અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ જૂન ૨૦૨૫, રવિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ સુદ ૧૨ | અંક : ૩૩૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ત્રીજા પક્ષ અંગે મસ્કની જાહેરાત, નામ આપ્યું - ધ અમેરિકા પાર્ટી

### મસ્ક દ્વારા ત્રીજા પક્ષની જાહેરાત હજુ તો માત્ર વિચાર જ છે, પરંતુ લોકો માની રહ્યા છે કે આ અમેરિકાના રાજકારણમાં એક નવા યુગની શરૂઆત છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

અમેરિકામાં અત્યારે મોટો પોલિટિકલ ડ્રામા ચાલી રહ્યા છે. છેલ્લા ૯ ૮ મહિનાથી એકબીજાનું સમર્થન કરનારા ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્ક હવે સામસામે આવી ગયા છે. બંને એકબીજાને ખતમ કરી નાંખવાની ધમકીઓ આપી રહ્યા છે. ઈલોન મસ્કે કહ્યું છે કે હું ના હોત તો ટ્રમ્પ ક્યારેય ચૂંટણી જીત્યા જ ન હોત. એવામાં મસ્કે નવા રાજકીય પક્ષની ચર્ચા શરૂ કરી છે અને તેના નામની પણ જાહેરાત કરી નાંખી છે. ઈલોન મસ્કે ઠ પર કહ્યું છે કે તેઓ 'ધ અમેરિકા પાર્ટી' નામે નવો રાજકીય પક્ષ શરૂ કરશે. ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વિખવાદ બાદ ઈલોન મસ્કે ગઈકાલે સોશિયલ મીડિયા



પ્લેટફોર્મ ઠ પર પોલ કરી લોકોને પૂછ્યું હતું કે શું સમય આવી ગયો છે કે અમેરિકામાં હવે ત્રીજા પક્ષની શરૂઆત થાય? જે બાદ આજે મસ્કે પોલના પરિણામ રજૂ કરતાં કહ્યુ છે, કે 'પ્રજાએ પોતાનો નિર્ણય આપી દીધો છે. ૮૦ ટકા લોકો કહી રહ્યા છે કે અમેરિકામાં એક નવા રાજકીય પક્ષની જરૂર છે.' બાદમાં ઈલોન મસ્કે અન્ય એક પોસ્ટમાં લખ્યું- The America Party. અમેરિકામાં સોશિયલ મીડિયાની મદદથી ઈલોન મસ્કની પહોંચ લોકો સુધી સતત વધી રહી છે. મસ્ક દ્વારા ત્રીજા પક્ષની જાહેરાત હજુ તો માત્ર વિચાર જ છે, પરંતુ લોકો માની રહ્યા છે કે આ અમેરિકાના રાજકારણમાં એક નવા યુગની શરૂઆત છે. એવામાં જોવાનું એ રહે છે એ 'ધ અમેરિકા પાર્ટી' નામના પક્ષની સ્થાપના માટે મસ્ક બીજા શું પ્રયાસ કરે છે તથા આ જાહેરાત બાદ હવે ટ્રમ્પની પ્રતિક્રિયા શું રહેશે? નોંધનીય છે જે હજુ તો થોડા દિવસ ૩૦મી મેએ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈલોન મસ્ક એકસાથે દેખાયા હતા. વ્હાઈટ હાઉસથી મસ્કની સત્તાવાર વિદાય પ્રસંગે બંનેએ એકબીજાના વખાણ કર્યા હતા. લોકોને કોઈ અંદાજો પણ નહોતો બંને એકબીજાથી આટલી નફરત કરતાં હશે. ઈલોન મસ્કે ટ્રમ્પના 'ધ વન બિગ બ્યુટીફુલ' બિલથી વિરોધ શરૂ કર્યો. બાદ ટેરિફની પણ ટીકા કરી. આટલું જ નહીં ઈલોન મસ્કે ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકાના પ્રમુખ પદેથી હટાવવાની માંગનું પણ સમર્થન કરી નાંખ્યું.

#### મુસ્લિમ દેશોના પણ પાકિસ્તાન વિરોધી સૂર

## ચીને પણ પાકિસ્તાનનો છોડ્યો સાથ, BRICS ના મંચ પરથી પ્રહાર

### પહલગામ હુમલાની કડક નિંદા કરવામાં આવી હતી અને આતંકવાદ સામેની લડતમાં ભારતને ટેકો આપવામાં આવ્યો

। (એજન્સી) બ્રાઝિલિયા, તા.૭ ।

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની આંતરરાષ્ટ્રીય સ્તરે નિંદા કરવામાં આવી છે. શુક્રવારે (૬ જૂન) બ્રાઝિલિયામાં આયોજિત બ્રિક્સ સંસદીય મંચમાં આ હુમલાની સખત નિંદા કરવામાં આવી હતી અને આતંકવાદ સામે સંયુક્ત કાર્યવાહી કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ પાકિસ્તાન માટે એક મોટો ઝટકો સાબિત થયો છે, કારણ કે ચીન ઉપરાંત, ઘણા મુસ્લિમ દેશો પણ તેમાં સામેલ છે. ચીન ઉપરાંત, ઘણા મુસ્લિમ દેશો પણ બ્રિક્સ સંસદીય પેનલમાં સામેલ છે. ભારત, બ્રાઝિલ, રશિયા, ચીન, દક્ષિણ આફ્રિકા તેમજ ઈરાન, સંયુક્ત આરબ અમીરાત, ઈજિપ્ત, ઈથોપિયા અને ઈન્ડોનેશિયાના પ્રતિનિધિઓએ આ મંચમાં ભાગ લીધો હતો. લોકસભા સાંસદ ઓમ બિરલાએ બેઠકમાં ભારતનું નેતૃત્વ કર્યું હતું. ઉલ્લેખનિય છે કે, ઓપરેશન સિંદૂર પછી, ભારતે વિશ્વના વિવિધ દેશોમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળો મોકલ્યા છે, જ્યાં પાકિસ્તાનના આતંકનો પર્દાફાશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પોતાના સંબોધનમાં, ઓમ બિરલાએ કહ્યું કે, આતંકવાદ આજે એક વૈશ્વિક કટોકટી બની ગયો છે, જેનો સામનો ફક્ત આંતરરાષ્ટ્રીય સહયોગથી જ થઈ શકે છે. તેમણે ચાર મુખ્ય પગલાંની હિમાયત કરી. આમાં આતંકવાદી સંગઠનોને નાણાકીય સહાય બંધ કરવી, ગુપ્ત માહિતીની આપ-લેને વેગ આપવી, ટેકનોલોજીનો દુરુપયોગ અટકાવવા અને તપાસ અને ન્યાયિક પ્રક્રિયામાં સહયોગ વધારવા જેવા મુદ્દાઓનો સમાવેશ થાય છે. બેઠકમાં હાજર તમામ દેશોએ ઓમ બિરલાના શબ્દોને સર્વાનુમતે સ્વીકાર્યા અને અંતિમ ઘોષણામાં તેનો સમાવેશ કર્યો. લોકસભા સચિવાલયે જાહેર કરેલા નિવેદન અનુસાર, સંયુક્ત ઘોષણામાં ભારતના પહેલગામ હુમલાની સખત નિંદા કરવામાં આવી છે.

### બેંગલુરૂ નાસભાગ મામલે વિરાટ કોહલી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ થઈ

। (એજન્સી) બેંગ્લોર, તા.૭ ।

એક તરફ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર (RCB)એ તેના ઈતિહાસમાં પહેલીવાર IPL ટ્રોફી ઉપાડી તેનો આનંદ હતો અને બીજી તરફ, ૪ મે ૨૦૨૫ના રોજ બેંગ્લોરના રસ્તાઓ પર આ જ ઉજવણી માતમમાં ફેલાઈ. ટીમની વિજય પરેડ દરમિયાન ભીડ અચાનક બેકાબૂ થઈ અને ભાગદોડમાં ૧૧ લોકોએ જીવ ગુમાવ્યા જ્યારે ૩૩ લોકો ઘાયલ થયા. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ કહ્યું કે બધા ઘાયલોની સારવાર ચાલી રહી છે અને હવે તેઓ ખતરાથી બહાર છે.

### ૧ જાન્યુઆરી ૨૦૨૬થી લાગૂ થઈ શકે છે આઠમું પગાર પંચ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

સરકાર તરફથી આઠમાં પગાર પંચને લીલી ઝંડી મળી ગઈ છે. માનવામાં આવી રહ્યું છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૬થી આઠમું પગાર પંચ લાગૂ થઈ જશે. આ લાગૂ થવાની સાથે કેન્દ્રીય કર્મચારીઓને મોટો ફાયદો થશે. રિપોર્ટ્સ અનુસાર સરકાર તરફથી ફિટમેન્ટ ફેક્ટર ૨.૮૬ રહી શકે છે. પાછલા પગારપંચમાં તે ૨.૫૭ હતું. જો ફિટમેન્ટ ફેક્ટર ૨.૮૬ રહી છે તો મિનિમમ પગાર ૧૮૦૦૦ રૂપિયાથી વધી ૫૧૪૮૦ રૂપિયા થઈ જશે. તો પેન્શન ૯૦૦૦ રૂપિયાથી વધી ૨૫૭૪૦ રૂપિયા થઈ જશે. અલગ-અલગ ગ્રેડ પેના કર્મચારીઓ માટે આઠમું પગાર પંચ લાગૂ થયા બાદ અલગ-અલગ પગાર મળશે.

#### પાંચ યાત્રી અને પાયલટ સુરક્ષિત

## ઉત્તરાખંડમાં હેલિકોપ્ટરનું હાઈવે પર ઈમરજન્સી લેન્ડિંગ

### કેદારનાથ માટે બઢાસુથી ઉડાન ભરેલા હેલિકોપ્ટરને ટેકનિકલ કારણોસર ઇમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું

। (એજન્સી) કેદારનાથ, તા.૭ ।

કેદારનાથ માટે શનિવારે બઢાસુ (સિરસી) થી ઉડાન ભરેલા હેલિકોપ્ટરને ટેકનિકલ કારણોસર હાઈવે પર ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ ઈમરજન્સી લેન્ડિંગ દરમિયાન હેલિકોપ્ટરમાં સવાર તમામ ૫ મુસાફરો અને પાયલટ સુરક્ષિત છે. અકસ્માતમાં હેલિકોપ્ટરના પાછળના ભાગને નુકસાન થયું છે અને ટક્કરને કારણે હાઈવે પર પાર્ક કરેલા વાહનને પણ નુકસાન થયું છે. ઘટનાની માહિતી મળતાની સાથે જ ઉત્તરાખંડ નાગરિક ઉડ્ડયન વિકાસ સત્તામંડળ (UCADA) એ આ બાબતની



નોંધ લીધી અને નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) ને તેની જાણ કરી. અધિકારીઓએ જણાવ્યું કે આ મામલાની તપાસ શરૂ કરવામાં આવી છે. અકસ્માત સમયે હેલિકોપ્ટર કેદારનાથ યાત્રા પર હતું અને તમામ મુસાફરો યાત્રાળુઓ હોવાનું કહેવાય છે. લેન્ડિંગ પછી તરત જ બધાને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. ચારધામ યાત્રા શરૂ થયા પછી આ ચોથો હેલિકોપ્ટર અકસ્માત છે. અગાઉ પણ કેદારનાથ હેલિપેડ નજીક હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ થયું છે, જેમાં AIIMSના બે ડૉક્ટરો અને પાયલટનો માંડ માંડ બચાવ થયો હતો. વહીવટીતંત્રે ઘટનાની સંપૂર્ણ તપાસના આદેશ આપ્યા છે. નોંધનીય છે કે રુદ્રપ્રયાગના બઢાસુ વિસ્તારમાં કેદારનાથ જઈ રહેલા હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. જેના કારણે હેલિકોપ્ટરને અચાનક રસ્તા પર ઈમરન્સી લેન્ડીંગ કરવું પડ્યું. તેમાં બેઠેલા ભક્તો કેદારનાથના દર્શન કરવા જઈ રહ્યા હતા. જોકે, કોઈ મોટી દુર્ઘટના બને તે પહેલાં જ પાયલોટે સમજદારી દાખવી અને હેલિકોપ્ટરને હાઈવે પર જ ઉતારી દીધું.

### મહારાષ્ટ્રમાં ઠાકરે બંધુ વચ્ચે ગઠબંધન લગભગ નક્કી

। (એજન્સી) મુંબઈ, તા.૭ ।

મહારાષ્ટ્ર ફરી ઠાકરે બંધુ વચ્ચે ગઠબંધનની ચર્ચાઓ શરુ થઈ છે. શિવસેના યુબીટીના મુખપત્ર સામનાના પહેલા પાના પર રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેનો ફોટો છપાયેલો છે. એ પરથી જ બંને ઠાકરે ભાઈઓની આ તસવીરને મનસે અને શિવસેના યુબીટીના એક સાથે આવવાની શક્યતા તરીકે જોવામાં આવી રહી છે. સામનામાં પ્રકાશિત આ સમાચારે રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ કરી છે અને લોકોની ઉત્સુકતા વધારી છે. મુંબઈના કેટલાક વિસ્તારોમાં બંને નેતાઓના પોસ્ટર પણ લગાવવામાં આવ્યા છે.

#### કેનેડાની માર્ક કાર્ની સરકારે આમંત્રણ આપ્યું

## વડાપ્રધાન મોદીને G7 સમિટમાં આમંત્રણ અપાતા ખાલિસ્તાન સમર્થકો દ્વારા વિરોધ

### આતંકવાદી પન્નુએ કેનેડામાં પીએમ મોદીના ઉતરાણથી ટેકઓફ સુધી ૪૮ કલાકનો વિરોધ કાર્યક્રમ જાહેર કર્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કેનેડાની માર્ક કાર્ની સરકારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને G7 સમિટમાં હાજરી આપવા માટે આમંત્રણ આપ્યું છે. આ આમંત્રણથી કેનેડાના ખાલિસ્તાન સમર્થકો ગુસ્સે થયા છે. કેનેડામાં ખાલિસ્તાન સમર્થકો દ્વારા 'ભારત વિરોધી' વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે અને આ દરમિયાન પીએમ મોદીને જાનથી મારી નાખવાની ધમકી મળી છે. કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ ૧૫ થી ૧૭ જૂન દરમિયાન આલ્બર્ટામાં યોજાનારી ૪૭ સમિટ માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર



મોદીને આમંત્રણ આપ્યું છે. શુક્રવારે બંને નેતાઓએ એકબીજા સાથે ફોન પર વાત કરી હતી, જેની માહિતી પીએમ મોદીએ 'X' પર પોસ્ટ કરીને આપી હતી. ખાલિસ્તાન સમર્થકો પીએમ મોદીને આમંત્રણ આપવાનો વિરોધ કરી રહ્યા છે પરંતુ ભારતની વૈશ્વિક સ્થિતિને ધ્યાનમાં રાખીને માર્ક કાર્નીએ તેમને આમંત્રણ આપવાનો નિર્ણય લીધો છે. ખાલિસ્તાન સમર્થક આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધો તણાવ પૂર્ણ બન્યા હતા. જૂન ૨૦૨૩માં નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. જો કે, આ ઘટનાને લઈને કેનેડાના પૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ સપ્ટેમ્બર ૨૦૨૩માં નિજ્જરની હત્યામાં ભારતીય એજન્ટોનો હાથ હોવાનો આરોપ લગાવ્યો હતો. ભારતે વારંવાર આ આરોપોને નકારી કાઢ્યા હતા. ખાસ વાત એ છે કે, કેનેડા સ્થિત ઉગ્રવાદી જૂથ પ્રદર્શન દરમિયાન ભારતીય નેતાની હત્યા માટેના નારા લગાવી રહ્યા હતા.

#### અરજદારે હાઈકોર્ટના હુકમને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો

## ગંભીર ગુનાઓમાં આગોતરા જામીનના નિર્ણયમાં સાવચેતી જરૂરીઃ સુપ્રીમ કોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ગંભીર ગુનાને લગતા કેસમાં આગોતરા જામીન આપવાની પ્રક્રિયાને યાંત્રિક નહીં બનાવવા સુપ્રીમ કોર્ટે ટકોર કરી હતી. હત્યાના એક કેસમાં પટણા હાઈકોર્ટે ચાર આરોપીઓના આગોતરા જામીન મંજૂર કર્યા હતા. સુપ્રીમ કોર્ટે આરોપીઓના જામીન રદ કરી હાઈકોર્ટને ગંભીર કેસમાં આગોતરા જામીન અંગે ચુકાદો આપતી વખતે સાવચેતી રાખવા જણાવ્યુ હતું. સુપ્રીમ કોર્ટના ત્રણ જજીસની બેન્ચે હત્યા કેસના ચાર



આરોપીના આગોતરા જામીન ફગાવી દેતા નોંધ્યુ હતું કે, પટણા હાઈકોર્ટે જામીન મંજૂર કરતી વખતે કોઈ કારણ જણાવ્યું નથી. પહેલી મેના રોજ આઈપીસીની કલમ ૩૦૨ અને ૩૦૭ હેઠળ નોંધાયેલા ગુનામાં આરોપીઓને જામીન અપાયા હતા.

#### નીતિશ કુમારનું કદ મોટું રહેશે કે નહીં?

## બિહાર વિધાનસભા ચૂંટણી, NDAમાં બેઠકોની વહેંચણી નક્કી

। (એજન્સી) પટણા, તા.૭ ।

બિહારમાં આગામી વિધાનસભા ચૂંટણી માટે તૈયારી શરૂ થઈ ચુકી છે. NDA બેઠકમાં તૈયારીઓ શરૂ થઈ ચુકી છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, શરૂઆતી સમયની વાતચીત પટનામાં થઈ ચુકી છે અને હવે જલ્દી દિલ્હીમાં વાતચીત શરૂ થશે. લોકસભા ચૂંટણીના ફોર્મ્યુલા અનુસાર, NDAની સહયોગી પાર્ટીમાં ટિકિટની વહેંચણી થવાની આશા છે. જણાવી દઈએ કે, ભાજપે ૧૭, જેડીયુ ૧૬, એલજીપી ૫ અને હમ તેમજ રાષ્ટ્રીય લોક મોરચાએ એક-એક બેઠક પર ચૂંટણી લડી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, જેડીયુ ૨૪૩માંથી ૧૦૨-૧૦૩ બેઠકો પર ચૂંટણી લડી શકે છે. બાકી વધેલી ૪૦ બેઠક લોક જનશક્તિ પાર્ટી, હિન્દુસ્તાન આવામ મોરચા અને રાષ્ટ્રીય લોક મોરચાને આપવામાં આવશે. જેમાં મોટો ભાગ એલજેપીનો હશે કારણ કે, તેમના પાંચ સાંસદ છે. આ પ્રકારે આશરે ૨૫-૧૮ બેઠકો મળી શકે છે. જોકે, હમને ૬-૭ અને રાષ્ટ્રીય લોક મોરચાને ૪-૫ બેઠકો આપવામાં આવી શકે છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સહયોગી પાર્ટીમાં આ વાત પર સંમતિ બની ગઈ છે કે, ટિકિટ વહેંચણીમાં જમીની હકીકતનું ધ્યાન રાખવામાં આવશે. ઉમેદવાર નક્કી કરતા સમયે બીજા સહયોગી પાર્ટીના ઉમેદવારોના જાતિય બેકગ્રાઉન્ડનું પણ ધ્યાન રાખવામાં આવશે. જાતીય સમીકરણોને આધારે ટિકિટ આપવામાં આવશે.

#### ગોસ્વામીઓ સરકારથી નારાજ

## શ્રીકૃષ્ણના સૌથી મોટા ધામમાં કોરિડોરને લઈને વિવાદ થયો

। (એજન્સી) વૃંદાવન, તા.૭ ।

વૃંદાવનના પ્રસિદ્ધ બાંકે બિહારી મંદિર કોરિડોર પ્રોજેક્ટને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. સરકારની યોજના ભક્તોની સુવિધા માટે ૫ એકર જમીન પર કોરિડોર બનાવવાની છે, પરંતુ મંદિરના પૂજારી ગોસ્વામી સમાજ તેનો ઉગ્ર વિરોધ કરી રહ્યો છે. એવામાં જાણીએ કે આ વિરોધ શા માટે થઈ રહ્યો છે.

બાંકે બિહારી મંદિરમાં દરરોજ હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવે છે. આ જ સંખ્યા તહેવારો કે રજાઓમાં લાખો સુધી પહોંચી જાય છે. મંદિર સુધી



પહોંચવાના સાંકડા રસ્તાઓ અને અતિશય ભીડને કારણે વ્યવસ્થા બગડી જાય છે. આથી સરકાર આ સમસ્યાનો ઉકેલ લાવવા અને શ્રદ્ધાળુઓને રાહત આપવા માટે કોરિડોર બનાવવા માંગે છે. ગોસ્વામી સમાજ આ કોરિડોરનો સખત વિરોધ કરી રહ્યો છે અને જો આ પ્રોજેક્ટ આગળ વધશે તો તેઓ ઠાકુરજીને લઈને પલાયન થવાની ધમકી આપી રહ્યા છે.



## રાજકોટમાં રેપ કેસમાં સાવકા પિતાને છેલ્લા શ્વાસ સુધીની કેદ

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

રાજકોટમાં દસ વર્ષની માસૂમ બાળકી પર દુષ્કર્મ આચરનાર સાવકા પિતાને કોર્ટે છેલ્લા શ્વાસ સુધીની જેલની સજા ફટકારી છે. આ સાથે જ કોર્ટે આરોપીને ૧૦,૦૦૦નો દંડ અને ભોગ બનનારને ૭ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે.આ કેસની વિગત એવી છે કે રાજકોટના એક દંપતીના છૂટાછેડા થયા બાદ તેમની પુત્રી માતા સાથે રહેતી હતી. માતાએ બીજા લગ્ન કર્યા પછી, ૧૦ વર્ષની આ બાળકી તેની સાથે જ રહેતી હતી. જ્યારે કોઈ ઘરમાં ન હોય ત્યારે, ધોરણ ૫માં અભ્યાસ કરતી આ બાળકીનો સાવકા પિતા હાર્દિક રમેશ જોષીએ ત્રણ વર્ષ સુધી વારંવાર દુષ્કર્મ આચર્યો હતો. આ ઘટનાથી ડરી ગયેલી બાળકીએ પોતાની ફઈ મારફતે પોતાના મૂળ પિતાને આ અંગે જાણ કરી હતી. જાણ થતાં જ મૂળ પિતાએ હાર્દિક જોષી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીની ધરપકડ કરીને જેલ હવાલે કર્યો હતો. તપાસ અધિકારી દ્વારા પૂરતા પુરાવા મળ્યા બાદ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી.આ કેસ અદાલતમાં ચાલવા પર આવ્યો ત્યારે ભોગ બનનાર, ફરિયાદી, તબીબ, તપાસ અધિકારી અને સાહેદોની જુબાની તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. બંને પક્ષોની દલીલો અને સરકારી વકીલ આબીદ સોસન દ્વારા રજૂ કરાયેલા ઉચ્ચ અદાલતોના ચુકાદાઓને ધ્યાનમાં રાખીને, સ્પેશિયલ પોક્સો કોર્ટના ન્યાયાધીશ વી.એ. રાણાએ આરોપી હાર્દિક જોષીને દોષિત ઠેરવીને આજીવન કેદ અને ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

## સુરતમાં ૨૫ વર્ષના યુવકે ૧૬ વર્ષીય તરૂણીને ઈન્સ્ટાગ્રામ પર પ્રેમજાળમાં ફસાવી

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતના ઉમરવાડા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષીય તરુણી સાથે યુવકે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક કર્યો હતો. ત્યારબાદ યુવકે તેની સાથે મિત્રતા કરીને સોસાયટીની બાજુની ખાડીના રસ્તા પર બોલાવી અવારનવાર શરીર સંબંધ બાંધીને તરૂણીને ગર્ભવતી બનાવી હતી. આ મામલે પોલીસે મૂળ ઉત્તર પ્રદેશના ૨૫ વર્ષીય યુવાન સામે દુષ્કર્મનો ગુનો નોંધી ધરપકડ કરી છે. મળતી માહિતી અનુસાર, સુરતના ઉમરવાડા વિસ્તારમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશના પરિવારની ૧૬ વર્ષીય તરૂણીની તબીયત બગડતા તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયા હતા. ત્યાં પ્રાથમિક સારવાર કરાવ્યા બાદ બીજા દિવસે તેને સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જ્યાં તેને ચાર માસનો ગર્ભ હોવાનો ધટસ્ફોટ થયો હતો. પરિવારજનોએ તરૂણીને પૂછતાં તેણે જણાવ્યું હતું કે, તે હમવતની અને મહોક્ષામાં રહેતા ૨૫ વર્ષીય પંકજકુમાર સરોજ સાથે આઠ મહિના પહેલા ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્કમાં આવી હતી અને બંને મિત્ર બન્યા હતા. તેઓ ત્યાર બાદ ઈન્સ્ટાગ્રામ પર અને બાદમાં ફોનમાં વાત કરતા હતા. પંકજ તરુણીને ઈન્સ્ટાગ્રામ પર મેસેજ કરી સોસાયટીની બાજુમાં આવેલા ખાડીવાળા રસ્તે સાંજના સમયે બોલાવતો અને અવારનવાર શરીર સંબંધ બાંધતો હતો.

### અવારનવાર જીવાતોથી ગ્રાહકો કંટાળ્યા

# અમદાવાદની ૯૦ ટકા હોટેલ-રેસ્ટોરાં પાસે પેસ્ટ કંટ્રોલના સર્ટિફિકેટ જ નથી

### માત્ર સામાન્ય હોટેલો જ નહીં ઘણીવાર ફાઈવ સ્ટાર કક્ષાની હોટલોમાં પણ સ્વચ્છતાની ફરીયાદો જોવા મળી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં ઓકટન્ટ પીઝા રેસ્ટોરન્ટમાં ગુલાબજાંબુની ચાસણીમાં જીવડું નીકળતા કોર્પોરેશન દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં એવી હતી. છેલ્લા એક વર્ષમાં અમદાવાદની ફાઈવ સ્ટાર હોટેલથી માંડીને નાની હોટેલ અને રેસ્ટોરન્ટમાં જીવાતો નીકળવાની ઘટનાઓ સામે આવી છે.

અમદાવાદની કુલ ૩૬૨૮ ખાણીપીણીની હોટેલ, રેસ્ટોરેન્ટસ અને સ્ટ્રીટ ફૂડના રજીસ્ટર્ડ આઉટલેટમાંથી માત્ર ૧૦ ટકા હોટેલોએ પણ પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટ મેળવ્યું છે. ત્રણ હજારથી વધુ હોટલોમાં જીવાતોને નિયંત્રિત કરવાની કોઈ પોલીસી નથી. માત્ર મૌખિક જ ધ્યાન રાખવાનું જણાવી દેવામાં આવે છે.વર્ષ ૨૦૨૩માં અમદાવાદમાં ૨૨૧૪ રેસ્ટોરન્ટ કેટેગરીની હોટલો હતી જેમાં ચાર ટકાનો વધારો થયો છે.

વધતો જતો સ્વાદ રસિયાઓનો પ્રવાહ, હોટલના કિચનમાં નિયમિત સ્વચ્છતાનો અભાવ અને ટ્રેઈન્ડ સ્ટાફમાં શિસ્તના અભાવને કારણે અમદાવાદમાં વારંવાર જીવાતો અને વાસી ખાદ્ય પદાર્થોની ફરીયાદો આવી રહી છે.

માત્ર સામાન્ય હોટેલો જ નહીં ઘણીવાર ફાઈવ સ્ટાર કક્ષાની હોટલોમાં પણ સ્વચ્છતાની ફરીયાદો જોવા મળી છે.સપ્ટેમ્બર ૨૦૨૪માં શિવરંજની પાસે આવેલી અમદાવાદની જાણીતી ફાઈવ સ્ટાર હોટેલને હજુ થોડા મહિના પહેલાં જ ૫૦,૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો હતો. તો વસ્ત્રાપુરની અન્ય એક ફાઈવ સ્ટાર હોટેલને થોડા મહિના પહેલાં જ ભોજનમાં જીવાત નીકળતા દંડનીય કાર્યવાહી સાથે ૪૮ કલાક હોટેલને બંધ રાખવામાં આવી હતી.

બહેરામપુરાની બેકરીમાં જીવાત અને આઈસ્ક્રીમના કોનમાંથી ગરોળીની પૂંછડી નીકળવાની ઘટનાને હજુ થોડો જ સમય થયો છે, ત્યારે અમદાવાદની હોટલોમાં વધતા ધસારા સામે સ્વચ્છતાની જાગૃતિ દસ ટકાના પ્રમાણમાં પણ નથી તે અમદાવાદ મ્યુનિસિપિલ કોર્પોરેશન દ્વારા આપવામાં આવતાં પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટથી સમજી શકાય છે. અંગે વાત કરતાં અમદાવાદની જાણીતી રેસ્ટોરેન્ટના માલિક જણાવે છે કે, 'દરેક હોટેલ અને રેસ્ટોરન્ટે પેસ્ટ કંટ્રોલ પોલીસી અનુસરવી જરૂરી છે. તેને લગતી એજન્સીઓ અને સ્વચ્છતાના ધોરણો છે. પરંતુ જે રીતે હોટલોમાં ગ્રાહકોનો ધસારો છે તેની સામે કોઈની પાસે સ્વચ્છતા જાળવવાનો સમય નથી રહેતો એ મોટી વિડંબના છે. મોટા ભાગે આવી કોઈપણ ઘટના બને ત્યારે ગ્રાહક સાથે સમાધાન કરી લેવામાં આવે છે. જે ઘટનામાં વધુ સંઘર્ષ થાય છે ત્યારે કોર્પોરેશનમાં ફરીયાદ અને દંડનીય કાર્યવાહી સાથે લોકો સમક્ષ વાત આવે છે. આવી ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે છતાં સ્વચ્છતાના ધોરણોને અનુસરવામાં માત્ર દસ ટકા હોટલોમાં નિયમિતતા જોવા મળી છે.'

### શરીરમાં ઈજાના નિશાન જોઇ પોલીસ ચોંકી

## રાજકોટમાં ૧૯ પશ્ચિમ બંગાળના બાળમજૂરોને મુક્ત કરાવાયા

### બાતમીના આધારે SGO પોલીસ અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગની ટીમે સાથે મળી બાળકોને મુક્ત કરાવ્યા હતા

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

રાજકોટમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જ્યાં ૨૦ જેટલા પશ્ચિમ બંગાળના બાળકોને ગોંધી રાખ્યા હોવાની બાતમી મળતા પોલીસ અને SOGએ સાથે મળીને કાર્યવાહી હાથ ધરી હતી. બાતમીના આધારે SGO પોલીસ અને એન્ટી હ્યુમન ટ્રાફિકિંગની ટીમે સાથે મળી બાળકોને મુક્ત કરાવ્યા હતા. હાલ બાળકોને મેડિકલ ચેકઅપ માટે મોકલવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, રાજકોટ શહેર પોલીસને બાતમી મળી હતી કે, શહેરના બેડીચોક નજીક ગોપાલ રેસિડેન્સીની શેર નંબર ૧ના એક મકાનમાંથી ૧૯ બાળમજૂરોને મુક્ત કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગુરૂવારે (૫ જૂન) રાત્રે કાર્યવાહી હાથ ધરી તમામ બાળકોને મુક્ત કરાવી તેમને મેડિકલ ચેકઅપ માટે મોકલવામાં આવ્યા છે. જેમાં તપાસ કરવામાં આવશે કે, બાળકો સાથે કોઈ બળજબરી કે શારીરિક હિંસા કરવામાં આવી છે કે કેમ? પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, બાળકોને ઈમિટેશનના કામ માટે રાખવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં જામ થઈ છે કે, આ તમામ બાળકો મૂળ પશ્ચિમ બંગાળના રહેવાસી છે અને ઈમિટેશનનું કામ કરાવવા માટે અહીં લાવવામાં આવ્યા હતાં. કોન્ટ્રાક્ટર બાળકોને અલગ-અલગ સમયે છેલ્લાં ૨ વર્ષથી રાજકોટ ગોંધી રાખ્યા હતાં, તે આ તમામ બાળકોને બાળમજૂરી કરાવયો હતો. જે ઘરમાંથી બાળકો મળી આવ્યા તેના માલિકનું નામ બાબુભાઈ બાળા હોવાનું સામે આવ્યું છે. જોકે, આ મામલે મકાન માલિકે ભાડાકરાર કર્યો છે કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. જો ભાડાકરાર કરવામાં નહીં આવ્યો હોય તો જાહેરનામાના ભંગનો પણ ગુનો દાખલ કરવામાં આવશે.

નોંધનીય છે કે, પોલીસે બાળકોને મુક્ત કર્યા બાદ તપાસ કરી તો મોટાભાગના બાળકોના શરીર પર હાથ તેમજ પીઠના ભાગે નિશાન જોવા મળ્યા હતાં, જેથી બાળકોને માર માર્યા હોવાની શંકા ઉદ્ભવી છે. પોલીસ હાલ આ મામલે વધુ તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, આ પહેલાં પણ રાજકોટના જેતપુરમાંથી પણ આ રીતે બાળમજૂરી માટે ગોંધી રાખવામાં આવેલા ૩૧ બાળકોને મુક્ત કરવામાં આવ્યા હતાં. એપ્રિલ ૨૦૨૫માં જેતપુરમાં સાડીના કારખાનામાં બાળકો પાસે કામ કરાવવામાં આવતું હોવાની એક NGOને બાતમી મળી હતી. ત્યારબાદ પોલીસની સાથે મળીને બાતમીના સ્થળે દરોડા પાડવામાં આવ્યા હતાં. દરોડા દરમિયાન સાડીના બે કારખાનામાંથી ૩૧ જેટલાં બાળમજૂરો મળી આવ્યા હતાં. આ બાળમજૂરો વિશે તપાસ કરતા સામે આવ્યું કે, ગુજરાત સહિત મધ્ય પ્રદેશ, બિહાર અને ઝારખંડ જેવા રાજ્યોમાંથી તેમને અહીં લાવીને અહીં ગોંધી રાખી કામ કરાવવામાં આવતુ હતું. હાલ આ તમામ આરોપીને કારખાનામાંથી મુક્ત કરાવી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતાં. બે મહિનામાં રાજકોટમાં આવી બીજી ઘટના બન્યા બાદ સવાલ ઊભો થઈ રહ્યો છે કે, રાજકોટમાં આ બાળમજૂરીના દૂષણે કેવી રીતે ઘર કરી દીધું છે? આટલી મોટી સંખ્યામાં અપહરણ કરીને લાવવામાં આવેલા બાળકોને ગોંધી રાખવાની હિંમત કેવી રીતે થાય છે? બાળકોની તસ્કરી કરનારા આ માફિયાઓ માટે સુરક્ષિત શહેર કેવી રીતે બની ગયું? બાળકોને નરકમાં હોમનારા આ લોકોને કાયદા અને વ્યવસ્થાનો ડર કેમ નથી?

## આણંદ સોજીત્રા માર્ગ પર યુ-ટર્ન લેતાં બે બાઇક વચ્ચે અકસ્માત

। (એજન્સી) આણંદ, તા.૭ ।

આણંદ-સોજીત્રા માર્ગ પર વલાસણ ગામ નજીક ગુરૂવારે બે બાઈક વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક યુવકનું મોત નીપજયું હતું. આ બનાવ અંગે વિદ્યાનગર પોલીસે અકસ્માત સર્જનારા બાઈક ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સોજીત્રાના વિરોલ ગામના અક્ષયકુમાર જયેન્દ્રભાઈ પરમારના પીતરાઈ ભાઈ રોનકને વિદ્યાનગરની કોલેજમાં એડમિશન લેવાનું હોવાથી અક્ષય અને રોનક બંને પિતરાઈ ભાઈઓ બે અલગ અલગ બાઈક ઉપર નીકળ્યા હતા. બપોરે વિદ્યાનગરથી પરત ફરી રહ્યા હતા. ત્યારે વલાસલ રોડ ઉપર શિવમ સ્કૂલ નજીક આગળ જઈ રહેલા બાઈક ચાલકે પૂરઝડપે અચાનક યુ-ટર્ન લેતા અક્ષયનું બાઈક તેની સાથે અથડાયું હતું. જેમાં અક્ષય બાઈક ઉપરથી નીચે પટકાતા તેને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચી હતી.

## વડોદરાના માણેકપાર્ક સર્કલ પાસેથી વિદેશી દારૂના જથ્થા સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

વડોદરા શહેરના માણેક પાર્ક સર્કલ પાસેથી પીસીબી પોલીસે બે શખ્સોને રૂ.૭૪ હજારના વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. મધ્યપ્રદેશથી દારૂનો જથ્થો લઈને આવ્યા હતા અને વારસિયા ખાતે રહેતા ગોલુ નામના બુટલેગરને આપવાનો હોવાની બંને આરોપીએ કબુલાત કરી હતી. જેથી એસીબીએ વિદેશી દારૂના જથ્થા સહિત ૯૦ હજારનો મુદ્દામાલ કબજે કરીને હરણી પોલીસને સોંપી બુટલેગર ગોલુને વોન્ટેડ જાહેર કર્યો છે. વડોદરા શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં પીસીબીની ટીમ ફરી રહી હતી. તે દરમિયાન ફરતા ફરતા સ્ટાફના માણસો હરણી રોડ એરપોર્ટ ગેટ પાસે આવતા બાતમી મળી હતી કે માણેક પાર્ક સર્કલ વીટકોસ બસ સ્ટેન્ડ પાસે બે ઈસમો શંકાસ્પદ થેલા સાથે ઊભા છે અને તેમના થેલામાં વિદેશી દારૂનો જથ્થો સંતાડી રાખ્યો છે. જેથી પીસીબી પોલીસની ટીમે બાતમી મુજબના સ્થળ પર જઈને સાથે ઉભેલા બંને શખ્સને ઝડપી પાડ્યા હતા. વેદ અનિલ કપડે (રહે. મારૂ ફળીયુ, શિયારામ કોમ્પલેક્ષ, ચોથા માળે ચોખંડી વાડી અને વિપુલ દિનેશ લીમ્બાચીયા (રહે, અંજલી સોસાયટી, પારસ સોસાયટીની બાજુમા વારસીયા વડોદરા) પાસે થેલો બોલાવીને તેમાં તપાસ કરતા રૂ.૭૪ હજારનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પીસીબી એ વિદેશી દારૂ અને બે મોબાઈલ રૂ.૧૫ હજાર મળી ૯૦ હજારનો મુદ્દામાલ કબજે કરીને પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવ્યો છે. ઝડપાયેલા બંને શખ્સોની પર જ પોલીસે કરતા તેઓએ એમપીના મેઘનગર ખાતે ઠેકા ઉપરથી લઈને આવ્યા હતા.

## મહીસાગરનાં લુણાવાડામાં આમચૂરનો ભાવ ગગડ્યો

। (એજન્સી) મહીસાગર, તા.૭ ।

ચાલુ વર્ષે લુણાવાડા અને આસપાસના તાલુકાઓમાં આંબા ઉપર આવેલી વિપુલ પ્રમાણમાં આવેલી કેરીઓને જોઈ આમચૂરનું વિપુલ ઉત્પાદન થશે તેની આશામાં બેઠેલા ખેડૂતો અને વેપારીઓને વાવાઝોડાએ અને વરસાદે મજા બગાડી દેતાં આમચૂરનો પાક બગડી જતાં ગયા વર્ષ કરતાં ઓછા ભાવ મળતાં ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે.

મહીસાગર જીલ્લાનું લુણાવાડા આમચૂર એટલે આંબળીયાનો ઉત્પાદનમાં ગુજરાત અને ભારતભરમાં પોતાની આગવી નામના ધરાવે છે. અહીંના કુશળ ખેડૂતોએ આંબળિયાને ઉચ્ચ ગુણવત્તાયુક્ત બનાવવાની કારીગરી જાળવી રાખી છે. તો અહીંના વેપારીઓએ પણ છેલ્લા સો વર્ષથી આમચૂર ના વેપારમાં પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખી છે.

ચાલુ વર્ષે આંબા ઉપર જે રીતે મોંર આવ્યો હતો અને જે રીતે લુમે ને ઝુમે કેરીઓ લાગી હતી તે જોઈને ખેડૂતો અને વેપારીઓને એવું લાગતું હતું કે ચાલુ વર્ષે આમચૂરનું ઉત્પાદન રેકોર્ડબ્રેક હશે. પરંતુ આ સિઝનમાં આંબાઓનો મોંર આવ્યા પછી ત્રણથી ચાર માવઠાં અને વાવાઝોડાને કારણે કેરીઓ ઝુડાઈ જતાં આંબા ઉપરથી કેરીઓનું ઉત્પાદન ઓછું થઈ ગયું હતું.

અધૂરામાં આમચૂર બનાવવાના સમયે જ વરસાદ અને વાવાઝોડું આવતાં આમચૂરનો માલ લાલ થઈ જતાં ભાવ ઘટી ગયા છે. ગયા વર્ષે જે આમચૂરનો ભાવ ૫૨૦૦ થી ૫૫૦૦ હતો, તેનો ભાવ આજે ૪૦૦૦ની આસપાસ જતો રહ્યો છે. જ્યારે નીચી ગુણવત્તાનો માલનો ભાવ ગયા વર્ષે ૨૫૦૦ની આસપાસ હતો, તેનો ભાવ આજે ૧૫૦૦ની આસપાસ થઈ ગયો છે. જેના કારણે ઊભા આંબા લઈ આમચૂર બનાવતા ખેડૂતો આમચૂર વેચીને વર્ષભરનો ખર્ચો કાઢી લેતા હતા, પરંતુ વાતાવરણે મઝા બગાડી દેતાં આ ખેડૂતોની સ્થિતિ કફોડી થઈ ગઈ છે. મહીસાગર જિલ્લાના લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, વિરપુર, લીંબડીયા, ગોધર, આંજણવા, કાળીબેલ, ચરાડા, હરિગરના મુવાડા, સાત કુંડા નાનસલાઈ, પાદરડી, કારંટા, ખાનપુર, મલેકપુર, પાલ્લી, નવા મુવાડા, સરસણ જેવા સંખ્યાબંધ વિસ્તારોમાં આમચૂર બનાવવાનો ગૃહ ઉદ્યોગ ધમધમે છે. આ વિસ્તારના ખેડૂતો માત્ર મહીસાગર જ નહીં પરંતુ વડોદરા, ખેડા, અરવલ્લી, દાહોદ જિલ્લાના ગામડાઓમાં જઈ કેરીઓના ઉભા ખરીદી છે અને પોતાના ગામમાં કેરીઓ લાવી આમચૂર બનાવે છે.

આમચૂરના ભાવ તેની સફેદીને આધારે નક્કી થાય છે. મધ્ય ગુજરાતના આમચૂર દિલ્હી અને હરિયાણાના બજારમાં 'લુણાવાડા આમચૂર' તરીકે ઓળખાય છે. સારી ગુણવત્તાના આમચૂર આ વિસ્તારના વણકર ભાઈઓ બનાવતા હોવાનું વેપારીઓ કરી રહ્યા છે.

## બે મિત્રોને રસ્તામાં આંતરીને માર માર્યા બાદ લોખંડની પાઈપથી હુમલો કરાયો

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

વડોદરાના પોલીસ સ્ટેશનમાં અરજી આપી હોવાની અદાવતે માંજલપુર વિસ્તારમાં રહેતા બે મિત્રોને રસ્તામાં ઘેરીને છ જેટલા ગુંડા તત્વો દ્વારા માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ લોખંડની પાઈપથી બંને મિત્રો પર હિંસક હુમલો કરાયો હતો. લોહી લુહાણ હાલતમાં બંને મિત્રોને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. માંજલપુર પોલીસે એસએસસીમાંથી મળેલી વર્દીના આધારે ગુનો નોંધી હુમલાખોરોને ઝડપી પાડવા તજવીજ હાથ ધરવામાં આવી છે. વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં આવેલી ગંગા સોસાયટીમાં રહેતા ૨૬ વર્ષીય અજય તેજવીરસિંહ ચૌધરી અને મારૂતિ ધામ સોસાયટીમાં રહેતા ઉત્કર્ષ અનિલ રાજપુત પાંચ જૂનના રોજ સાંજના છ વાગ્યાના અરસામાં મારૂતિ ધામ સુસેન સર્કલ પાસે પસાર થઈ રહ્યાં હતા. તે દરમિયાન આશિષ બારોટ અને બીજા પાંચ સાગરીતો સાથે ધસી આવ્યો હતો. ત્યારબાદ આ અજય ચૌધરી અને રાજપૂતને ઘેરી લીધા હતા. તેમની સાથે આ લોકોએ ઝઘડો કરવાનું શરૂ કર્યું હતું અને ગંદી ગાળો બોલવા લાગ્યા હતા. જેથી આ બંને મિત્રોએ આશિષ બારોટ સહિતના સાગરીતોને ગાળો નહીં બોલવાનું કહેતા તેઓ ઉસકેરાઈ ગયા હતા અને બંને મિત્રો પર લોખંડની પાઈપ વડે હિંસક હુમલો કરવામાં આવ્યો હતો.

## વિશેષ

### ASSA દ્વારા સિવિલ અને ફોરેસ્ટ સર્વિસના તેજસ્વી ઉમેદવારોનું સન્માન કરાયું

# સ્પીપાએ સાબિત કર્યું કે, 'ગુજરાત કેન ડુ, ગુજરાતી કેન ડુ': મંત્રી ઋષિકેશભાઇ પટેલ







। (માહિતી) અમદાવાદ ।

એસોસિએશન ઓફ SPIPA સ્ટુડન્ટ્સ' એલ્યુમ્ની (ASSA) દ્વારા અમદાવાદના GSC બેંક ઓડિટોરિયમ ખાતે વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪ની ભારતીય સિવિલ સર્વિસ અને ફોરેસ્ટ સર્વિસ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા કુલ ૬૧ તેજસ્વી ઉમેદવારોના સન્માન સમારોહ અને વાર્ષિક મિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ગૌરવશાળી કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે હાજરી આપી ઉમેદવારોને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, "SPIPA ની ઉજ્જવળ યાત્રા એક અભૂતપૂર્વ પડાવે પહોંચી છે. એક પછી એક આગવી સિદ્ધિ હાંસલ કરીને SPIPA એ ગુજરાતના યુવાનોને સિવિલ સર્વિસ પસંદ કરવાની ઉમદા પ્રેરણા આપી છે. તેમણે કહ્યું કે, આ વર્ષે ગુજરાતમાંથી અત્યાર સુધીના સૌથી વધુ ૨૬ યુવાનો UPSC સિવિલ સર્વિસિસમાં ઉત્તીર્ણ થયા છે, જેણે સાબિત કરી દીધું છે કે, 'ગુજરાત કેન ડુ એન્ડ ગુજરાતી કેન ડુ'." તેમણે ઉમેર્યું કે, ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાનું લક્ષ્ય રાજનેતાઓ સાથે બ્યુરોક્રેટ્સના શિરે પણ છે. પ્રશાસનના મજબૂત આધાર સ્તંભ એવા સનદી અધિકારીઓ સરકારની નીતિઓને ધરાતલ ઉપર સાકાર કરે છે.

સરકારના નિર્ણયોને અસરકારક રીતે અમલી બનાવી, વિવિધતામાં એકતાની વિચારધારા સાથે જે પણ રાજ્યમાં સેવા કરવાનો અવસર મળે, ત્યાંની સંસ્કૃતિને સમજીને છેવાડાના માનવી સુધી પહોંચવું એ જ અધિકારીનો પરમ ધર્મ છે.કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC)ના ચેરમેન શ્રી હસમુખ પટેલે જણાવ્યું કે, "સિવિલ સર્વિસિસની તૈયારીના ઉતાર-ચઢાવ વચ્ચે પ્રેરણાની જરૂર રહે છે અને સ્પીપા ગુજરાતના યુવાનો માટે માર્ગદર્શકની સાથે પ્રેરકની ભૂમિકા પણ ભજવી રહ્યું છે."

તેમણે સ્પીપાના ડી.જી. શ્રી હરિત શુક્લાના નિર્દેશનમાં ચાલતી ઉત્કૃષ્ટ કામગીરી અને શ્રી સતીશ પટેલ જેવા પાયાના અધિકારીઓના યોગદાનને બિરદાવ્યું હતું.

તેમણે સફળ યુવાનોને શીખ આપતા કહ્યું કે, "તમારા સંઘર્ષનું એકમાત્ર લક્ષ્ય જનતાની સેવા હોવું જોઈએ. એક અધિકારી તરીકે તમારા પર સૌથી મોટો અધિકાર વંચિતોનો છે."

આ પ્રસંગે ACBના ડાયરેક્ટર શ્રી પિયુષ પટેલે જણાવ્યું કે, "ગુજરાતીઓ કારકિર્દી તરીકે સિવિલ સર્વિસિસ પસંદ નથી કરતા, તે માન્યતાને સ્પીપાએ બદલી છે." તેમણે સફળ ઉમેદવારોને બિરદાવી ગુજરાતના લાખો યુવાનો માટે પ્રેરણારૂપ ગણાવ્યા હતા અને સ્પીપાના કલેવર બદલવામાં શ્રી સતીશ પટેલની ભૂમિકાનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

કાર્યક્રમ દરમિયાન સન્માનિત થયેલા ઉમેદવારોએ પણ ઉપસ્થિત યુવાનોને પ્રોત્સાહન મળે તે હેતુથી પરીક્ષાની તૈયારી અંગેના પોતાના સંઘર્ષ, અનુભવો અને સફળતાનો મંત્ર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમનું સફળ આયોજન ASSAના પ્રમુખ શ્રી દિલીપ રાણા (IAS) અને ઉપપ્રમુખ શ્રી અલ્પેશ પરમાર (IRS)ના નેતૃત્વ હેઠળ કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં મહાનુભાવો, સિનિયર અધિકારીઓ અને ઉમેદવારોના પરિવારોએ હાજરી આપી ભાવિ પ્રશાસકોનો ઉત્સાહ વધાર્યો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# વજન ઝડપથી ઓછું કરવા માટે રાતનું જમવાનું છોડી દેવું જોઈએ?

**આજકાલ ટ્રેન્ડ જોવા મળે છે કે, વજન ઘટાડવા માટે લોકો રાતનું જમવાનું છોડી દે છે. શું ખરેખર આવું કરવું જોઈએ?**



આજકાલ લોકોની એક જ કોમન પ્રોબ્લેમ અને તે છે સત્તત વધી રહેલું વજન. તમારી અને મારી આસપાસ એવા ૫૦% લોકો છે, જે આ પ્રોબ્લેમને ફેસ કરી રહ્યાં છે. કારણકે હવે ઘણા લોકો કહે છે કે યાર, બધું જ કરી લીધું પણ આ વજન છે કે, કે જે ઘટવાનું નામ જ નથી લઈ રહ્યો! જો કે, એક આજકાલ ટ્રેન્ડ જોવા મળે છે કે, વજન ઘટાડવા માટે લોકો રાતનું જમવાનું છોડી દે છે. શું ખરેખર આવું કરવું જોઈએ? શું આનાથી વજન ઓછું થઈ જાય છે? ચાલો આ વિષે જાણીએ એક્સપર્ટ પાસેથી. ડાયટિશિયનના જણાવ્યા મુજબ વજન ઘટાડવા માટે તમારે રાતનું ભોજન (કે કોઈપણ ભોજન) છોડવાની જરૂર નથી. હકીકતમાં, આમ કરવાથી શરીર અને મન બંનેને નુકસાન થાય છે. શરીર રાત્રે પોતાને રિપેર કરે છે અને તેને ઊર્જાની જરૂર હોય છે. આપણે બધા REM સાયકલ અને રાતની ગાઢ, આરામદાયક ઊંઘ વિશે જાણીએ છીએ અને એ સૌને ખબર છે કે રાત્રે ઊંઘતી વખતે આપણું શરીર અંદરથી પોતાને રિપેર કરે છે. આ સમયે તે નવા કોષો બનાવે છે, હોર્મોન્સને નિયંત્રિત કરે છે, બિનજરૂરી વસ્તુઓ બહાર કાઢે છે અને ઊર્જા પાછી મેળવે છે. આ બધું કામ કરવા માટે શરીરને ઊર્જાની જરૂર પડે છે. જો તમે રાતનું ભોજન છોડો છો, તો તમારા શરીરને આ આવશ્યક કાર્ય કરવા માટે જરૂરી ઊર્જા મળતી નથી. ફેટ બર્ન થવાને બદલે, તમારું ચયાપચય ધીમું પડી જાય છે અને કદાચ સ્નાયુઓ પણ તૂટવા માંડે છે, જેના કારણે તમને બીજા દિવસે નબળાઈ અને સુસ્તી જેવું લાગે છે. ૨ રાતનું ભોજન છોડવાથી તીવ્ર ભૂખ લાગી શકે છે અને ઊંઘ બગડી શકે છે. જો તમે રાતનું જમવાનું છોડો છો, તો મોડી રાત્રે ખૂબ ભૂખ લાગે છે. કારણ કે શરીરને રાત્રે પૂરતો ખોરાક નથી મળતો, એટલે પછીથી તમે વધુ ખાવાની કોશિશ કરો છો. ઘણીવાર, જ્યારે તમારી ભૂખને કંટ્રોલ ન કરી શકતા હોવ ત્યારે, તમે વધારે ગળ્યા કે ખારા નાસ્તા ખાઈ લો છો. આનાથી તમારી ઊંઘ પણ બગડે છે અને તમને ગાઢ, આરામદાયક ઊંઘ નથી આવતી. રાત્રે ભૂખ્યા રહેવાથી શરીરમાં હોર્મોન્સનું સંતુલન બગડે છે. જો તમે રાતનું જમવાનું છોડો છો, તો તમારા શરીરમાં તણાવ પેદા કરતો હોર્મોન (કોર્ટિસોલ) વધી જાય છે, ખાસ કરીને જો તમે આખો દિવસ કામ કરીને થાકી ગયા હોવ. આનાથી બ્લડ સુગરમાં પણ વધઘટ થાય છે, જેનાથી મોડી રાત્રે ભૂખ લાગે છે. ધીમે ધીમે, આનાથી ઘ્રેલિન(ભૂખ લગાડતા) અને લેપ્ટિન (ભૂખ શાંત કરતા) હોર્મોન્સનું સંતુલન બગડે છે, જેના કારણે તમને વારંવાર ભૂખ લાગ્યા કરે છે અને પેટ ભરાયું હોય એવું લાગતું નથી. રાત્રે જ્યારે બ્લડ સુગર ઘટે છે, ત્યારે ઊંઘ લાવતા હોર્મોન મેલાટોનિન પર પણ અસર થાય છે, જેનાથી ઊંઘ બગડે છે.શું તમને ખબર છે? ઓછી ઊંઘ લેવાથી વજન વધે છે, તણાવ વધે છે અને શરીરમાં શક્તિ ઓછી થાય છે. તો શું કરવું જોઈએ? સૌથી પહેલા, તમારું રાતનું ભોજન છોડશો નહીં, પણ તેને સંતુલિત રાખો. રાત્રિનું ભોજન છોડી દેવા કરતાં હળવું અને પૌષ્ટિક ભોજન લેવાથી વજન ઘટાડવામાં વધુ ફાયદો થાય છે.

# યુવાનીમાં જ ચહેરા પર કરચલીઓ પડી ગઈ છે? એલોવેરામાં આ વસ્તુઓ ઉમેરીને લગાવો

ઉંમર ૩૦-૩૫ વચ્ચેની મહિલાઓએ કરચલીઓ અને ફાઈન લાઈન્સ માટે એલોવેરા જેલનો ઉપયોગ કરવો. એલોવેરા જેલમાં આ બે વસ્તુ મિક્સ કરીને ચહેરા પર લગાવવાથી ત્વચા સોફ્ટ અને પિગમેન્ટેશન ઓછું થાય છે.

ઘણી મહિલાઓ જેમની ઉંમર ૩૦ થી ૩૫ વચ્ચે હોય છે, તેમને પણ વધતી ઉંમરના લક્ષણો દેખાવા લાગે છે. કરચલીઓ, ડાઘ-ધબ્બા, ફાઈન લાઈન્સ, પિગમેન્ટેશનથી ત્વચા ખરાબ દેખાવા લાગે છે. યુવાનીમાં જ વૃદ્ધાવસ્થા દેખાવા લાગે તો દરેકને નિરાશા થાય છે. ઘણા પ્રકારના મોંઘા સ્કિન કેર પ્રોડક્ટ્સ લોકો વાપરવા લાગે છે. પરંતુ, તેમાં રહેલા કેમિકલ તત્વો તમારી નાજુક ત્વચાને નુકસાન પહોંચાડી શકે છે. આવા સમયે તમે કરચલીઓ અને ફાઈન લાઈન્સને એક સામાન્ય જેલથી ઠીક કરી શકો છો. આ જેલ તમારા ઘરમાં પણ ખૂબ જ ઓછા ભાવે ઉપલબ્ધ હોઈ શકે છે. હકીકતમાં, આ જેલ છે એલોવેરા જેલ. તમે ઈચ્છો તો ઘરમાં બાલ્કનીમાં આ છોડ લગાવી શકો છો અને જ્યારે ઈચ્છો ત્યારે તમારા ચહેરા પર તેનો જેલ લગાવી શકો છો.

એલોવેરા જેલ ચહેરા પર લગાવવાના ફાયદા

જો તમે કરચલીઓથી નાની ઉંમરમાં જ પરેશાન છો તો તમે એલોવેરા જેલનો ઉપયોગ શરૂ કરી દો. આ માટે તમે ઈચ્છો તો એલોવેરા જેલને સીધું લગાવી દો અથવા તેમાં થોડું મધ મિક્સ કરીને ચહેરા પર લગાવો.

એન્ટીઓક્સિડન્ટ અને એન્ટી-બેક્ટેરિયલ ગુણોથી ભરપૂર એલોવેરા ત્વચાની કરચલીઓ દૂર કરી શકે છે. ત્વચા સોફ્ટ બને છે. મધ પણ ત્વચાને પૂરતું પોષણ આપે છે અને અંદરથી સફાઈ કરે છે.



તમે એલોવેરા જેલમાં જાયફળ પાઉડર મિક્સ કરીને પણ ચહેરા પર લગાવી શકો છો. આથી ડાઘ-ધબ્બા, ડેડ સ્કિન સેલ્સ, પિગમેન્ટેશન, કરચલીઓ વગેરે ઓછા થઈ શકે છે.

અડધો ચમચો જાયફળ પાઉડર, બે મોટા ચમચા એલોવેરા જેલ અને થોડું ગુલાબ જળ મિક્સ કરો. આ પેસ્ટને ચહેરા પર લગાવીને ૧૦ મિનિટ માટે છોડી દો. પછી પાણીથી ચહેરો સાફ કરી લો. આ પેસ્ટને નિયમિત ચહેરા પર વાપરવાથી ફાયદો ઝડપથી થશે. એલોવેરા જેલ સાથે મિક્સ કરી શકાય તેવી ૫ ખાસ વસ્તુઓ (જાયફળ અને મધ સિવાય) વિટામિન ઈ કેપ્સ્યુલ શા માટે ઉપયોગી છે: એન્ટી-એજિંગ માટે શ્રેષ્ઠ છે. સ્કિનને નમી આપે છે અને કોલાજન વધારવામાં મદદ કરે છે. કેવી રીતે વાપરવું: ચમચી એલોવેરા જેલ, ૧ વિટામિન ઈ કેપ્સ્યુલ (હર્ષેી કરીને તેલ કાઢી લો)રાતે સૂતાં પહેલાં ચહેરા પર લગાવો, ૧૫-૨૦ મિનિટ પછી ધોઈ લો (અથવા ઓવરનાઈટ છોડી શકો છો), કાકડીનો રસ શા માટે ઉપયોગી છે: ત્વચા ઠંડક આપે છે, પોર્સ ટાઈટ કરે છે અને પિગમેન્ટેશન ઓછી કરે છે.

# શું તમને સ્ક્રબ કર્યા પછી સ્કિન પર રેશીશ અને પિમ્પલ થઇ જાય છે?

જો તમે પણ ચહેરા પર થતા પિમ્પલ્સ અને રેશીઝ જેવી સમસ્યાથી પરેશાન છો અને તેને ઘટાડવા માટે સ્ક્રબનો ઉપયોગ કરો છો, તો આ સમાચાર તમારા માટે બેસ્ટ હોઈ શકે છે.

સ્કિન પ્રોબ્લેમ્સથી બચવા અને ચહેરાને ચમકદાર બનાવવા માટે મહિલાઓ અનેક ઉપાયો અજમાવે છે. કેટલીક મહિલાઓ તો બજારમાંના મોંઘા પ્રોડક્ટ્સનો પણ ઉપયોગ કરે છે. આમાંની કેટલીક મહિલાઓ ચહેરા પર સ્ક્રબનો ઉપયોગ પણ કરે છે. જો તમે પણ ચહેરા પર થતા પિમ્પલ્સ અને રેશીસ જેવી સમસ્યાથી પરેશાન છો અને તેને ઘટાડવા માટે સ્ક્રબનો ઉપયોગ કરો છો, તો આ સમાચાર તમારા માટે બેસ્ટ હોઈ શકે છે. આજે અમે તમને જણાવશું કે કેવી રીતે તમે સ્ક્રબનો ઉપયોગ કરતા પહેલા અને પછી તમારી સ્કિનની કાળજી રાખી શકો છો. જો તમે પણ તમારી સ્કિનને ગ્લોઈંગ અને સુંદર બનાવવા માટે સ્ક્રબનો ઉપયોગ કરો છો, તો તમારા માટે આ જાણવું ખૂબ જ જરૂરી છે કે સ્ક્રબના ઉપયોગ પહેલા અને પછી શું કરવું જોઈએ. સ્ક્રબનો ઉપયોગ કરતા પહેલા સ્કિનના ટેક્સચર વિશે જાણવું પણ ખૂબ જ જરૂરી છે. જો તમારી સ્કિન સોફ્ટ અને સેન્સિટિવ છે, તો તમે માઈલ્ડ સ્ક્રબનો ઉપયોગ કરી શકો છો. જો તમારી સ્કિન ડ્રાય છે અથવા ચહેરા પર ડેડ સ્કિન છે, તો તમે સોફ્ટ સ્ક્રબનો જ ઉપયોગ કરો. તેને બનાવવા માટે તમે બદામ અથવા ચોખાનો ઉપયોગ



કરી શકો છો. તેમાં તમે ટી ટ્રી ઓઈલની કેટલીક ડ્રોપ્સ મિક્સ કરી શકો છો, જેનાથી તમને રાહત મળશે. એટલું જ નહીં, તમે અડદની દાળને પલાળી પણ તેનો સ્ક્રબ બનાવી શકો છો. તેમાં તમે વિટામિન E અને ગ્લિસરિન ઉમેરો. સ્ક્રબનો ઉપયોગ કરતા પહેલા ચહેરાને સારી રીતે ધોઈ લો અને પછી જ તેનો ઉપયોગ કરો, કારણ કે ઘણી વખત ચહેરા પર ગંદકી હોવાને કારણે રિએક્શન થઈ શકે છે. ત્યારબાદ જ્યારે પણ તમે સ્ક્રબ ધોઈ લો, ત્યારે તમારી સ્કિનના પ્રકાર મુજબ ફેસ ક્રીમનો ઉપયોગ કરો. સ્ક્રબ કરતા પહેલા ધ્યાનમાં રાખવાના મુદ્દા: ચહેરા પર ગંદકી સાફ કરો: સ્ક્રબ કરતાં પહેલા ફેસ વોશથી ચહેરો સારી રીતે ધોઈ લો. ચહેરા પર ઓઈલ, ડસ્ટ અને મેઈકઅપ હોય તો સ્ક્રબથી વધુ ઈરિટેશન થઈ શકે છે. સ્કિન પ્રકાર જાણવો જરૂરી છે: સેન્સિટિવ સ્કિન માટે માઈલ્ડ સ્ક્રબ પસંદ કરો. ઓઈલી સ્કિન માટે ટી ટ્રી ઓઈલવાળો સ્ક્રબ સારી અસર કરે છે. ડ્રાય સ્કિન માટે હાઈડ્રેટિંગ એજન્ટ્સ (જેમ કે વિટામિન ઈ, ગ્લિસરિન) વાળો સ્ક્રબ પસંદ કરો. તમે બદામ, અડદની દાળ, ચોખા, હળદર વગેરેથી હળવા સ્ક્રબ ઘરે બનાવી શકો છો.

# ગરમીના કારણે ફુદીનો જલ્દી સુકાય જાય છે? રીતે સ્ટોર કરો; લાંબા સમય સુધી ફ્રેશ રહેશે અને બગડશે પણ નહીં

**ઉનાળામાં લગભગ બધું જ ખરાબ થવા લાગે છે, કંઈ પણ વસ્તુ રાખ્યા પછી ખરાબ થઈ જાય છે, સૂકી વસ્તુઓ તો એક વાર રાખી શકાય છે, પરંતુ લીલા પાનવાળી શાકભાજીઓને રાખવું ખૂબ જ મુશ્કેલ બની જાય છે**

ફુદીનાના પાનને ફ્રેશ રાખવા માટે પાણીમાં પલાળીને, ભીનું કપડું વાપરીને, તડકામાં સુકવીને અને લીંબુના રસનો ઉપયોગ કરીને સ્ટોર કરી શકાય છે. આ ટિપ્સથી ફુદીનો લાંબા સમય સુધી તાજો રહેશે.

ઉનાળામાં લગભગ બધું જ ખરાબ થવા લાગે છે, કંઈ પણ વસ્તુ રાખ્યા પછી ખરાબ થઈ જાય છે. સૂકી વસ્તુઓ તો એક વાર રાખી શકાય છે, પરંતુ લીલા પાનવાળી શાકભાજીઓને રાખવું ખૂબ જ મુશ્કેલ બની જાય છે. જો તેમને યોગ્ય રીતે સ્ટોર ન કરવામાં આવે તો તે સુકાઈ જાય છે અને મુરઝાઈ જાય છે. આવા સમયે આપણને સમજાતું નથી કે ફુદીનાના પાન કેવી રીતે સ્ટોર કરવા?

જો તમે પણ ફુદીનો સ્ટોર કરવા માટે પરેશાન છો, તો આ લેખમાં અમે તમને કેટલાક એવા હેક્સ બતાવીશું જેની મદદથી ફુદીનાને ફ્રેશ રાખી શકાય છે અને ઘણા દિવસો સુધી ફ્રિજમાં સ્ટોર કરી શકાય છે. બસ તમારે અમારી જણાવેલી ટિપ્સને ફોલો કરવી પડશે. ચાલો વિગતે જાણીએ ફુદીનાના પાનને સ્ટોર કરવાની ટિપ્સ- ફુદીનાને સ્ટોર કરવા માટે પાણીનો ઉપયોગ કરી શકાય છે. પાણીમાં રાખવાથી ફુદીનો બિલકુલ ફ્રેશ રહેશે અને સ્વાદ પણ જળવાઈ રહેશે. આ માટે તમારે પહેલા ફુદીનાના પાનને સારી રીતે ધોઈને એક બાઉલમાં રાખવાનું છે. આ પછી એક કન્ટેનરમાં પાણી ભરીને ફુદીનાને પલાળીને રાખો. આમ કરવાથી ફુદીનો લાંબા સમય સુધી ફ્રેશ રહેશે. ફ્રિજમાં યોગ્ય રીતે સ્ટોર કરો, જો તમે ફુદીનાને ફ્રિજમાં રાખવા માંગો છો, તો ખૂબ ધ્યાનથી સ્ટોર કરો. કેટલીક મહિલાઓ ફુદીનાને ખુલ્લું રાખી દે છે, જેનાથી તે ખૂબ જલદી



સુકાઈ જાય છે. ફુદીનાને રાખવા માટે પ્લાસ્ટિક બેગ અથવા એરટાઈટ ડબ્બાની જગ્યાએ ભીનું કપડું વાપરો. ભીનું કપડું પાનને સુકાવા દેશે નહીં અને લાંબા સમય સુધી ફ્રેશ રાખશે. છાંયામાં સુકવીને સ્ટોર કરો, જો તમારી પાસે ઘણો ફુદીનો છે, તો તેને યોગ્ય રીતે સ્ટોર કરવું જરૂરી છે. તમે તેને સુકવીને પણ રાખી શકો છો, સુકવવા માટે તડકાનો ઉપયોગ કરી શકાય છે. તડકામાં રાખેલી વસ્તુ ખરાબ થતી નથી અને સુગંધ પણ જળવાઈ રહે છે. જ્યારે પાન સુકાઈ જાય, તો એરટાઈટ ડબ્બામાં રાખો. આ રીતે તમે ફુદીનાને ઘણા મહિના સુધી રાખી શકો છો. લીંબુના રસનો ઉપયોગ કરો, આ ટિપ તમને ખૂબ અજીબ લાગી શકે છે, પરંતુ લીંબુના રસથી ફુદીનાને લાંબા સમય સુધી સ્ટોર કરી શકાય છે. આ ટિપ અપનાવવા માટે ૧ ગ્લાસમાં ૨ થી ૩ બુંદ લીંબુનો રસ નાખો અને ફુદીનાના પાનને ભીંજવીને રાખો. આથી પાન વધુ સમય સુધી લીલા રહે છે. ફુદીનાને સ્ટોર કરવા માટે જરૂરી છે કે પહેલા તેને સારી રીતે સાફ કરી લો, ઉનાળામાં લગભગ બધું જ ખરાબ થવા લાગે છે, કંઈ પણ વસ્તુ રાખ્યા પછી ખરાબ થઈ જાય છે, સૂકી વસ્તુઓ તો એક વાર રાખી શકાય છે, પરંતુ લીલા પાનવાળી શાકભાજીઓને રાખવું ખૂબ જ મુશ્કેલ બની જાય છે જેથી ગંદકી બાકી જગ્યાએ ન જાય. સાફ કર્યા પછી ફુદીનાના પાનને અલગ-અલગ કરી લો. ઓટ્સ: જો સવારે નાસ્તો હલકો, ફાઈબરયુક્ત અને લો-એસિડિક રાખવામાં આવે, તો એસિડિટી ઘટાડવામાં મદદ મળે છે. ઓટ્સએ જ એક હેલ્થી ફૂડ છે. તેમાં સોલ્યુબલ ફાઈબર હોય છે જે પેટના વધારાના એસિડને શોષી લે છે અને પેટને શાંત રાખે છે. ઓટ્સને દૂધમાં પકવીને, થોડા બીજ અને ફળો સાથે મિક્સ કરીને ખાઓ. ફુદીનાને સ્ટોર કરવાની વધુ ૭ અસરકારક ટિપ્સ, ફુદીનાના પાનને આઈસ ક્યુબ તરીકે સ્ટોર કરો, ફુદીનાને ધોઈ, તેને કાપી લો અને આઈસ ટ્રેમાં મૂકો. દરેક ખોળામાં થોડું પાણી ભરો. આ રીતે બનાવેલા ફુદીનાના આઈસ ક્યુબને ગરમીઓમાં મોજિતો, શરબત કે ચટણીમાં ઉપયોગ કરો. લાંબા સમય સુધી તાજગી જળવાઈ રહે છે. ઝિપલોક બેગ + ટિશ્યૂ પેપર ટેક્નિક, ફુદીનાને સારી રીતે ધોઈને પાંદડાં ઓછી ભીની હાલતમાં રાખો. હવે તેને સૂકા ટિશ્યૂ પેપરમાં મૂકી ઝિપલોક બેગમાં બંધ કરી ફ્રિજમાં રાખો. આ પદ્ધતિથી ફુદીનો ૭-૧૦ દિવસ સુધી ફ્રેશ રહે છે. ફુદીનાનો પેસ્ટ બનાવી સ્ટોર કરો, ફુદીના પાન + થોડી હળદર + મીઠું + થોડું તેલ મિક્સ કરીને પેસ્ટ બનાવો. તેને એરટાઈટ બોક્સમાં ભરીને ફ્રીઝરમાં રાખો. જ્યારે પણ ચટણી કે મસાલામાં જરૂર હોય ત્યારે વાપરો.

# ભોજન કરવામાં થોડોક ફેરફાર બદલી કાઢશે તમારું જીવન

આજકાલ મોટા ભાગે લોકો ડાયનીંગ ટેબલ પર બેસીને ભોજન કરતા હોય છે. જોકે પહેલાના સમયમાં લોકો જમીન પર બેસીને જ ભોજન કરતા હતા. ત્યારે આજે અમે તમને જણાવીશું કે જમીન પર બેસીને જો તમે ભોજન કરવાની આદત પાડશો તો તમારા શરીરને અઢળક લાભ મળી રહેશે. આજની ભાગદોડ વાળી જિંદગીમાં આપણે આપણી પરંપરાઓ જાણે કે ભૂલતા જઈ રહ્યા છીએ. પહેલાના સમયમાં આપણે સૌ કોઈ જમીન પર બેસીને જમવાની આદત રાખતા હતા. જોકે બદલાતી જતી જીવનશૈલીને કારણે આજે તો સમય એવો છે કે સમયસર આપણે જમતા પણ નથી અને કામને વધારે મહત્વ આપીએ છીએ. જોકે આજકાલ મોટા ભાગે લોકો ડાઈનિંગ ટેબલ પર બેસીને જમવાની આદત રાખે છે. પરંતુ આજે અમે તમને જણાવીશું કે જમીન પર બેસીને જમવાથી આપણા શરીરને અઢળક ફાયદાઓ મળી રહેતા હોય છે. જમીન પર બેસીને જો ભોજન કરવામાં આવે તો ખરેખરમાં તે આપણા શરીર માટે યોગાસન ગણી કહી શકાય છે. ખાસ કરીને જો જમીન પર બેસીને જમવાને કારણે આપણાને કમરનો દુખાવો તેમજ કરોડરજ્જુમાં થતી સમસ્યાઓથી રાહત મળી રહેતી હોય છે. સાથે જ ગુસ્સો, ચિંતા જેવી ભાવનાઓથી પણ આપણાને માનસિક શાંતિ મળે છે. જોકે એ વાતનું ખાસ ધ્યાન રાખવું કે જમીન પર બેસીને જમતા સમયે તમારે વધારે નમીને ન જવું જોઈએ. જમીન પર બેસીને જમવાને કારણે જમવાના ફાયદામાં સૌથી મહત્વનું છે એ કે જે પણ લોકોને વધતા જતા પેટની સમસ્યાથી પરેશાન છે તેઓ જમીન પર બેસીને ભોજન કરે તો તેમને ચોક્કસથી ફાયદો મળી રહેશે. કારણ કે જમીન પર બેસીને ભોજન કરવાથી તમારું વજન નિયંત્રણ રહેશે અને વધતા પેટથી પણ રાહત મળશે. ઉપરાંત જો તમે જમીન પર બેસીને ભોજન કરશો તો તમારા કમરના હાડકાના નીચેના ભાગે દબાવ પડે છે. જેના કારણે શરીરને આરામ મળે છે અને શ્વાસોશ્વાસની પ્રતિક્રિયાઓ ધીમી પડતી હોય છે. જેના કારણે તમારું બ્લડ પ્રેશર પણ કંટ્રોલમાં રહે છે. આ ઉપરાંત જમીન પર બેસીને ભોજન કરવાને કારણે તમારા પાચનતંત્ર પર તેની સૌથી વધારે અસર પડતી હોય છે. જો તમે જમીન પર બેસીને ભોજન કરવાની આદત પાડશો તો થોડાક જ દિવસોમાં તમને તેનો ફરક જોવા મળશે અને તમારી પાચનક્રિયા સુધરી આવશે. સાથે જ તમને પેટ સંબંધી પણ જેટલી સમસ્યાઓ હશે તેનાથી પણ રાહત મળી રહેશે.



## જમીન બેસીને જમવું કે ડાયનીંગ ટેબલ પર

જમીન પર બેસીને ભોજન કરવાનાં વૈજ્ઞાનિક અને આરોગ્યલક્ષી ફાયદાઓ, પાચનક્રિયા સુધરે છે, જમીન પર બેસીને જમવાથી આપણે સ્વાભાવિક રીતે "સુખાસન" અથવા "પદ્માસન" જેવી સ્થિતિમાં બેસીએ છીએ, જે યોગાસનના રૂપી છે. આ સ્થિતિમાં પેટ પર થોડો દબાવ પડે છે, જેના કારણે પેટનાં અંગો (જેમ કે પેટ, આંતરડાં, લીવર) વધુ કાર્યક્ષમ બને છે અને પાચન ક્રિયા ઝડપી થાય છે. માઈન્ડફુલ ઈટિંગ અને ઓવરઈટિંગથી બચાવ, જમીન પર બેસીને જમતા સમયે આપણે વધુ સજાગતાપૂર્વક ખાવું એંધાય છે. તેને "માઈન્ડફુલ ઈટિંગ" કહે છે. તેમાં આપણા મનનું ધ્યાન માત્ર ભોજન તરફ રહે છે અને આપણું મગજ શારીરિક રીતે સંતૃપ્ત થવાનું સંકેત વહેલું આપે છે. પરિણામે વધુ ખાવાની સંભાવના ઘટે છે. કમર અને કરોડરજ્જુ માટે લાભદાયક, જમીન પર બેસીને જમતા આપણે સીધી પીઠ રાખી બેસીએ છીએ, જે કરોડરજ્જુ અને પીઠની મજબૂતી માટે ઉત્તમ છે.

# એસિડિટી-ખાટા ઓડકારથી પરેશાન છો?

અનહેલ્ધી લાઈફસ્ટાઈલ અને ખોરાકના કારણે પેટની સમસ્યાઓ વધી રહી છે. ડાયટિશિયન અમૃતા મિશ્રા મુજબ પલાળેલી બદામ, વરિયાળીનું પાણી, પપૈયું, ઓટ્સ અને નાળિયેરનું પાણી એસિડિટીથી રાહત આપે છે. આજકાલ અનહેલ્ધી લાઈફસ્ટાઈલ અને ખોરાકના કારણે પેટની સમસ્યાઓ વધી રહી છે. તેમાં એસિડિટી, પેટમાં બળતરા અને ખાટા ઓડકાર સૌથી વધુ પરેશાન કરે છે. આ સમસ્યાઓ ખાસ કરીને સવારે વધુ જોવા મળે છે. ઘણી વખત આ સમસ્યાઓ એટલી વધી જાય છે કે સવારે નાસ્તો કરવાની પણ ઈચ્છા નથી થતી. સાથે જ, આખો દિવસ શરીરમાં ભારપણું રહે છે. હેલ્થ એક્સપર્ટના જણાવ્યા મુજબ, આ સમસ્યાઓ ત્યારે થાય છે જ્યારે આપણે રાત્રે મોડું ભોજન કરીએ છીએ અથવા વધુ મસાલેદાર અથવા તળેલી વસ્તુઓ ખાઈએ છીએ. આથી પેટમાં એસિડનું સ્તર વધી જાય છે અને એસિડિટી વધે છે. પલાળેલી બદામ: એક્સપર્ટના જણાવ્યા મુજબ, રાત્રે પાણીમાં પલાળેલી બદામ સવારે ખાલી પેટ ખાવાથી એસિડિટીમાંથી રાહત મળે છે. બદામમાં નેચરલ ઓઈલ્સ અને ફાઈબર હોય છે અને તેને



ખાવાથી પેટનું એસિડ ગળા સુધી નથી ચઢતું અને ખાટા ઓડકાર પણ નથી આવતી. રોજ ૪ થી ૫ ભીંજવેલા બદામ ચાવીને ખાવાથી પેટ હલકું રહે છે અને એનર્જી પણ મળે છે. વરિયાળીનું પાણી: રાત્રે એક ચમચી વરિયાળીમાં પાણીમાં પલાળીને સવારે તેનું પાણી ગાળીને પીવાથી પેટની બળતરા અને ખાટા ઓડકાર ઘણી હદ સુધી ઘટી શકે છે. તેમાં એન્ટી-એસિડ ગુણ હોય છે તેથી વરિયાળી પેટને ઠંડક આપે છે અને ગેસ બનવાથી રોકે છે. પપૈયું: આયુર્વેદ અનુસાર, પપૈયું શરીરના પિત્ત દોષને સંતુલિત કરે છે જે એસિડિટીના મુખ્ય કારણોમાંનું એક છે. સવારે કાપેલા પપૈયાના ટુકડા ખાવાથી ન માત્ર એસિડિટીમાંથી રાહત મળે છે પરંતુ કબજિયાત જેવી સમસ્યાઓ પણ દૂર થાય છે. નાળિયેરનું પાણી: નાળિયેરનું પાણી શરીરના પીએચ સ્તરને સંતુલિત કરવામાં મદદ કરે છે.

## તંત્રી લેખ...

# ચીનને પાક.થી દૂર કરવું જરૂરી

ઓપરેશન સિંદૂરમાં મળેલી સફળતાને આપણે એ ઉપમહાદ્વીપના શક્તિ-સંતુલનમાં થઈ રહેલા બદલાવના સંદર્ભે જોવું જોઈએ. એ હવે અનિવાર્ય થઈ ગયું છે કે આપણા નીતિ-નિર્માતા મોટી તસવીર પર ધ્યાન આપે અને એને જ અનુરૂપ યોગ્ય રસ્તો અપનાવે. જ્યારે આંતરરાષ્ટ્રીય અને ક્ષેત્રીય સમીકરણ તેજીથી બદલાઈ રહ્યા હોય ત્યારે ભારતીય રણનીતિને એક નવી દિશા આપવા માટે કેટલીક વાતોનું ચોક્કસ ધ્યાન રાખવું જોઈએ. અસલમાં ચીન અને પાકિસ્તાનની દોસ્તી એક એવી હકીકત બની ચૂકી છે, જેને નજરઅંદાજ ન કરી શકાય અને જેનો મુકાબલો કરવો બહુ આસાન પણ નથી. મોટાભાગના વિશ્લેષકો માને છે કે સીમિત સંઘર્ષોમાં પાકિસ્તાન પર ભારતે ભલે સરસાઈ મેળવી હોય, પરંતુ હવે એનો કોઈ મતલબ નથી, ખાસ કરીને ત્યારે, જ્યારે એવા સંઘર્ષ પર પરમાણુ તણાવની છાયા હોય. સાચું એ જ છે કે પાકિસ્તાન આપણી બરાબરીનું સૈન્ય પ્રતિદ્વંદ્વી છે. ચીનના સૈન્ય ઔદ્યોગિક માળખાને ત્યાં આવવાથી સ્થિતિ વધુ જટિલ થઈ ગઈ છે. ચીન કોઈપણ સંઘર્ષને તેના પક્ષમાં ઝૂકી શકે છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મી (પીએલએ)એ ગત એક દાયકામાં પોતાની સેનાઓને ઘણું આધુનિક બનાવ્યું છે. જોકે તેનો મૂળ મકસદ તાઈવાન જલડમરુમધ્યમાં અમેરિકી પહોંચને રોકવું અને તેને હરાવવાનું છે.

## વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ ભારતે ભારે ગરમીના જોખમ વ્યવસ્થાપન માટે સક્રિય-દૂરંદેશી અભિગમ અપનાવ્યો છેઃ ડો. પી.કે. મિશ્રા

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડૉ. પી.કે. મિશ્રાએ યુએન સેક્રેટરી જનરલના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો છે અને વૈશ્વિક કટોકટી તરીકે ભારે ગરમીનો સામનો કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ગઈકાલે જીનીવામાં એક્સ્ટ્રીમ હીટ રિસ્ક ગવર્નન્સ પરના ખાસ સત્ર દરમિયાન મુખ્ય સંબોધન કરતા, તેમણે ભાર મૂક્યો હતો કે વધતું તાપમાન જાહેર આરોગ્ય, આર્થિક સ્થિરતા અને પર્યાવરણીય સ્થિતિસ્થાપકતા માટે પ્રણાલીગત ખતરો છે અને ભારત એક્સ્ટ્રીમ હીટ રિસ્ક ગવર્નન્સ માટે કોમન ફ્રેમવર્કને વહેંચાયેલ શિક્ષણ, માર્ગદર્શન અને સહયોગ માટે એક પ્લેટફોર્મ તરીકે આગળ વધારવા માટે UNDRRની પહેલનું સ્વાગત કરે છે.

ડૉ. મિશ્રાએ ભાર મૂક્યો હતો કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતે ભારે ગરમીના જોખમ વ્યવસ્થાપન માટે સક્રિય અને દૂરંદેશી અભિગમ અપનાવ્યો છે. તેમણે માહિતી આપી હતી કે ભારત આપત્તિ પ્રતિભાવથી આગળ વધીને સંકલિત તૈયારી અને શમન વ્યૂહરચના તરફ આગળ વધ્યું છે. ૨૦૧૬ થી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA)એ ગરમીના મોજા વ્યવસ્થાપન પર વ્યાપક રાષ્ટ્રીય માર્ગદર્શિકા વિકસાવી છે, જે ૨૦૧૯માં સુધારેલ હતી. વિકેન્દ્રિત ગરમી કાર્ય યોજના (HAP) માટે પાયો નાખ્યો હતો. તેમણે અમદાવાદ હીટ એક્શન પ્લાનની પ્રશંસા કરી હતી, જેમાં દર્શાવવામાં આવ્યું હતુ કે કેવી રીતે વહેલી ચેતવણી આંતર-એજન્સી સંકલન અને સમુદાય સંપર્ક જીવન બચાવી શકે છે. મુખ્ય સચિવે ભાર મૂક્યો કે, "ગરમીથી પ્રભાવિત ૨૩ રાજ્યોના ૨૫૦થી વધુ શહેરો અને જિલ્લાઓમાં ગરમી કાર્ય યોજનાઓ કાર્યરત છે, જેનu NDMAના સલાહકાર, તકનીકી અને સંસ્થાકીય પદ્ધતિઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે." તેમણે ભાર મૂક્યો કે મજબૂત દેખરેખ, હોસ્પિટલની તૈયારી અને જાગૃતિ અભિયાનોને કારણે ગરમીના મોજા સંબંધિત મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે ભારતનો અભિગમ સમગ્ર સરકાર અને સમગ્ર સમાજનો છે, જેમાં આરોગ્ય, કૃષિ, શહેરી વિકાસ, શ્રમ, વીજળી, પાણી, શિક્ષણ અને માળખાગત સુવિધાઓ મંત્રાલયોનો સમાવેશ થાય છે. તેમણે ઉમેર્યું કે જાહેર આરોગ્ય સંસ્થાઓ, સંશોધન જૂથો, નાગરિક સમાજ સંગઠનો અને યુનિવર્સિટીઓ સ્થાનિક સરકારોને ગરમી કાર્ય યોજનાઓને સુધારવામાં મદદ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

ડૉ. મિશ્રાએ ભાર મૂક્યો કે, "અતિશય ગરમી સમુદાયોને ખૂબ અસર કરે છે, અને ભારતે તેના પ્રતિભાવમાં પરંપરાગત જ્ઞાન અને સ્થાનિક અનુભવોને સક્રિયપણે સામેલ કર્યા છે." તેમણે ઉમેર્યું કે શાળાઓ વ્યવહાર પરિવર્તન માટે ઉત્પ્રેરક બની છે, બાળકોને આબોહવા સ્થિતિસ્થાપકતા વિશે શિક્ષિત કરે છે. તેમણે એ પણ ભાર મૂક્યો કે હોસ્પિટલો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ઝડપી અને અસરકારક કટોકટી પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે મજબૂત બનાવવા જોઈએ.

ભારતના ફક્ત તૈયારી-આધારિત અભિગમથી લાંબા ગાળાના ગરમીના પવન ઘટાડવાના અભિગમ, જેમાં કૂલ રૂફ ટેકનોલોજી, પેસિવ કૂલિંગ સેન્ટર, શહેરી હરિયાળી અને પરંપરાગત જળ સંસ્થાઓના પુનરુત્થાનનો સમાવેશ થાય છે, તેની રૂપરેખા આપતા શ્રી મિશ્રાએ પુષ્ટિ આપી કે ભારત શહેરી ગરમી ટાપુ (UHI) મૂલ્યાંકનને શહેર આયોજનમાં એકીકૃત કરી રહ્યું છે.


એક મોટા નીતિગત પરિવર્તનની જાહેરાત કરતા, ડૉ. મિશ્રાએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય અને રાજ્ય આપત્તિ શમન ભંડોળ (SDM-F)નો ઉપયોગ હવે ગરમીના મોજા ઘટાડવા માટે થઈ શકે છે, જેનાથી સ્થાનિક સરકારો, ખાનગી ક્ષેત્રની સંસ્થાઓ, NGO અને વ્યક્તિઓ નિવારણ અને શમન પ્રોજેક્ટ્સને સહ-ધિરાણ આપી શકે છે, જેનાથી સહિયારી જવાબદારીને પ્રોત્સાહન મળે છે. ડૉ. મિશ્રાએ બાકી રહેલા મુખ્ય પડકારોને સ્વીકાર્યા અને પ્રારંભિક ચેતવણી પ્રણાલીઓને વધારવા, એડવાન્સ બિલ્ડિંગ ટેકનોલોજી અને પેસિવ કૂલિંગ નવીનતાઓ જે સસ્તી અને સાંસ્કૃતિક રીતે યોગ્ય છે અને સમાનતાની ચિંતાઓને સંબોધવા માટે વાસ્તવિક સમયના ડેટા પર આધારિત સ્થાનિક ગરમી-ભેજ સૂચકાંક વિકસાવવા પર વૈશ્વિક ધ્યાન કેન્દ્રિત કરવા હાકલ કરી, કારણ કે ભારે ગરમી મહિલાઓ, બહાર કામ કરતા કામદારો, વૃદ્ધો અને બાળકોને અપ્રમાણસર અસર કરે છે. ડૉ. મિશ્રાએ "ભાર આપીને કહ્યું કે હીટવેવ સીમાપાર અને પ્રણાલીગત જોખમ, ખાસ કરીને ગીચ વસ્તીવાળા શહેરી ક્ષેત્રો માટે છે." તેમણે આંતરરાષ્ટ્રીય સમુદાયને ગરમી પ્રત્યે સ્થિતિસ્થાપકતા પર તકનીકી સહયોગ, ડેટા શેરિંગ અને સંયુક્ત સંશોધન વધારવનો આગ્રહ કર્યો હતો. તેમણે સંસ્થાકીય અને નાણાકીય સહાય પદ્ધતિઓ સાથે સુલભ જ્ઞાન, સંશોધન અને વ્યવહારુ ઉકેલો પ્રદાન કરવા માટે સામાન્ય માળખા માટે હાકલ કરી છે.

ડૉ. મિશ્રાએ ભારે ગરમી પ્રત્યે સ્થિતિસ્થાપક, સંકલિત અને સક્રિય વૈશ્વિક પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે વૈશ્વિક ભાગીદારો સાથે તેની કુશળતા, તકનીકી ક્ષમતાઓ અને સંસ્થાકીય શક્તિઓ શેર કરવાની ભારતની સંપૂર્ણ પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી છે.

**પ્રકૃતિમાં દરેક વ્યવસાયને અંતર્ગત ભ્રષ્ટાચાર થવાથી પ્રદૂષણ ફેલાય છે, અને અત્યારે તો એવી પરિસ્થિતિ છે**

# આજનું પ્રદૂષિત પર્યાવરણ એ વિજ્ઞાનની ભેટ છે! અને આપણી ભૂલ!





સદ્‌ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આજની વિશ્વની પરિસ્થિતિ કદાચ ફક્ત વધુ પડતાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાથી જ આવી છે! એવું તો નથી ને? અને લગભગ બધાનો જવાબ હાં હશે એવું ચોક્કસ પણે કહી શકાય, કારણકે વિજ્ઞાનિક વિકાસને નામે આજે સમાજમાં પ્રકૃતિમાં જે રીતે પ્રદૂષણ છોડવામાં આવે છે, એ અંતે તો આપણું જીવન જ જોખમમાં મૂકી રહ્યું છે, એ વિશે હવે સચેત થવું પડશે, વિસ્તૃત રીતે આ પ્રક્રિયા જોઈએ તો, પૃથ્વી પર વસ્તી વધારો ખૂબ વધી રહ્યો છે.**

હાલમાં ૫ જૂન એ પર્યાવરણ દિવસ ગયો,! પર્યાવરણ એટલે આપણી આસપાસની પ્રકૃતિ! અને તેનું સંરક્ષણ કરવું એ દરેકની ફરજ છે! કંઈ રીતે કરવું એ પણ આપણે પ્રાથમિક શાળામા ભણી ગયાં પણ ભણવા પુરતું ભણી લીધું! પછી ભૂલી ગયાં એટલે આ પરિસ્થિતિ ઉભી થઈ છે. પણ છતાં દેખાડો કરવાનું આપણે ચૂકતા નથી! પર્યાવરણ દિવસ નિમિત્તે દેશભરમાં કઈ કેટલાય કાર્યક્રમનું આયોજન થયું હશે, નેતાઓએ ભાષણો આપ્યા હશે, જંગલો બચાવવા વિશે યોજનાઓ ઘડી હશે, વૃક્ષારોપણના કાર્યક્રમો પણ કર્યા હશે, પરંતુ શું એટલું પર્યાપ્ત છે? વારંવાર આવતાં વાવાઝોડામાં કુદરતી સૌંદર્યને બહું મોટી નકશાની થાય, અને અસંખ્ય વૃક્ષો ધરાશયી થાય, અને રીતે જોઈએ તો અત્યાર સુધીમાં જેટલા વૃક્ષો ધરાશયી થયાં, એટલા ઉગે નહીં ત્યાં સુધી ઓક્સિજનની કમી યથાવત રહેશે. તો શું વાતાવરણમાં ઓક્સિજનનું પ્રમાણ બરકરાર રહે અને ઝેરી વાયુઓ વધે નહીં, એ જોવાની જવાબદારી માત્ર સરકારની જ છે? ઓક્સિજન તો આપણે પણ જોઈએ છીએ, તેને માટે સમાજનાં એકોએક વ્યક્તિએ જાગવું પડશે, અને પર્યાવરણની રક્ષા કરવી પડશે! વૃક્ષારોપણ કરવું, એ ખરેખર બહુ જ સારી વાત છે, પણ સાથે સાથે પર્યાવરણની શુદ્ધતા બચાવવા શું ન કરવું જોઈએ, એનો વિચાર પણ હવે દરેક વ્યક્તિએ કરવો પડશે. જ્યાં ત્યાં ફેંકાતા કચરા અને એમાં પણ પ્લાસ્ટિક બેગનો ઉપયોગ ટાળવો પડશે, કચરાઓ કોહવાય જતા કાર્બન મોનોક્સાઈડ વાયુ ઉત્પન્ન થાય છે, જે અત્યંત ઝેરી વાયુ છે, અને ઓક્સિજનની કમી તેને કારણે થાય છે. સમાજનો દરેક વ્યકતિ કચરો કહોવાય નહીં તેનું ધ્યાન રાખી શકે, એવી જ રીતે પ્રાકૃતિક ઘટકોનો બગાડ ના થાય એવી જીવન વ્યવસ્થા વિચારવી પડશે. દિવસે દિવસે વસ્તીમાં વધારો થઈ રહ્યો છે, એટલે આપણી પાસે જંગલો અને વૃક્ષો માટે જમીન વધવાની નથી, આ ઉપરાંત ખેતી માટેની જમીનો બિનખેતી કરી ત્યાં પણ શોપિંગ મોલ અને ઉદ્યોગોનો વિકાસ થાય છે, એટલે એકંદરે ક્યાંક વિકાસ આપણને નડે છે. ફરી પાછો કોરોના વાયરસ આવ્યો છે, પણ કોરોનાથી પણ મોટું કોઈ સંકટ હોય તો એ અત્યારે પ્રદૂષણનું છે, અને એ પ્રદૂષણનો યોગ્ય ઉપાય કરી પર્યાવરણને બચાવવા દરેક વ્યક્તિ સંકલ્પિત હોવી જોઈએ, તો જ પરિસ્થિતિ સુધરી શકે. વિશ્વ સામે અત્યારે સૌથી મોટું સંકટ હોય તો એ પ્રદૂષણનું છે. જેમ દરેકે દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર છે, એ જ રીતે પ્રકૃતિમાં દરેક વ્યવસાયને અંતર્ગત ભ્રષ્ટાચાર થવાથી પ્રદૂષણ ફેલાય છે, અને અત્યારે તો એવી પરિસ્થિતિ છે, કે પ્રકૃતિમાં પ્રદૂષણ નહીં, પરંતુ પ્રદૂષણમાં પ્રકૃતિ એટલે કે પૃથ્વી ફરતી હોય એવું લાગે છે. આપ કહેશો આ તો અતિશયોક્તિ છે, પણ એવું બિલકુલ નથી. જરાક શાંતિથી વિચારો તો શ્વાસમાં આપણે જે ઓક્સિજન લઈ રહ્યાં છીએ તે શું શુદ્ધ છે? અને એની તપાસ કરવામાં આવે, તો તરત જ ખ્યાલ આવી જશે, કે પરિસ્થિતિ બહુ જ ગંભીર છે, અને એટલે જ દુનિયામાં અસ્થમાનાં રોગીની સંખ્યા નિરંતર વધતી રહે છે. માનવી જે શ્વાસમાં લે છે, એ ઓક્સિજન પણ અહીં શુદ્ધ નથી! તો બાકીની તેની જે પ્રાથમિક જરૂરિયાત છે, તેમાં શુદ્ધતાની ક્યાંથી આશા રાખી શકાય. એટલે કે પાણી પણ પ્રદુષિત, ખોરાક પણ પ્રદૂષિત, અને ઉપરથી માનવીએ જરૂરિયાતોને નામે જે આદતો પાડી છે એ પણ પ્રદૂષિત. બાહ્ય પ્રકૃતિમાં તો આવા કેટલાય પ્રદૂષણ છે, એ બધાં આ રીતે શરીરની અંદર પ્રવેશતાં, આંતરિક પ્રકૃતિ પણ અસંતુલિત અને પ્રદૂષિત થાય છે, અને આજકાલ નાની ઉંમરમાં અસ્થમા બી.પી ડાયાબિટીસ અને હાર્ટ ટર્બલ જેવા ભયંકર રોગ થાય છે, તે બધું આને પ્રતાપે છે. પરંતુ આ કપરી પરિસ્થિતિનો સામનો કરવો હોય અથવા તો તેમાં સુધારો કરવો હોય તો આપણે શું કરી શકીએ? મને લાગે છે કે આપણે આપણો જીવવાનો અભિગમ બદલવો પડશે,તો જ આ ગંભીર સમસ્યામાંથી છુટકારો મળશે. આજની વિશ્વની પરિસ્થિતિ કદાચ ફક્ત વધુ પડતાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવાથી જ આવી છે! એવું તો નથી ને? અને લગભગ બધાનો જવાબ હાં હશે એવું ચોક્કસ પણે કહી શકાય. કારણકે વિજ્ઞાનિક વિકાસને નામે આજે સમાજમાં પ્રકૃતિમાં જે રીતે પ્રદૂષણ છોડવામાં આવે છે, એ અંતે તો આપણું જીવન જ જોખમમાં મૂકી રહ્યું છે, એ વિશે હવે સચેત થવું પડશે. વિસ્તૃત રીતે આ પ્રક્રિયા જોઈએ તો, પૃથ્વી પર વસ્તી વધારો ખૂબ વધી રહ્યો છે, અને એટલા પરિવારની પ્રાથમિક જરૂરિયાત વિશે પણ સરકારે કે વિજ્ઞાન એ વિચારવું રહ્યું, એટલે પ્રકૃતિ સાથે ચેડાં કરવાનું શરૂ થયું. પહેલાં જંગલો કપાયાં, રોજગાર માટે ખેતીની જમીન બિન ખેતી સાબિત કરી ઉદ્યોગો સ્થાપ્યાં, એટલે અનાજ ઓછું પડ્યું, એટલે મબલખ પાક લેવા ખેતીની જમીનમાં ખાતર રૂપે રસાયણો નાખ્યા,જમીન પ્રદૂષિત થતાં અનાજનાં છોડમાં રોગ આવ્યાં, એટલે જંતુનાશક દવાઓ છાંટી,એવો ખોરાક માનવ ખાય એટલે કેન્સર, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, જેવા રોગ આવ્યાં. ઉપરાંત પોલિયો જેવાં જન્મ જાત રોગ પણ આવ્યાં,ને આજે તો ફુગાવો અને મોંઘવારી વધતા ભૂખમરો વધી જતાં કુપોષણની સમસ્યા એ અજગર જેમ ભરડો લીધો છે.

તો જરાક વિચારીએ કે એકવીસમી સદીનો જે નારો લગાવી રહ્યા છીએ,જે રીતે વિકાસનું મુલ્યાંકન થઈ રહ્યું છે, અને આ બધું તો ફક્ત ઉપર છલ્લું આપણે જોયું, હજી તો સંક્રમિત વનસ્પતિના ફાયદા ગેરફાયદા, મિલ્ક પાવડર અને એસિડ વે પાવડર અથવા ડિટર્ઝટ પાવડર નાખી ને બનતા નકલી પેસ્ચ્યુરાઈડઝ દૂધ, નકલી દવાઓ એની આડઅસર અને જમીનમાં ખાતર નાખી જે રીતે પાક લેવામાં આવે છે, એને આરોગવાથી કેટલા માનસિક વિકાર એટલે કે વિકૃતિ વધે છે, એ વિશે તો કોઈ વિચારતું જ નથી? પણ અંતે તો આ બધું આપણી અસંતુલિત પ્રકૃતિનું પરિણામ છે! અને સમાજમાં સંબોધોનું જે રીતે ધોવાણ થઈ રહ્યું છે,એ જોતાં આવતા દસ વર્ષમાં અનાથ આશ્રમ, વૃદ્ધાશ્રમ, અને એ ઉપરાંત ત્યકતા, તથા કુંવારી માતાની સંખ્યા આજ કરતા દસ ગણી હશે.આ કલ્પના પણ બિહામણી છે, તો વાસ્તવિકતા કેમ જોઈ જશે!! એવું નથી લાગતું કે હવે જરાક તો આંખો ખોલીને જોવું પડશે? આ વિકટ પરિસ્થિતિ માંથી બહાર આવવાં સૌ એ એક મત પર સંમત થઈ, આગળ વધવું પડશે, નહીં તો આ પ્રદૂષણ આપણને નહીં છોડે. ક્યાંક એવું ન થાય કે આગળ જતાં પગ પાછાં પડે!

ઈશ્વરે બનાવેલી આ સૃષ્ટિમાં જો સૌથી બુદ્ધિશાળી કોઈ હોય, તો એ માનવ છે! અને એણે દુનિયાની અદ્યતન માં અદ્યતન શોધ કરીને સાબિત પણ કરી દીધું છે! પણ મને લાગે છે કે, એની વધુ પડતી બૌદ્ધિકતા જ એનાં અસ્તિત્વ માટે જોખમી પૂરવાર થશે! કારણકે માત્ર વૈજ્ઞાનિક વિકાસનો અભિગમ સમાજના સર્વાંગી વિકાસને સાધતો નથી, અને એટલે અન્ય દેશની સરખામણીમાં એક બે મોલ ઓછા હશે તો ચાલશે, એકાદ-બે રોગની દવા નહીં મળી હોય તો પણ ચાલશે, ઉદ્યોગો પણ પ્રમાણમાં ઓછાં હશે તો ચાલશે, અદ્યતન શાળાઓ નહીં હોય તો પણ ચાલશે, અને અત્યારની જનરેશન મુજબ આધુનિકતાની વિચારસરણી નહીં હોય તો પણ ચાલશે. પરંતુ સૌથી મહત્ત્વનું પૃથ્વી અને આપણું અસ્તિત્વ હોવું બહુ જરૂરી છે, અને જેટલું આયુષ્ય હોય એટલું સ્વસ્થ અને પ્રસન્ન હોય એ જરૂરી છે. તો પ્રકૃતિને સુરક્ષિત રાખવી એ આપણી દરેકની ફરજ છે. પરંતુ માત્ર પ્રકૃતિ બચાવોનાં નારા લગાવવાથી કંઈ પુરું થાય એવું નથી,એની માટે નક્કર પગલાં ભરવા પડશે. તો વિજ્ઞાને ઘણો વિકાસ કરી લીધો,અને બુદ્ધિજીવી માત્ર કહેવડાવવાનું નથી, થવાનું પણ છે, કે આ સારું કે ખરાબ!, એનું મુલ્યાંકન કરી, શોધને અપનાવવી કે અનાદર કરવો, એ દરેકે દરેક વ્યક્તિ પર નિર્ભર કરે છે. પરંતુ એક ભારતીય હોવાને કારણે સૌના ઉજ્જ્વળ ભવિષ્યની પ્રાર્થના જરુર કરી શકાય.જય હિન્દ.

**જેઓ વર્તમાનનો સારો ઉપયોગ કરે છે તે અસાધારણ લોકો છે, તેથી જ દરેક વ્યક્તિએ વર્તમાન નો સારો ઉપયોગ કરવો જોઈએ**

# કોઈ એટલો ધનવાન નથી કે પોતાનો ભૂતકાળ ખરીદી શકે અને એટલો ગરીબ નથી કે પોતાનું ભવિષ્ય બદલી ન શકે



વિશેષ
ચરણસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**આપણે ભૂતકાળ પર કોઈ ભાર નથી અને ભવિષ્ય વાસ્તવમાં, જે થયું તેને ભૂલી જાઓ હવે પછીનું સુધારી લો એ માત્ર એક કહેવત નથી, પણ સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવાનો એક ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ છે, જેનાથી ભૂતકાળને ભૂલીને ભવિષ્ય જીવવાની પ્રેરણા મળે છે.**



આજકાલ ચારેબાજુ કાળઝાળ મોંઘવારી બેરોજગારી ભ્રષ્ટાચાર થી પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈછે શિક્ષિત બેરોજગાર યુવાધન એન કેન પ્રકારે સમય વેડફી રહયા છે. ગૃહસ્થો સન્યાસીઓ ભૂતકાળ ની ઘટનાઓને વાગોળી ભવિષ્ય માં શું થશે તે બાબતે ચિંતીત છે. ગૃહિણીઓ ખાદ્યચીજ વસ્તુના વધતાં ભાવથી વિહવળ છે કેમ ખરું ને?? આવા નાના કારણે વર્તમાન સમયને સારી રીતે જાણી કે માણી શકતા નથી ત્યારે આચાર્ય ચાણક્યજીએ બહુ સરસ કહ્યું છે કે કોઈએ ભૂતકાળનો શોક ન કરવો જોઈએ,ન તો ભવિષ્યમાં શું થશે તેની ચિંતા કરવી જોઈએ. જેઓ વર્તમાનનો સારો ઉપયોગ કરે છે તે અસાધારણ લોકો છે. તેથી જ દરેક વ્યક્તિએ વર્તમાન નો સારો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે આપણે ભૂતકાળ પર કોઈ ભાર નથી અને ભવિષ્ય વાસ્તવમાં,જે થયું તેને ભૂલી જાઓ હવે પછીનું સુધારી લો એ માત્ર એક કહેવત નથી,પણ સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવાનો એક ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ છે,જેનાથી ભૂતકાળને ભૂલીને ભવિષ્ય જીવવાની પ્રેરણા મળે છે.આ કરવા માટે વર્તમાનની જમીન પર પાયો નાખવાથી, ભવિષ્યનું નિર્માણ પણ શક્ય છે. તેથી, ભવિષ્યનું નિર્માણ કરવા માટે, માણસે ભૂતકાળમાંથી શીખવું જોઈએ. વાસ્તવિકતાના આધારે સંપૂર્ણ પ્રયાસ કરવો જોઈએ. સત્ય એ છે કે ભૂતકાળ મરી ગયો છે, વાસ્તવિકતા સજીવ જીવંત છે,જ્યારે કલ્પનાની દુનિયા પ્રાર્થના સહાયક તરીકે કામ કરે છે, કોઈ એટલો ધનવાન નથી કે પોતાનો ભૂતકાળ ખરીદી શકે અને એટલો ગરીબ નથી કે પોતાનું ભવિષ્ય બદલી ન શકે. આજના સમયમાં લોકો કાળઝાળ મોંઘવારી, બેરોજગારી અને ભ્રષ્ટાચારથી પરેશાન છે. શિક્ષિત યુવાધન સમયનો યોગ્ય ઉપયોગ કરતો ન દેખાય. ઘણા લોકો ભૂતકાળમાં થયેલી ઘટનાઓને લઈને વ્યથિત છે, અને ભવિષ્યમાં શું થશે તે અંગે ચિંતિત છે. આવા સંજોગોમાં આચાર્ય ચાણક્યનું સૂચન ખૂબ જ સારું છે - "ભૂતકાળનો શોક ન કરો, ભવિષ્યની ચિંતા ન કરો, પણ વર્તમાનનો સારો ઉપયોગ કરો." જે લોકો વર્તમાનને યોગ્ય રીતે જીવે છે, એ જ ખરેખર અસાધારણ છે. ભવિષ્યને સુધારવા માટે વર્તમાન જ એકમાત્ર પાયો છે. બીતી તાહી બિસાર દે, આગીન સુધિ લાયા ચોક્કસપણે અજોડ શક્તિના રોના રૂપમાં ત્રણેય ભૂત કાળ, વર્તમાન અને ભવિષ્યના વ્યવસ્થિત સંચાલન તરફ નિર્દેશ કરે છે. અર્થ બહુ સ્પષ્ટ છે કે ભૂતકાળને ભૂલી જાવ, એ બધા વિદ્વાનોનું સત્ય જણાય છે કે સ્મૃતિ દાન છે,તેથી વિસ્મૃતિએ એક પ્રકારનો પ્રસાદ છે. 'આગે કી સુધિ લે'શબ્દ ભવિષ્યની સુખાકારીનો સંકેત આપે છે.યુગોમાં પણ આપણા આરાધ્ય દેવતાઓ એ શક્ય હોય ત્યાં સુધી અપ્રિય અથવા અત્યંત અપ્રિયપરિસ્થિતિઓને ભૂલી જવાનો સંદેશો ફેલાવ્યો છે, પછી તે સમય હોય કે ગુજરી રહેલી વ્યક્તિ. તેણે કર્યું છે અને ગયું છે, તે ફરી પાછો નથી આવતો, આ દૃષ્ટિકોણ થી સૂઈ જાઓ અને જુઓ, પછી ભૂતકાળ માટે પસ્તાવોજ નુકસાન કરે છે. કેટલાક વિદ્વાનોએ સાચું જ કહ્યું છે - ગતમ્ ના શોચામિ કૃતમ ના મન્યે.દિલગીર થવું રડવું, ધોવા વગેરે આવા કામ નકામા છે. કવિ તુલસીદાસજીએ સ્પષ્ટ લખ્યું છે-કા વરા જબ ખેતી સુકાઈને સમયથી પુની કા પચીતને. ભૂતકાળમાં જે થયું તેને ભૂલી જાઓ એ માત્ર કહેવત નથી, પણ એ માનવજીવન માટે ઊંડો સંદેશ છે. ભૂતકાળથી શિક્ષા લઈ વર્તમાનમાં સઘન પ્રયત્ન કરવો જોઈએ. ખરેખર, ભૂતકાળ મરી ગયો છે અને કલ્પના માત્ર વિચાર છે. "બીતી તાહી બિસાર દે, આગળ સુધી લેજે" - આ કહેવતનો અર્થ છે કે ભૂતકાળ ભૂલી જાઓ અને આવનારી ક્ષણ માટે તૈયાર રહો. ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્યનું યોગ્ય રીતે સંચાલન કરવું એજ જીવનસફળતાનો રસ્તો છે. વિદ્વાનો કહે છે કે સ્મૃતિ દાન છે, અને વિસ્મૃતિ પ્રસાદ છે. એક વાર સમય ચૂકી ગયા પછી ગમે તેટલો પસ્તાવો કરો તો પણ કોઈ ફાયદો નથી થઈ શકતો. સમયની ગતિને ઓળખીતે પ્રમાણે વર્તવું અને આગળ વધવું એ જ સફળતાનો સાચો માર્ગ છે. પસ્તાવો એટલે એક ભૂલ બીજી ભૂલ કરવી. ભૂતકાળના અનુભવો માંથી,ભગવાન કૃષ્ણ ચોક્કસપણે આપણને આવતી કાલનો માર્ગ બતાવે છે, આ ત્રણ, સત-રજ- તમ થી ઉપર ઊઠીને, રાજ્ય મુજબ સ્થિર અથવા કાયમી બુદ્ધિ સુધી પહોંચવા માટે. સંદેશ જણાવે છે. 'ભૂલી જવું એ નકારાત્મક ઘટના ઓ અને આવા અન્ય દશ્યોના અંધકારમાંથી બહાર આવીને નવા પ્રકાશ સાથે ગંતવ્ય શોધવાનું એક સ્વરૂપ છે. આ માટે,ફક્ત ઉચ્ચ વિચાર, યોગ પ્રાણાયામ અને સક્રિયતાના જીવન માટે એક નવું પરિમાણ શરૂ કરવું પડશે.તુલસીદાસજી લખે છે - "કા વરા જબ ખેતી સુકાઈ", એટલે કે સમય પસાર થઈ ગયો પછી પસ્તાવાથી કશુ મળતું નથી. એટલે જીવનમાં દરેક ક્ષણનો સદુપયોગ કરવો જોઈએ. સમય એક દિશા છે, જેને ઓળખીને આગળ વધવું એ સફળતાનો સાચો માર્ગ છે.

આ સંદર્ભમાં એક વિદ્વાને સાચું જ કહ્યું છે કે ભૂતકાળએ ભવિષ્ય ની પ્રયોગશાળા છે. વર્તમાનએ તમારી ભૂલો અને ભૂતકાળમાં થયેલી ભૂલોમાંથી બોધપાઠ લેવાનું અને ભવિષ્યમાં તેનું પુનરાવર્તન ન કરવાનું પ્લેટ ફોર્મછે આ વાત પર નિશાન સાધતા 'ખલીલ જિબ્રાને' ખૂબ જ સચોટ રીતે કહ્યું છે, 'ગઈકાલ આજની સ્મૃતિ છે અને આવતીકાલ આજનું સ્વપ્ન છે.. તેથી અમારી પાસે વર્તમાન છે. તેથી જ આ સમયની એક-એક ક્ષણ ખૂબ જ આનંદથી પસાર કરવી જોઈએ.ખરેખર, ચિંતા કરવામાં જે સમય વિતાવ્યો તે ડસ્ટબીનમાં ગયો અને વિચારવા માં વિતાવેલો સમય ખૂબ જ સુંદર તિજોરીમાં જમા થયો. આપણા હાથમાં માત્ર વર્તમાન છે. આજે જે આપણે વિચારીએ અને કરીએ છીએ, એ જ આપણા આવતીકાલને ઘડે છે. તેથી, આ સમય અપાર સંપત્તિનો શોભાના અજોડ મોતીનો અનેઅમૃતસમાન જીવનનો જીવન દાતા ઉત્સવ છે, જેના દ્વારા આપણે માનવ જીવન ને ઘણા અંશે ઉન્નત કરી શકીએ છીએ. ભગવાન શ્રીકૃષ્ણ પણ ગીતા માં કહી ગયા કે કર્મ કરો, પસ્તાવા કે અપશબ્દોથી કંઈ લાભ નથી. જીવનમાં ભૂતકાળમાંથી શીખો, પણ તેમાં ફસાઈ ન જાવ. નકારાત્મકતાથી બહાર આવી, ઉર્જાવાન જીવન જીવવું એ મુખ્ય મંત્ર છે.

માર્ક ટ્વેઈને કહ્યું છે કે 'આપણી પાસે સૌથી મૂલ્યવાન વસ્તુ સમય છે. તેથી, તેનો ખર્ચ સમજીને અને આર્થિક રીતે કરવો જોઈએ. તે જ સમયે શ્રેષ્ઠ જીવન જીવવાની કળા જાણી લો ભૂતકાળ શું થયું, તેને સતત વાગોળવાની કોઈ જરૂર નથી ભવિષ્યમાં શું થશે તેની ચિંતા કરી જીવન વ્યતીત કરશો તો રોગનો ભોગ બનશો માટે વર્તમાન સમયને શ્રેષ્ઠ સમજી આનંદથી જીવો ગઈકાલે અગિયારસ સાથે ઈદ ઉલ અઝા બકરી ઈદ મનાવી.. અસ્તુ.

### અભિનેતા વિક્રાંત મેસી અને શનાયા કપૂરની

# ફિલ્મ આંખો કી ગુસ્તાખિયાંનું પોસ્ટર રિલીઝ

**ફિલ્મમાં ફક્ત સંગીતમય રોમાંસ જ નથી, પરંતુ તેમાં વિશાલ દ્વારા રચિત હૃદયસ્પર્શી સંગીત પણ છે**

અભિનેતા વિક્રાંત મેસી અને શનાયા કપૂર ફિલ્મ 'આંખો કી ગુસ્તાખિયાં' દ્વારા દર્શકોના દિલ જીતવા માટે તૈયાર છે. આ એક સંગીતમય પ્રેમકથા છે જે ચોક્કસપણે દર્શકોના દિલને સ્પર્શી જશે. તમને જણાવી દઈએ કે માનસી બાગલા દ્વારા લખાયેલી આ ફિલ્મથી શનાયા બોલિવૂડમાં ડેબ્યૂ કરી રહી છે. તાજેતરમાં જ ફિલ્મનું પહેલું પોસ્ટર રિલીઝ થયું હતું. આંખો કી ગુસ્તાખિયાં મુવીનું તાજેતરમાં પહેલું પોસ્ટર રિલીઝ છે જેમાં વિક્રાંત અને શનાયા મેળામાં એકબીજા સાથે પ્રેમથી સુંદર પળો વિતાવતા જોવા મળે છે. પોસ્ટર સ્પષ્ટપણે દર્શાવે છે કે આ ફિલ્મ ખૂબ જ મીઠી અને દિલ જીતી લે એવી સ્ટોરી હશે. શનાયા કપૂર આ ફિલ્મથી બોલીવુડમાં ડેબ્યૂ કરી રહી છે. તેની જોડી વિક્રાંત મેસી સાથે છે, જે તેની સાદગી અને ઉત્તમ અભિનય માટે જાણીતા છે. આ જોડી સ્ક્રીન પર ખૂબ જ તાજી અને રસપ્રદ લાગે છે. પોસ્ટરમાં જોવા મળેલી ઝલકથી દર્શકોમાં ઉત્સુકતા વધી ગઈ છે કે આ જોડી સ્ક્રીન પર કેવી જોડી બનાવશે.આ ફિલ્મમાં ફક્ત સંગીતમય રોમાંસ જ નથી, પરંતુ તેમાં વિશાલ મિશ્રા દ્વારા રચિત હૃદયસ્પર્શી સંગીત પણ છે. તેના ગીતો તમને પ્રેમમાં વિશ્વાસ કરાવશે અને લાંબા સમય સુધી યાદ રહેશે. વિશાલ મિશ્રાના સંગીતથી શણગારેલી આ ફિલ્મ માત્ર એક લવસ્ટોરી નથી, પરંતુ એક સુંદર અનુભૂતિ છે.ઝી સ્ટુડિયો અને મીની ફિલ્મ્સ દ્વારા પ્રસ્તુત, આ ફિલ્મ માનસી બાગલા અને વરુણ બાગલા દ્વારા નિર્મિત છે. તેનું દિગ્દર્શન સંતોષ સિંહ દ્વારા કરવામાં આવ્યું છે અને વાર્તા માનસી બાગલા દ્વારા લખવામાં આવી છે. 'આંખો કી ગુસ્તાખિયાં' ૧૧ જુલાઈ ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.



### આ ફિલ્મ સત્ય ઘટના પર આધારીત હશે

# બાબિલ ખાન અને અલાયા એફ બોધાયન રોયચૌધરીની ફિલ્મ કરશે

બોલિવૂડમાં આજકાલ નવી અને અલગ પ્રકારની જોડીઓનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. તેમાં વધુ એક જોડીની ચર્ચા છે. બે મજબુત અને સજ્જ એક્ટર્સ તરીકે ઓળખાતી યંગ એક્ટર્સની જોડી એકસાથે જોવા મળશે. એવા અહેવાલો છે કે બાબિલ ખાન અને અલાયા એફ એક ફિલ્મમાં સાથે જોવા મળશે. આ કોઈ રોમેન્ટિક ફિલ્મ નહીં પણ બોધાયન રોયચૌધરીની સત્ય ઘટના પર આધારીત ફિલ્મ હશે, જેઓ પહેલાં 'સેક્ટર ૩૬' જેવી ફિલ્મ લખી ચૂક્યા છે.સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર બોધાયન રોયચૌધરી એક ફિલ્મ ડિરેક્ટ કરવા જઈ રહ્યાં છે. તેમણે બનાવેલ સેક્ટર ૩૬માં વિક્રાંત મેસ્સી હતો અને આ અગાઉ તેમણે 'તલાંખો મેં એક' ફિલ્મ પણ ડિરેક્ટ કરી હતી. આ એક ક્રાઈમ થ્રિલર અને સત્ય ઘટનાઓ પર આધારીત ફિલ્મ હશે.બાબિલે આ પહેલાં 'લોગઆઉટ' કરી હતી, જે ઓટીટી પર રિલીઝ થઈ હતી. તેમાં તેના અભિનયના વખાણ પણ થયા હતા. પછી તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એવી પણ જાહેરાત કરી હતી કે તે થોડા સમય માટે બ્રેક લઈ રહ્યો છે, સાથે જ તેણે સાઈ રાજેશની ફિલ્મ છોડવાની પણ જાહેરાત કરી હતી. આ વિખવાદ વચ્ચે સાઈ રાજેશ અને બાબિલ તો આજે પણ એવો જ દાવો કરે છે કે તેમની વચ્ચે બધું બરાબર છે. બાબિલને પોતાના માટે થોડો સમય જોઈતો હતો એટલે એણે એ ફિલ્મ છોડી છે. આ ઉપરાંત થોડાં વખત પહેલાં બાબિલે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક ઈમોશનલ વીડિયો પણ શેર કર્યો હતો, જેમાં તેણે અનન્યા પાંડે, સિદ્ધાંત ચતુર્વેદી અને અન્ય કલાકારોને રુડ ગણાવ્યાં હતાં.



### અમારા પ્રોજેક્ટ સાથે સંબંધ નથી તેમ કહી કરણ જોહરે હાથ ખંખેર્યા

# ફિલ્મ હોમબાઉન્ડના ફોટોગ્રાફર સામે જાતીય સતામણીના આરોપો



**પ્રતીક શાહ ન્યૂડ તસવીરો માગતો હોવાના તથા ગંદી ચેટના આરોપો હોમબાઉન્ડની ટીમ સાથે કાન ફેસ્ટિવલમાં પણ ગયો હતો**

કરણ જોહરની ધર્મા પ્રોડકશન્સની ફિલ્મ 'હોમબાઉન્ડ'ના ફોટોગ્રાફર પ્રતીક શાહ સામે જાતીય સતામણીના આરોપોથી ખળભળાટ મચી ગયો છે. પ્રતીક શાહે કેટલીય યુવતીઓ પાસે ન્યૂડ ફોટા મગાવ્યાના તથા ગંદી ચેટ કરતો હોવાના આરોપો થયા છે. આ આરોપો બાદ પ્રતીક શાહે પોતાનું ઈન્સ્ટા એકાઉન્ટ ડિલીટ કરી દીધું છે. તેના તરફથી આ બાબતે હજુ સુધી કોઈ ખુલાસો કરાયો નથી. કરણ જોહરે આ વિવાદમાંથી હાથ ખંખેરી લીધા છે. ધર્મા પ્રોડક્શન્સ દ્વારા એક સ્પષ્ટતામાં જણાવાયું હતંર કે આ ધર્માના પ્રોજેક્ટ વખતે આવી કોઈ ફરિયાદો સામે આવી નથી. જાતીય સતામણી સહિતની બાબતોમાં ધર્મા બહુ કડક ધારાધોરણો ધરાવે છે. જોકે, તાજેતરમાં જ જાહ્નવી , ઈશાન ખટ્ટર સહિત 'હોમબાઉન્ડ'ની સમગ્ર ટીમ કાન ફિલ્મ ફેસ્ટિવલમાં ભાગ લેવા ગઈ હતી ત્યારે પ્રતીક શાહ પણ આ ટીમમાં સામેલ હોવાનું કહેવાય છે. પ્રતીક અગાઉ ઓટીટી સીરિઝ 'જ્યુબિલી'નો પણ ફોટોગ્રાફર રહી ચૂક્યો છે. એક ફિલ્મ મેકર અભિનવ સિંગે સોશિયલ મીડિયા પર સંખ્યાબંધ પોસ્ટસમાં પ્રતીક શાહ દ્વારા અનુચિત વ્યવહારના આરોપો મૂક્યા હતા. અભિનવના દાવા અનુસાર તે પછી અનેક મહિલાઓએ પ્રતીક શાહનો તેમને પણ ખરાબ અનુભવ થયો હોવાની વાત શેર કરી હતી. એક મહિલાએ કહ્યું હતું કે પોતે પ્રતીકનો સોશિયલ મીડિયા પર સંપર્ક કર્યા બાદ પ્રતીકે તેની પાસે ન્યૂડ ફોટા મગાવ્યા હતા. અન્ય મહિલાઓએ પણ પ્રતીક શાહ સામેના આરોપોને સમર્થન આપતાં કહ્યું હતું કે તે ઘણીવાર મર્યાદાઓ ઓળંગી જઈ બહુ બિભત્સ વાતો કરતો હતો.ધર્માની સ્પષ્ટતામાં જણાવાયું હતું કે પ્રતીક શાહે એક ફ્રીલાન્સર તરીકે જ અમારી સાથે કામ કર્યું હતું અને ધર્મામાં તેમનો પ્રોજેક્ટ પૂર્ણ થઈ ચૂક્યો છે.


# કેન્સર સામે ઝઝૂમનારી હિના ખાને રોકી સાથે લગ્ન કર્યા

**૧૧ વર્ષથી હિના-રોકી રિલેશનશિપમાં હતાં, લગ્ન પ્રસંગે નિકટના મિત્રો-પરિવારજનો જ હાજર રહ્યા હતા, બાદમાં તેમણે રજિસ્ટર્ડ મેરેજ કર્યા હતા**

એક્ટ્રેસ હિના ખાને લાંબા સમયથી બોયફ્રેન્ડ રહેલા રોકી જયસ્વાલ સાથે સાદગીથી લગ્ન કરી લીધા છે. હિના ખાન અત્યારે ત્રીજા સ્ટેજના બ્રેસ્ટ કેન્સર સામે ઝઝૂમી રહી છે. હિનાએ આ બીમારીને માત આપવાના બુલંદ ઈરાદા સાથે નવા જીવનની શરૂઆત કરી છે. લગ્ન પ્રસંગે નિકટના મિત્રો-પરિવારજનો જ હાજર રહ્યા હતા. બાદમાં તેમણે રજિસ્ટર્ડ મેરેજ કર્યા હતા. નવા જીવનની શરૂઆત અંગે નવદંપતિએ સોશિયલ મીડિયા પર વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, બે અલગ-અલગ દુનિયામાંથી આવેલા અમે લોકોએ પ્રેમનું વિશ્વબનાવ્યું છે. અમારા વચ્ચેની ભિન્નતા ભૂંસાઈ ગઈ છે અ મન મળી ગયા છે. આજે હંમેશા માટે અમારા મેળાપને પ્રેમ અને કાયદાની સ્વિકૃતિ મળી છે. આખરે તેમણે પતિ-પત્ની તરીકે શુભકામનાઓ માગી હતી. હિના ખાનના પતિ



રોકી જયસ્વાલનું પૂરું નામ જયંત જયસ્વાલ છે. કોલકાતાના વેપારી પરિવારમાં રોકીનો જન્મ થયો હતો. કરિયરની શરૂઆતમાં ઈવેન્ટ મેનેજમેન્ટ અને બાદમાં એડમેકર તરીકે કામ કરનારો રોકી બાદમાં મુંબઈ શિફ્ટ થયો હતો અને ટીવી સિરિયલોમાં હાથ અજમાવ્યો હતો. 'સસુરાલ સિમર કા', 'સાથ નિભાના સાથિયા', 'કુછ તો લોગ કહેંગે' જેવી સિરિયલમાં રોકીએ સુપરવાઝિંગ પ્રોડ્યુસર તરીકે કામ કર્યું છે. રોકીએ સિરિયલની સાથે ફિલ્મોમાં પણ કામ કરેલું છે. રોકી અને હિનાની પહેલી મુલાકાત 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ'ના સેટ પર થઈ હતી. હિના અને રોકી છેલ્લા ૧૧ વર્ષથી રિલેશનશિપમાં છે. હિનાની કેન્સરની તકલીફ દરમિયાન પણ રોકી અડીખમ તેની સાથે રહ્યો હતો. હિના અત્યારે જીવનના નાજુક તબક્કામાંથી પસાર થઈ રહી છે ત્યારે રોકીનો સપોર્ટ તેના માટે ખૂબ મહત્ત્વનો છે. લગ્ન પ્રસંગે નિકટના મિત્રો-પરિવારજનો જ હાજર રહ્યા હતા. બાદમાં તેમણે રજિસ્ટર્ડ મેરેજ કર્યા હતા



### નારાયણી શાસ્ત્રીએ 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી'માં કેસરનું પાત્ર ભજવ્યું હતું

# સ્મૃતિ ઇરાનીનાં 'ક્યુંકી...'માં આવવાના સમાચારથી નારાયણીને આંચકો લાગ્યો

જાણીતી ટેવી એક્ટ્રેસ નારાયણી શાસ્ત્રી ટીવી પર સતત મજબુત રોલમાં દેખાતી રહી છે, હાલ તે આગામી સિરીયલ 'નોયોનતારા'માં મુખ્ય વિલનના રોલમાં જોવા મળશે. ત્યારે આ સંદર્ભે એક ઈન્ટરવ્યુમાં તેણે પોતાના આ શો અને સાથે 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી'ની બીજી સીઝન અંગે વાત કરી હતી. સાથે તેણે સ્મૃતિ ઈરાનીનાં એક્ટિંગમાં કમ બૅક વિશે પણ વાત કરી હતી. 'નોયોનતારા' વિશે વાત કરતાં નારાયણીએ જણાવ્યું, "ખરેખર આ સીરિયલની વાર્તા ઘણી સબળ અને રસ પડે એવી છે. અમારી લેખિકા સુહાના સ્ત્રી પાત્રોને બહુ સુંદર રીતે રજુ કરે છે. સામાનવ્ય રીતે ટીવીમાં જે રીતે સ્ત્રી પાત્રો દર્શાવાય છે, એવું એના લેખનમાં જરા પણ નથી.કોઈ વિલન નથી, કોઈ સારું કે ખરાબ નથી. તેણે જે રીતે લખ્યું છે એ સમજાવવું અઘરું છે સાથે જ તેના પર અભિનય કરવો એના કરતાં પણ અઘરો છે. મેં ઘણું કામ કર્યું છે અને હું હંમેશા કોઈ પડકારરૂપ કામ જ શોધતી હોઉં છું. નારાયણી શાસ્ત્રીએ 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી'માં કેસરનું પાત્ર ભજવ્યું હતું નારાયણીએ કહ્યું, એક વાર જેને એક્ટિંગનો રંગ લાગે તેના માટે પછી મુશ્કેલ થઈ જતું હોય છે મને આ સ્ક્રિપ્ટ બધી રીતે બહુ સારી લાગી. મને આ સ્ટોરી વિશે ઘણી આતુરતા હતી તેથી મને લાગે છે કે દર્શકોમાં પણ એવી ઉત્સુકતા થશે, એ રીતે હું મારું પાત્ર પસંદ કરું છું. મને વિશ્વાસ છે કે દર્શકોને આ શો ગમશે.''નારાયણી શાસ્ત્રીએ 'ક્યુંકી સાસ ભી કભી બહુ થી'માં કેસરનું પાત્ર ભજવ્યું હતું. ત્યારે આ શોની આવનારી સઝીન અને તેમાં ફરીથી તુલસી અને મિહિરના પાત્રમાં આવનારા સ્મૃતિ ઈરાની અને અમર ઉપાધ્યાય વિશે પણ નારાયણીએ વાત કરી હતી. તેણે કહ્યું, "આ બહુ જ સારી વાત છે અને મને વિશ્વાસ છે કે લોકોની જુની યાદો તાજી થશે અને તેમને આ શો ગમશે. હું તેમને શુભેચ્છાઓ આપું છું. હું હાલ નોયોનતારા કરું છું એટલે હું એ શો નહીં કરી શકું. મારું કેસરનું પાત્ર પણ લગભગ એક-દોઢ વર્ષ પછી આવ્યું હતું, જ્યારે સ્મૃતિ પ્રેગનન્ટ હતી, એટલા સમય પુરતા એપિસોડ પુરા કરવા માટે. હાલ હું નોયોનતારા કરીને ખુશ છું.''જ્યારે સ્મૃતિ ઈરાની વિશે વાત કરતાં નારાયણીએ કહ્યું, "મને આંચકો લાગી ગયો, કારણ કે રાજકારણમાં એ બહુ સારું કામ કરે છે, પણ કહેવાય છે કે જેને એક વાર એક્ટિંગનો કીડો કરડે, તો બહુ મુશ્કેલ થઈ જાય છે, નીકળવું અને તેણે જે કર્યું એમાં એ બહુ સારાં હતાં. એ કેમેરા સામે બહુ સારા છે, તેથી તેમના શોમાં પાછા ફરવાથી નવીનતા અને આકર્ષણ ઉમેરાશે.''



### 'સન ઓફ સરદાર' સાથે

# ટક્કર ટાળવા ફિલ્મ 'પરમ સુંદરી' પોસ્ટપોન કરવા વિચારણા...



**અજયની ફિલ્મ ૨૫ જુલાઈએ રિલીઝ થાય તો દિનેશ વિજાન પોતાની તારીખ બદલી શકે**

સિદ્ધાર્થ મલ્હોત્રા અને જાન્વી કપૂરની ફિલ્મ 'પરમ સુંદરી'નું ટીઝર 'ભૂલચુક માફ' સાથે બતાવાયું હતું, જેને સારો પ્રતિસાદ મળ્યો હતો. આ ટીઝર ૨૯ મેએ રિલીઝ થયું હતું અને ત્યારથી ફિલ્મ વિશે એક માહોલ પણ બનવાનો શરૂ થઈ ગયો હતો. પરંતુ હવે એવી શક્યતા છે કે સિદ્ધાંર્થ મલ્હોત્રા અને જાન્વી કપૂરના ફૅન્સને ફિલ્મની થોડી વધુ રાહ જોવી પડે. કારણ કે ફિલ્મના પ્રોડ્યુસર મેડોક ફિલ્મ્સ આ ફિલ્મની રિલીઝ પાછી ઠેલવાનું વિચારતા હોવાની ચર્ચા છે.સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "પરમ સુંદરી ૨૫ જુલાઈએ રિલીઝ થવાની હતી. પરંતુ દિનેશ વિજાને તેમની ટીમ સાથે મીટિંગ કરી હતી અને તેમણે પહેલાં કે પછી રિલીઝ કરવી કે પોતાની તારીખ જ રાખવી તે અંગે ચર્ચા પણ કરી હતી. આવતા મહિને ઘણી ફિલ્મ રિલીઝ થઈ રહી છે, તેથી આ ફિલ્મને લાંબો સમય બોક્સ ઓફિસ પર એકલાં સમય ન મળે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને તેઓ તારીખ વિશે વિચાર કરી રહ્યાં છે.''સુત્રએ આગળ જણાવ્યું, "હાલ મેડોક ફિલ્મ્સની ટીમ ૨૯ ઓગસ્ટે રિલીઝ કરવા પર પણ વિચાર કરી રહી છે. કારણ કે એ દિવસે કોઈ ફિલ્મ રિલીઝ થતી નથી. તેઓ બીજી તારીખો પર પણ વિચાર કરી રહ્યા છે.'' સુત્રએ એવું પણ કહ્યું કે, "તરત નિર્ણય લેવા એ મેડોકની ખાસિયત છે. તેમણે જ્યારે ઝરા હટકે ઝરા બચકે અચાનક ૩ જ અઠવાડિયામાં ઓટીટી પર રિલીઝ કરી દીધી ત્યારે અને ભુલચૂક માફને એક અઠવાડિયું આગળ સ્ટ્રીમ કરવાનું નક્કી કરીને થિએટર રિલીઝ કેન્સલ કરી દીધી ત્યારે પણ આપણે તેમની આ બાબત જોઈ છે. દિનાશ વિજાન ક્યારે શું કરે તે સમજવું અઘરું છે. તેઓ રીલીઝ પાછી પણ ઠેલી શકે છે અને પોતાની નક્કિ કરેલી તારીખે જ રિલીઝ કરે એવું પણ બની શકે છે. થોડાં દિવસોમાં ચિત્ર સ્પષ્ટ થશે.''જો 'પરમ સુંદરી' પાછી ખેંચાય તો 'સન ઓફ સરદાર'ને પણ સોલો રિલીઝનો લાભ મળશે. અજય દેવગન, મૃણાલ ઠાકુર, સંજય મિશ્રા અને કુબ્રા સૈટ સાથે આ ફિલ્મમાં તાજેતરમાં જ જેમનું નિધન થયું એને મુકુલ દેવ પણ છે. જુલાઈમાં આ સિવાય પણ ઘણી બોલિવૂડ અને હોલિવૂડ ફિલ્મ રિલીઝ થઈ રહી છે.

# યોગી આદિત્યનાથની બાયોપિક ફિલ્મ 'અજય'નું ટીઝર રિલીઝ

**યોગી આદિત્યનાથના જન્મદિવસે, અભિનેતા અનંત વિજય જોશી મોટા પડદા પર યોગી આદિત્યનાથની ભૂમિકા ભજવતા જોવા મળશે**

ઉત્તર પ્રદેશના ફાયરબ્રાન્ડ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો આજે જન્મદિવસ છે. ૫ જૂન ૧૯૭૨ના રોજ ઉત્તરાખંડના પૌરી ગઢવાલમાં જન્મેલા યોગી આદિત્યનાથ આજે ૫૩ વર્ષના થયા છે. આ ખાસ પ્રસંગે, તેમના જીવન પર બની રહેલી ફિલ્મ 'અજય: ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ અ યોગી'નું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું છે. તેમાં યોગી આદિત્યનાથની ભૂમિકા ભજવનાર અભિનેતાએ લોકોનું ધ્યાન ખેંચ્યું છે.યોગી આદિત્યનાથના જન્મદિવસે, નિર્માતાઓએ તેમને એક મોટી ભેટ આપી છે. ટીઝરમાં બધું છોડીને ત્યાગના માર્ગ પર ચાલવાની તેમની સફર બતાવવામાં આવી છે. ટીઝરમાં લાગણી અને બલિદાનનું અદ્ભુત મિશ્રણ જોવા મળે છે. આ ફિલ્મમાં બાળપણથી અત્યાર સુધીની તેમની સફર રજૂ કરવામાં આવશે. અભિનેતા અનંત વિજય જોશી મોટા પડદા પર યોગી આદિત્યનાથની ભૂમિકા ભજવતા જોવા મળશે, યોગી આદિત્યનાથના જન્મદિવસે, નિર્માતાઓએ તેમને એક મોટી ભેટ આપી આ યોગીની હિંમત અને બહાદુરીની વાર્તા છે, જેમણે નાની ઉંમરે ધર્મ અને સંન્યાસ માટે પોતાના પરિવારનો ત્યાગ કર્યો હતો. આ પછી,




તેઓ રાજકારણમાં કેવી રીતે આવ્યા તેની પણ ઝલક ફિલ્મમાં બતાવવામાં આવશે. અભિનેતા અનંત વિજય જોશી મોટા પડદા પર યોગી આદિત્યનાથની ભૂમિકા ભજવતા જોવા મળશે. તેઓ યોગીના, લોકોની સેવા કરવાના ઉદ્દેશ્યને મોટા પડદા પર સાકાર કરશે. સીએમ યોગીની જેમ, ભગવા વસ્ત્ર, કપાળ પર તિલક, કાનમાં બુટ્ટી અને ભગવા કલરની ખેસ પહેરેલા વિજયને ખૂબ પસંદ કરવામાં આવી રહ્યો છે.'અજય' ફિલ્મમાં અનંત ઉપરાંત પરેશ રાવલ, નિરહુઆ, અજય મેંગી, પવન મલ્હોત્રા, રાજેશ ખટ્ટર, ગરિમા સિંહ અને સરવર આહુજા પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. ટીઝરમાં, પરેશ રાવલ યોગી માટે કહી રહ્યા છે, "તે કંઈ ઈચ્છતો નહોતો, બધા તેને ઈચ્છતા હતા, તે શિષ્ય બનવા આવ્યો હતો, પરંતુ જનતાએ તેને સરકાર બનાવી દીધો.'' આ ફિલ્મ ૧ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.આ ફિલ્મ સમ્રાટ સિનેમેટિક દ્વારા બનાવવામાં આવી રહી છે. તેના દિગ્દર્શક રવિન્દ્ર ગૌતમ છે, જેમણે મહારાની ૨ બનાવી હતી, જ્યારે નિર્માતા રીતુ મેંગી છે. સોશિયલ મીડિયા પર ટીઝર શેર કરતી વખતે નિર્માતાઓએ લખ્યું હતું કે તેમણે દુનિયા છોડી દીધી, ભગવો પહેર્યો અને સેવામાં ડૂબી ગયા. એક યોગી જે એકલા એક આખી ચળવળ બની ગયા. યોગીની જન્મજયંતિ પર અમે અમારી વાર્તાની શરૂઆત કરી રહ્યા છીએ. અભિનેતા અનંત વિજય જોશી મોટા પડદા પર યોગી આદિત્યનાથની ભૂમિકા ભજવતા જોવા મળશે.

# ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે એક જ દિવસમાં વિસ બહેનોની નોર્મલ ડિલીવરી કરાવવામાં આવી

### હોસ્પિટલના નિષ્ણાત ડો પ્રિયંકા હાંડા દ્વારા દરેક બહેનોને સારવાર અપાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।



ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે તારીખ ૦૬-૦૬-૨૦૨૫ શુક્રવારના રોજ વિસ બહેનોની (સગર્ભા માતાઓ) નોર્મલ ડિલીવરી હોસ્પિટલના નિષ્ણાત ડૉ પ્રિયંકા.એન.હાંડા દ્વારા નર્સીંગ સ્ટાફના સહયોગથી કરાવવામાં આવી હતી. તમામ સગર્ભા માતાઓ તેમજ બાળકો તંદુરસ્ત છે. દિવસ દર-મ્યાન થયેલ ડિલીવરીમા બાર છોકરા તેમજ આઠ છોકરીઓએ જન્મ લીધો હતો. સબ ડીસ્ટ્રીક્ટ ખાતે થયેલ વીસ ડિલીવરીમા ૧૯ સગર્ભા માતાઓ ઝાલોદ તાલુકાની તેમજ એક ફતેપુરા તાલુકાની છે. ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ચોવીસ કલાક ચાલતી સરકારી હોસ્પિટલ છે જેથી રાત્રે મોડે સુધી આવનાર બહેનોની પણ રાત્રી દરમ્યાન જ સારવાર આપી બહેનોની ડિલિવરી કરાવવામાં આવી હતી. ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે સોનોગ્રાફી, પેથોલોજી લેબોરેટરી, રેડિયો લૉજિસ્ટ સેવા પણ ચોવીસ કલાક ચાલતી રહે છે. ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે થયેલ વીસ ડિલીવરી થયેલ માતા અને બાળકોની તપાસ કરી તમામ પેસેન્ટોને ખીલખીલાટ વાહન દ્વારા તેમના ઘરે ડ્રોપ કરવામાં આવ્યા હતા. હોસ્પિટલના નિષ્ણાત ડૉક્ટર અને સ્ટાફના સુંદર અભિગમ થી સહુ માતાઓ તેમજ તેમના પરિવારજનો ખુશ જોવા મળતા હતા.

# ઝાલોદ ભીલ રાજા વસૈયા ચોક ખાતે બાપ સાંસદ રાજકુમાર રોતનુ સ્વાગત કરાયું

### ગુજરાત રાજ્ય બાપ પાર્ટી મહિલા અધ્યક્ષ નિલમ વસૈયા દ્વારા સ્વાગત કરાયું


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।



દાહોદ જિલ્લામાં બાપ પાર્ટીનુ પ્રથમ વખત સ્થાપન કરવામાં આવ્યું છે તે અન્વયે દાહોદ જિલ્લામાં બાપ પાર્ટીના કાર્યાલય તેમજ ખરોડ મુકામે જન સભાને સંબોધવા માટે બાપ પાર્ટીના સંસ્થાપક રાજકુમાર રોત આવી રહેલ હતા ત્યારે ઝાલોદ મુકામે ભીલ રાજા વસૈયા ચોક ખાતે ગુજરાત રાજ્ય મહિલા અધ્યક્ષ નિલમ વસૈયા દ્વારા કુમકુમ ચાંદલો કરી સ્વાગત કરાયું હતું. બાપ પાર્ટીના સંસ્થાપક રાજકુમાર રોત રાજસ્થાનના ડુંગરપૂર જિલ્લાના સાંસદ છે. તેમજ બાપ પાર્ટીની વિધાનસભામા પાંચ સીટો આવેલ છે તે પૈકી ચાર રાજસ્થાનમા અને એક મધ્યપ્રદેશમા છે. બાપ પાર્ટીના સંસ્થાપકનુ સ્વાગત ઢોલ કુંડી તેમજ ફટાકડા સાથે કરવામાં આવ્યું હતું. કુમકુમ ચાંદલા સાથે રાજકુમાર રોતના સ્વાગત પછી ભીલ રાજા વસૈયા ચોક ખાતે માલ્યાર્પણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આ વિસ્તારની શોભા તેમજ પહેરવેશ એવી આદિવાસી બંડી પહેરાવી સ્વાગત કરાયું હતું. રાજકુમાર રોતને મળવા મોટા પ્રમાણમાં લોકો ઉમટી પડેલ હતા.

# અસારવા-આગ્રા કેન્ટ સ્પેશિયલના સમયમાં આંશિક ફેરફાર

। અમદાવાદ, તા.૭ ।

રેલ્વે પ્રશાસન દ્વારા ઓપરેશનલ કારણોસર ૧૨ જૂન ૨૦૨૫ થી ટ્રેન નંબર ૦૧૯૨૦ અસારવા-આગ્રા કેન્ટ સ્પેશિયલના સમયમાં આંશિક ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે: જેની વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નંબર ૦૧૯૨૦ અસારવા-આગ્રા કેન્ટ સ્પેશિયલ ૧૨ જૂન ૨૦૨૫ થી અસારવાથી ૧૮.૦૦ કલાકને બદલે ૧૭.૫૦ કલાકે ઉપડશે અને આગમન-પ્રસ્થાનનો સમય હિંમતનગર સ્ટેશન પર ૧૯.૧૦/૧૯.૧૨ કલાકે, ડુંગર પુર સ્ટેશન પર ૨૦.૩૫/૨૦.૪૦ કલાકે, અને જાવર સ્ટેશન પર ૨૧.૪૦/૨૧.૪૨ કલાક રહેશે અને અન્ય સ્ટેશનો પર આગમન-પ્રસ્થાનનો સમય યથાવત રહેશે. ટ્રેનોના રોકાણ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# ૯ જૂનથી અમદાવાદ-ભુજ નમો ભારત રૈપિડ રેલનો સાણંદ તથા આંબલી રોડ સ્ટેશન પર વધારાના સ્ટોપેજ

। અમદાવાદ, તા.૭ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા માટે પ્રતિષ્ઠિત ટ્રેન સંખ્યા ૯૪૮૦૧/૯૪૮૦૨ અમદાવાદ-ભુજ-અમદાવાદ નમો ભારત રૈપીડ રેલને ૯ જૂન,૨૦૨૫થી આંબલી રોડ અને સાણંદ સ્ટેશનો પર પ્રાયોગિક આધાર પર વધારાના સ્ટોપેજ આપવામાં આવી રહ્યા છે. આ વધારાના સ્ટોપેજ ને કારણે આ ટ્રેનના કેટલાક સ્ટેશનો પર આગમન/પ્રસ્થાન ના સમય માં આંશિક પરિવર્તન થશે. જેની વિગતો નીચે મુજબ છે.

૯ જૂન,૨૦૨૫થી ટ્રેન સંખ્યા ૯૪૮૦૧ અમદાવાદ-ભુજ નમો ભારતરૈપીડરેલઅમદાવાદથી૧૭.૩૦કલાકનેબદલે૧૭.૨૫કલાકે ઉપડશે તથા આગમન/પ્રસ્થાન નો સમય સાબરમતી સ્ટેશન પર ૧૭.૩૫/૧૭.૩૭ કલાકે, ચાંદલોડિયા સ્ટેશન પર ૧૭.૪૦/૧૭.૪૨ કલાકે, આંબલી રોડ સ્ટેશન પર ૧૭.૪૭/૧૭.૪૯ કલાકે, સાણંદ સ્ટેશન પર ૧૭.૫૯/૧૮.૦૧ કલાકે, વિરમગામ સ્ટેશન પર ૧૮.૨૭/૧૮.૨૯ કલાકે, ધ્રાંગધ્રા સ્ટેશન પર ૧૯.૧૪/૧૯.૧૬ કલાકે તથા હળવદ સ્ટેશન પર ૧૯.૪૧/૧૯.૪૩ કલાકનો રહેશે તથા અન્ય સ્ટેશનો પર સમયમાં કોઈ ફેરફાર નહીં થાય.

એ જ રીતે, ૦૯ જૂન,૨૦૨૫ થી ટ્રેન સંખ્યા ૯૪૮૦૨ ભુજ – અમદાવાદ નમો ભારત રૈપીડ રેલનો આગમન-પ્રસ્થાનનો સમય સાણંદ સ્ટેશન પર ૦૯.૪૮/૦૯.૫૦ કલાકે,આંબલી રોડ સ્ટેશન પર ૦૯.૫૯/૧૦.૦૧ કલાકે, ચાંદલોડિયા સ્ટેશન પર ૧૦.૦૮/૧૦.૧૦ કલાકે,સાબરમતી સ્ટેશન પર ૧૦.૨૦/૧૦.૨૨ કલાકનો રહેશે તથા અન્ય સ્ટેશનો પર સમયમાં કોઈ ફેરફાર નહીં થાય.

વિસ્તૃત માહિતી માટે યાત્રી www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# બાળરોગ સર્જરી સપ્તાહ દરમ્યાન નાના બાળકો ધરાવતા તમામ માતા પિતા માટે ફરીથી ચોંકાવનારો કિસ્સો

### સિવિલ હોસ્પિટલમાં નવ માસનું બાળક રમકડાના મોબાઇલનો એલઇડી બલ્બ ગળી જતા બલ્બ શ્વાસ નળીમાં ફસાઇ ગયો



। અમદાવાદ, તા.૭ ।

છેલ્લા ઓગણીસ દિવસથી આમ થી તેમ અમારા બાળકની તકલીફની સારવાર માટે દોડી રહ્યા હતા, પણ છેલ્લે સાચી સારવાર સિવિલ હોસ્પિટલ, અમદાવાદમાં જ મળી આ શબ્દો છે બાળકના પિતા જુનેદભાઈના.

કારપેન્ટરનુ કામ કરતા મંગરોળ, જુનાગઢ ના રહેવાસી એવા શ્રી જુનેદ યુસુફ અને શ્રીમતી તબસ્સુમબેનના લાડકવાયા એવા ૯ માસના નાનકડા પુત્ર મોહમ્મદને છેલ્લા ૧૫ દિવસથી ઉધરસ આવતી હતી. જુનાગઢ માં બાળરોગ તજજ્ઞ ને બતાવતા તેનો છાતીનો એક્સ-રે કરાવતા તેમાં શ્વસનનળીમાં કાંઈક હોવાની માલુમ પડ્યુ હતુ. જુનેદ ભાઈને રાજકોટની ખાનગી હોસ્પિટલ દ્વારા વધુ તપાસની ભલામણ કરવામાં આવી પણ તેનો ખર્ચ તેમને પોષાય તેમ ન હોવાથી તેમના માટે સિવિલ હોસ્પિટલ અમદાવાદ આશાની કિરણ બની જ્યાં સારવાર અર્થે બાળક ને લઈ આવતા તારીખ ૩ જૂન, ૨૦૨૫ ના રોજ બાળકને પીડીયાટ્રીક સર્જરી વિભાગ માં તાત્કાલિક દાખલ કરવામાં આવ્યુ. સિવિલ હોસ્પિટલ, અમદાવાદના પીડિયાટ્રિક સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોશી તેમજ એનેસ્થેસિયા વિભાગના પ્રોફેસર ડૉ. નિલેશ અને તેમની ટીમ દ્વારા બાળકની બ્રોક્રોસ્કોપી કરી જમણી તરફ ની મુખ્ય શ્વાસનળીમાંથી એક એલઈડી બલ્બ સફળતાપુર્વક બહાર કાઢવામા આવ્યો. ઓપરેશન પછી બાળકની તબીયત ઝડપથી સુધરી રહી છે અને કોઈપણ બીજી તકલીફ વગર બાળક હવે સ્વસ્થ છે જેથી ટુંક સમય માં તેને હોસ્પિટલ માં થી રજા આપવામાં આવશે તેમ ડોક્ટરો એ જણાવ્યુ હતુ.

સિવિલ હોસ્પિટલ ના ડોકટરોની નિપુણતા અને નિષ્ઠાપુર્વક ની સારવાર નો આ કિસ્સો ગરીબ દર્દીઓ માટે ઉપલબ્ધ સસ્તી અને ઉતમ સારવારનુ જીવંત ઉદાહરણ છે.

ડો. જોષી એ બાળરોગ સર્જરી સપ્તાહ વિશે જણાવતા કહ્યુ હતુ કે, બાળરોગ સર્જરી સપ્તાહ એ ઈન્ડિયન એસોસિએશન ઓફ પીડિયાટ્રિક સર્જન્સ (IAPS) દ્વારા બાળરોગ અંગે ની સર્જિકલ બિમારીઓ અને તેની સારવાર વિશે જાગૃતિ લાવવા માટે ની એક વાર્ષિક પહેલ છે. જે દર વર્ષે જૂન મહીનામાં ઉજવવામાં આવે છે. આ વર્ષે બાળરોગ સર્જરી સપ્તાહ ની થીમ "જન્મજાત ખોડખાંપણ માટે બાળરોગ સર્જન" રાખવામાં આવી છે.

# ઝાલોદ નગરમાં આજે ઈદુલ અઝહાની મુસ્લિમ બિરાદરોએ નમાજ અદા કરી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઈસ્લામ ધર્મના મહાન પયગંબર હજરત ઈબ્રાહિમ અલેહી સલામ અને તેમના વ્હાલા પુત્ર હજરત ઈસ્માઈલ અલેહી સલામની યાદમાં આજે ઝાલોદના મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદુલ-અઝહાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.

ઈસ્લામ ધર્મના માહે ઝીલહજજ માસનો પ્રથમ ચાંદ દેખાયા બાદ ૧૦મા ચાંદે આજરોજ ઝાલોદમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદુલ અઝહાની ઉજવણી કરવામાં આવી. ઈસ્લામ ધર્મના મહાન પયંગબર હજરત ઈબ્રાહિમ અલેહી સલામ અને હજરત ઈસ્માઈલ સલામની યાદમાં ઈદુલ અઝહા (બકરી ઈદ)નો તહેવાર મનાવવામાં આવે છે. ઈદુલ અઝહા અને કુરબાનીની ઈદ તરીકે પણ ઓળખાતા આ તહેવારના દિવસે મુસ્લિમ બિરાદરો દ્વારા વહેલી સવારે ઈદગાહ અને જુદી જુદી મસ્જિદોમાં ખાસ નમાજ અદા કરવામાં આવે છે જે અંતર્ગત આજરોજ ઝાલોદ નગરમાં આવેલ મુસ્લિમ ઘાંચી સમાજ ઈદગાહ માં ઈદની નમાજ અદા કરવામાં આવી.

ઈદુલ અઝહા અને કુરબાનીની ઈદ તરીકે પણ ઓળખાતા આ તહેવારના દિવસે મુસ્લિમ બિરાદરો દ્વારા વહેલી સવારે ઈદગાહ ઈદની ખાસ નમાજ અદા કરવામાં. આવે છે

આ તહેવારને અનુલક્ષીને ઝાલોદ નગર મુસ્લિમ વિસ્તારો તેમજ મસ્જિદો આસપાસ પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો. ઈદુલ અઝહાના તહેવારને લઈ મુસ્લિમ સમાજમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. નોંધનિય છે કે, ઝીલહજજ માસના પહેલા ચાંદથી નવ ચાંદ સુધીમાં ઘણાં મુસ્લિમ બિરાદરોએ નીફલ રોજા પણ રાખ્યા હતા. ઝીલહજજ માસમાં મક્કા મદીનાશરીફમાં પવિત્ર હજયાત્રાએ પણ જવાનું મહત્વ રહેલું છે અને આ દિવસોમાં જ હજ કબૂલ થાય છે તેની ખુશીમાં પણ ઈદનો તહેવાર મનાવવામાં આવે છે.

# અર્થકોન- ૨૦૨૫માં મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે ગુજરાત નિર્માણ એવોર્ડનો સન્માન સમારોહ યોજાયો

### કન્સ્ટ્રક્શન ક્ષેત્રમાં વિવિધ રીતે યોગદાન આપનાર સંસ્થાઓ અને વ્યક્તિઓને મંત્રીશ્રી ઋષિકેશ પટેલના હસ્તે એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા

। અમદાવાદ, તા.૭ ।



અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે આયોજિત અર્થકોન- ૨૦૨૫માં ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, તબીબી શિક્ષણ, કાયદો, ન્યાય અને સંસદીય બાબતોના મંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગુજરાત નિર્માણ સન્માન એવોર્ડ-૨૦૨૫નો સન્માન સમારોહ યોજાયો હતો.

બિલ્ડર્સ એસોસિએશન ઑફ ઈન્ડિયા (BAI)ના ગુજરાત સેન્ટર દ્વારા આયોજિત ગુજરાત નિર્માણ એવોર્ડ ૨૦૨૫ના ઉદ્ઘાટન પ્રસંગે મંત્રી ઋષિકેશભાઈ પટેલે કહ્યું હતું કે, દેશના જીડીપીમાં પબ્લિક અને પ્રાઈવેટ સેકટરની અંદર સૌથી વધુ રોજગારી આપતું જો કોઈ ક્ષેત્ર હોય તો તે કન્સ્ટ્રકશન સેકટર છે. આ સેકટર સમયની માંગ સાથે તાલથી તાલ મિલાવીને આગળ વધી રહ્યું છે. હવેનો સમય ભારતને નવી અને હાઈટેક ટેક્નોલોજીથી સજ્જ બનાવવાનો છે. ભારત @૨૦૪૭ના નિર્માણના દરેક તબક્કે સૌ કોઈની ભાગીદારીની જરૂર પડશે. જેમ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સરકાર થકી લોકોને ઘર મળી રહે છે, તે જ રીતે સરકાર અને સમાજના સહયોગથી આપણો દેશ આગળ વધશે. દેશના દરેક વર્ગના લોકો દુનિયામાં થઈ રહેલા ઈનોવેશનના માધ્યમથી ભારત દેશને જોડી પોતાની ભાગીદારી આપી શકે તેવા પ્રયત્નો થવા જોઈએ. નવા ઈનોવેશન, નવી ટેકનોલોજી, હાઈટેક સાધનો વગેરેના ઉપયોગથી દેશમાં અટલ ટનલ, ચિનાબ બ્રિજ જેવા કન્સ્ટ્રકશન થઈ રહ્યા છે ત્યારે આપણો દેશ વિકાસના રસ્તે હજુ પણ આગળ જાય તે માટેના પ્રયત્નો કરવા જોઈએ. બિલ્ડર્સ એસોસિએશન ઑફ ઈન્ડિયા થકી ભારત દુનિયાના વિઝનનો લાભ લઈ શકે અને આપણો દેશ પ્રગતિ કરે તે માટેના પ્રયત્નો કરવા જોઈએ. શાળા, આરોગ્ય, મકાન, પાણી જેવા વિષયોમાં સૌએ પોતાની ભાગીદારી આપવી જોઈએ. સમાજના દરેક વર્ગના લોકો ભારત નિર્માણમાં જોડાય તો ભારત @૨૦૪૭ને વેગ મળશે. મંત્રી શ્રી ઋષિકેશ પટેલના હસ્તે ગુજરાત નિર્માણ એવોર્ડ કાર્યક્રમમાં અર્બન કન્સ્ટ્રક્શન, રૂરલ કન્સ્ટ્રક્શન, કોમર્શિયલ બિઝનેસ બિલ્ડર્સ, ઈન્સ્ટિટ્યૂશનલ કેમ્પસ બિલ્ડર્સ, ગવર્મેન્ટ સેક્ટરમાં પબ્લિક અને પ્રાઈવેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિલ્ડીંગ, ગવર્મેન્ટ અને સેમી ગવર્મેન્ટ ક્ષેત્રમાં કમ્યુનિટી કન્સ્ટ્રક્શન, ઈન્સ્ટિટ્યૂશનલ એવોર્ડ, ગવર્મેન્ટ અને સેમી ગવર્મેન્ટ ક્ષેત્રમાં સિવિક સ્પેસ કન્સ્ટ્રક્શન અને અંતે લાઈફ ટાઈમ લેગસી એવોર્ડ આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત સરકારના ભૂતપૂર્વ ગૃહ મંત્રીશ્રી રજનીકાંત પટેલ, BAIના પ્રમુખ શ્રી રાજેન્દ્ર સિંહ કંબોહ, BAIના ઉપપ્રમુખ શ્રી કે. ચંદ્રશેખર રાવ, BAI ના રાજ્ય અધ્યક્ષ શ્રી કેવલ પરીખ, BAIના સરકારી બાબતોના સંયોજક શ્રી હિતેશ પટેલ, BAIના ચેરમેન શ્રી વરુણ પટેલ, અર્થકોન એક્સ્પો-૨૦૨૫ના ડિરેક્ટર શ્રી આયુષ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજે વધુ એક ઉચ્ચ-ઊર્જાયુક્ત દિવસ છે તથા અણધાર્યા લાભની શક્યતા છે. તમારી વધારાની ઊર્જા તથા અસાધારણ ઉત્સાહ તમારી તરફેણમાં પરિણામો લાવશે તથા ઘરના મોરચે રહેલું ટૅન્શન હળવું કરશે. આજે તમે કુદરતી સૌદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. તમે પૂરૂં કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. જે લોકો ટેક્સ ચોરી કરે છે તે લોકો આજે મોટી મુશ્કેલી માં ફસાઈ શકે છે. તેથી તમને સલાહ આપવા માં આવે છે કે ટેક્સ ચોરી ના કરો. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજે કોઈક તમારા વખાણ કરશે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમે જેની સાથે રહો છો એમાથી કોઈ તમારાથી નારાજ છે કેમ કે તમે તમારી ઘરને લગતી ફરજોને નજરઅંદાજ કરી રહયા છો. આજે રૉમાન્સની આશા નથી.

**કર્ક (ડ,હ) :**

આજથી તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. અંગત જીવન ઉપરાંત તમારી જાતને કોઈક સખાવતી કાર્ય સાથે સાંકળો. એ તમને માનસિક શાંતિ આપશે પણ, આવું અંગત જીવનના ભોગે ન કરતા. તમારે બંને બાબતો પર એકસરખું ધ્યાન આપવું રહ્યું. આજે તમારા પ્રિયપાત્ર સાથે સારી રીતે વર્તજો.

**સિંહ (મ,ટ) :**

આજે બેચેનીને કારણે તમારી માનસિક શાંતિમાં ખલેલ પહોંચશે પણ સમસ્યા ઉકેલવામાં મિત્ર ખૂબ જ મદદરૂપ થશે. તાણ ભગાવવા માટે શાતા પહોંચાડે તેવું સંગીત સાંભળો. દિવસ ની શરૂઆત ભલે સારી હોય પરંતુ સાંજે કોઈ કારણસર તમારા પૈસા ખર્ચાઈ શકે છે જેના લીધે તમે પરેશાન થયી શકો છો? ઘરમાં કોઈક વિધી કરાવશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમે ઊર્જાથી તરબતર હશો અને તમે કશુંક અસાધારણ કરશો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો.

**તુલા (ર,ત) :**

આજે તમને પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. અટકી પડેલા પ્રકલ્પો તથા યોજનાઓ અંતિમ સ્વરૂપ લેવા આગળ વધશે. જેઓ આજ સુધી કેટલાક કામ માં વ્યસ્ત હતા તેઓ ને પોતાને માટે સમય મળી શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આર્થિક મુશ્કેલીઓનો અંત આવતો હોય એવું જણાય છે, કેમ કે તમારા માતા-પિતા તમને સહકાર આપશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. કામના સ્થળે તમારી કાર્યકુશળતા વધારવા માટે તમારી આવડતનું સ્તર ઊંચું લાવો.

**કુંભ (ગ,શ,સ) :**

આજે તમારૂં સ્મિત હતાશા સામે સંકટ-મોચક જેવું કામ કરશે. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? તમારી મોહિની તથા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

સારી તબિયત તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. કુટુંબ ના સભ્યો સાથે તમારી સમસ્યાઓ શેર કરી ને, તમે હળવાશ અનુભવો છો, પરંતુ ઘણી વાર તમે તમારા અહમ ને આગળ રાખી ને તમારા પરિવાર ના સભ્યો ને મહત્વપૂર્ણ બાબતો કહેતા નથી.







કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ નવી દિલ્હીમાં નક્સલ વિરોધી કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતા અધિકારીઓને મળ્યા, તેમને ઐતિહાસિક સફળતા બદલ અભિનંદન આપ્યા.

## તેજસ્વી યાદવની ગાડીઓના કાફલામાં બેકાબૂ ટ્રક ઘૂસી જતાં અકસ્માત



। (એજન્સી) બિહાર, તા.૭ ।

બિહારના વિપક્ષી નેતા તેજસ્વી યાદવ ગઈકાલે મોડી રાત્રે એક માર્ગ અકસ્માતમાં બચી ગયા હતા. એક બેકાબૂ ટ્રકે તેજસ્વી યાદવના કાફલાને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ત્રણ સુરક્ષા કર્મચારીઓ ઘાયલ થયા હતા. તમામ ઘાયલોને તાત્કાલિક સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેજસ્વી યાદવે જણાવ્યું હતું કે આ ઘટના તેમનાથી માત્ર ૫ ફૂટ દૂર બની હતી. આ દુર્ઘટના અંગે તેજસ્વી યાદવે જણાવ્યું કે, 'હું સવારે ૧૦ વાગ્યે મધેપુરામાં એક કાર્યક્રમમાં ગયો હતો અને પટના પરત ફરતી વખતે, અમે એનએચ ૨૨ હાજીપુર મુઝફ્ફરપુર મેઈન રોડ પર ગોરૌલમાં ચા પીવા માટે રોકાયા હતા. તે સમયે, એક ટ્રક બેકાબૂ થઈ ગઈ અને મારી સામે ૨-૩ વાહનોને ટક્કર મારી દીધી હતી. ત્યાં નજીકમાં જ સુરક્ષાકર્મીઓ ઉભા હતા. જેમાં ત્રણ લોકો ઘાયલ થયા છે, તેમનાથી ૫ ફૂટના અંતરે જ હું ઉભો હતો. જો તે થોડી વધુ અનિયંત્રિત હોત તો ટ્રક મને પણ ટક્કર મારી દેત.આ અકસ્માત બાદ પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને ડ્રાઈવરને કસ્ટડીમાં લીધો અને તેની પૂછપરછ કરવામાં આવી રહી છે. બેદરકારીના પ્રશ્ન પર તેજસ્વી યાદવે કહ્યું કે, 'અકસ્માતો થતા રહે છે, પરંતુ આજે જે અકસ્માત થયો તે સ્પષ્ટપણે બેદરકારી હતી. તેની સામે કાર્યવાહી થવી જોઈએ. આ દેશમાં મોટાભાગના લોકો અકસ્માતોને કારણે મૃત્યુ પામે છે. આ ઘટનામાં કાર્યવાહી થવી જોઈએ.'

### પાકિસ્તાનમાં ૧૬ ટકા લોકો અત્યંત ગરીબ વર્ગમાં આવે છેઃ વર્લ્ડ બેંક

# પરમાણુ બોંબની ધમકી આપનાર પાકિસ્તાનમાં ૪૫% લોકો ગરીબ

## વિશ્વ બેંકે વૈશ્વિક ગરીબી સૂચકાંકને અપડેટ કર્યો છે અને એમાં પાકિસ્તાનની સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી

। (એજન્સી) કીવ, તા.૭ ।

ભારતને પરમાણુ યુદ્ધની ધમકી આપનાર પાકિસ્તાન ગરીબી સામેની લડાઈ હારતું દેખાઈ રહ્યું છે. પાકિસ્તાનની લગભગ અડધી વસ્તી ગરીબી રેખાની નીચે જીવી રહી છે.

વિશ્વ બેંકના આંકડા અનુસાર, પાકિસ્તાનની ૪૫ ટકા વસ્તી ગરીબી રેખાની નીચે જીવી રહી છે. વિશ્વ બેંકનું કહેવું છે કે પાકિસ્તાનમાં અત્યંત ગરીબીમાં જીવી રહેલી વસ્તીની સંખ્યા ૧૬ ટકા છે. આમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ૪.૯ ટકાનો વધારો થયો છે. વિશ્વ બેંકે વૈશ્વિક ગરીબી સૂચકાંકને અપડેટ કર્યો છે અને એમાં પાકિસ્તાનની સ્થિતિમાં કોઈ ફેરફાર થયો નથી. તેનું કારણ એ છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં પાકિસ્તાનની અર્થવ્યવસ્થામાં કોઈ ગ્રોથ થયો નથી.વિશ્વ બેંકનું કહેવું છે કે ઈન્ટરનેશનલ પોવર્ટી લાઈન ત્રણ ડોલર માસિક કમાણી પર આધારીત છે. પાકિસ્તાનમાં એવા લોકો ૪૫ ટકા છે, જેમની મહિનાની કમાણી ત્રણ ડોલર પણ નથી. આ ઉપરાંત પાકિસ્તાનમાં અત્યંત ગરીબ લોકોની સંખ્યામાં પણ વધારો થયો છે. આ પહેલા ઈન્ટરનેશનલ પોવર્ટી ઈન્ડેક્સનો માપદંડ ૨.૧૫ ડોલર હતો, જે હવે વધીને ત્રણ ડોલર થઈ ગયો છે.

આ પહેલા ઓછી આવક ધરાવતા દેશો માટે પ્રતિ વ્યક્તિ આવકદર વિશ્વબેંકે ૨.૧૫ ડોલર નક્કી કર્યો હતો. ત્યારે પાકિસ્તાનના ૪.૯ ટકા લોકો અતિ ગરીબ હોવાનું કહેવામાં આવ્યું હતું. હવે આ માપદંડ વધારીને ૩ ડોલર થઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાન ગરીબીની સાથે જ આરોગ્ય અને શિક્ષણના માપદંડોમાં પણ નીચે ધકેલાયું છે.

### G7 સંમેલન માટે ભારતને આમંત્રણ

## કેનેડાના પીએમ માર્ક કાર્ની અને મોદીની ટેલિફોનિક વાતચીત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ G7 શિખર સંમેલનમાં સામેલ થવા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આમંત્રણ આપ્યું છે. પીએમ મોદીએ કાર્નીના ફોન અંગે સોશિયલ મીડિયા પર માહિતી આપીને કહ્યું કે, 'માર્ક કાર્નીનો મને ફોન આવ્યો અને તેમણે જી૭ સંમેલન માટે આમંત્રણ આપ્યું છે. અગાઉ એવી અટકળો હતી કે, બંને દેશો વચ્ચેના સંબંધો બગડ્યા હોવાથી બારત જી૭ સંમેલનમાં જોવા નહીં મળે. આ વખતે કેનેડા જી૭ની મેજબાની કરી રહ્યું છે.

વડાપ્રધાને કહ્યું કે, 'કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીએ મને ફોન કર્યો હતો. કેનેડાની ચૂંટણીમાં જીત બદલ મેં તેમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે ભારતને જી૭ સંમેલન (G7 Summit 2025) માટે આમંત્રણ આપ્યું છે, જે બદલ મેં તેમનો આભાર વ્યક્ત કર્યો છે. જીવંત લોકશાહી તરીકે ભારત અને કેનેડા પરસ્પર આદર અને સહિયારા હિતો માટે નવા ઉત્સાહ સાથે કામ કરવા તૈયાર છે. અમે આ સંમેલનમાં મળવા માટે આતુર છીએ.'

ઉલ્લેખનીય છે કે, તત્કાલીન કેનેડીયન વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોએ વર્ષ ૨૦૨૩માં ભારત સાથે સંબંધો બગાડ્યા હતા. તેમણે ખાલિસ્તાની નિજ્જરની હત્યા મામલે ભારત પર આક્ષેપ કર્યો હતો. ત્યારબાદ બંને દેશો વચ્ચે ઘણો તણાવ વધ્યો હતો. ત્યારબાદ આંતરિક બળવો થવાના કારણે ટ્રૂડોએ પદ છોડવું પડ્યું હતું. ત્યારબાદ માર્ક કાર્ની કેનેડાના નવા ડાપ્રધાન બન્યા છે.

## મકાન માલિક-ભાડૂઆત વિવાદ પર સુનાવણી જલ્દી થવી જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

બોમ્બે હાઈકોર્ટ સંબંધિત એક કેસની સુનાવણી કરતી વખતે, સુપ્રીમ કોર્ટે મિલકત માલિકો અને ભાડૂઆતો વચ્ચેના વિવાદોનો નિર્ણય લેવામાં વિલંબ પર ચિંતા વ્યક્ત કરી છે. જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે બોમ્બે હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશને ત્યાં પેન્ડિંગ આવા કેસોની સમીક્ષા કરવા "અનુરોધ" કરી છે. સુપ્રીમ કોર્ટ 'પ્રતિ ચોરસ ફૂટ દર' અંગેના વિવાદ સંબંધિત હાઈકોર્ટના આદેશ સામેની અપીલોની સુનાવણી કરી રહી છે. આ કેસ હિન્દુસ્તાન ઓર્ગેનિક કેમિકલ્સ લિમિટેડ દ્વારા મુંબઈમાં 'હરચંદ્રાય હાઉસ' ભાડે આપવા સંબંધિત છે.

### 'ઓપરેશન સિંદૂર' પછી ચીન સાથે પહેલી બેઠક

# ટ્રેડ ડીલ માટે US પ્રતિનિધિ મંડળ ૭ દિવસ ભારતમાં રોકાશે

### વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત-અમેરિકાના દ્વિપક્ષી વેપારને ૫૦૦ અબજ ડોલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ટ્રેડ ડીલને ઝડપી બનાવવાના હેતુથી અમેરિકાનું પ્રતિનિધિમંડળ ભારત આવ્યું છે. ૪ જૂથી ૧૦ જૂન સુધી યુએસ પ્રતિનિધિ મંડળ ભારતમાં રોકાશે. અહીંયા બંને દેશના પ્રતિનિધિ મુખ્યત્વે ટેરિફમાં ઘટાડા મારફતે બંને દેશના બજારોને ખોલવા અને સપ્લાય ચેનના એકીકરણને બહેતર બનાવવા બાબતે વાટાઘાટો કરી રહ્યા છે. દ્વિપક્ષી વેપાર કરારના પ્રથમ તબક્કામાં બંને દેશને લાભદાયી હોય તેવા પાસા પર સંમતિ સાધવા પપ્રયાસ થઈ રહ્યા છે. દ્વિપક્ષી વેપારમાં બંને દેશને સરખો લાભ થાય તે હેતુ સાથે વાટાઘાટો ચાલી રહી છે. એડિશનલ યુએસ ટ્રેડ રીપ્રેઝન્ટેટિવના વડપણ હેઠળ આવેલું પ્રતિનિધિ મંડળ એક અઠવાડિયુ ભારતમાં રોકાવાનું છે. બંને દેશ વચ્ચેના વેપારમાં મુખ્ય અચડણ ટેરિફની છે. કેટલીક વસ્તુઓ પર ટેરિફ વધારે છે, જ્યારે કેટલીક વસ્તુઓને ટેરિફમાં રાહત અપાયેલી છે. આ વિસંગતતા દૂર કરવાની સાથે સપ્લાય ચેન બહેતર બનાવવા વિચારણા થઈ હતી. ભારત અને અમેરિકા ૧૩ ફેબ્રુઆરીના રોજ દ્વિપક્ષી વેપારને ૨૦૩૦ના વર્ષ સુધીમાં ૫૦૦ અબજ ડોલરે પહોંચાડવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું હતું. રાજકીય અને આર્થિક રીતે ભારત-અમેરિકા વચ્ચેની નિકટતાને નક્કર સ્વરૂપ આપવા અને ૫૦૦ અબજ ડોલરનું લક્ષ્ય હાસલ કરવાના હેતુને વાટાઘાટોમાં પ્રાથમિકતા અપાઈ હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યુ હતું. સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીમાં બંને દેશને લાભ થાય તેવા દ્વિપક્ષી વેપાર કરાર કરવાનું આયોજન છે, જેના પ્રથમ પડાવ તરીકે વાટાઘાટો શરૂ કરવામાં આવી છે. અગાઉ ૧૭થી ૨૨ મે દરમિયાન ભારતનું પ્રતિનિધિ મંડળ ચાર દિવસ અમેરિકામાં રોકાયું હતું.ઓપરેશન સિંદૂર બાદ ભારત અને ચીનના ટોચના રાજદ્વારીઓ વચ્ચે દ્વિપક્ષી સંબંધ બાબતે પ્રથમ વખત ચર્ચા થઈ છે. જેમાં મુખ્યત્વે ગત વર્ષે બંને દેશના વડાઓએ સંમતિ આપી હોય તેવા પાસાઓ અંગે ચર્ચા થઈ હતી. ભારતના ચીન ખાતેના રાજદૂત પ્રદીપ કુમાર રાવત અને ચીનના નાયબ વિદેશ મંત્રી સુન વેઈડોન્ગ વચ્ચે મંત્રણા થઈ હતી. બંને પક્ષે એકબીજાને સહકાર આપવા તત્પરતા દાખવી હોવાનું ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યુ હતું. કેટલાક સમાન મુદ્દાઓ અંગે બંને દેશ દ્વારા પોતાના દૃષ્ટિકોણ રજૂ થયા હતા. પૂર્વીય લદાખમાં બંને દેશના સૈન્ય ચાર વર્ષથી સામ-સામે આવી ગયા છે. આ તણાવ ઘટાડવાની કવાયતના ભાગરૂપે કૈલાશ માનસરોવર યાત્રા ફરી શરૂ કરવા ચીને મંજૂરી આપી છે અને બેઠકમાં તેની તૈયારીને આખરી ઓપ અપાયો હતો. ઉલ્લેખનીય છે કે, કોરોનાના કારણે ૨૦૨૦ના વર્ષથી કૈલાસમાનસરોવર યાત્રા અટકાવી દેવાઈ છે. આ વર્ષે જૂનથી ઓગસ્ટ દરમિયાન ઉત્તરાખંડના લિપુલેખ અને સિક્કિમના નાથુલાના રૂટ પર આ યાત્રા યોજાશે.

### હવે ગામડામાં પણ મળશે 250 Mbpsની સ્પીડે ઇન્ટરનેટ

# એલોન મસ્કની સ્ટારલિંકને ભારતમાં મંજૂરી આપવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।




ભારત સરકારે, તાજેતરમાં જ એલોન મસ્કની કંપની સ્પેસએક્સને ભારતમાં 'સ્ટારલિંક પ્રોજેક્ટ'ને વિકસાવવાની મંજૂરી આપી દીધી છે. આ પ્રોજેક્ટ થકી દુનિયાના કોઈપણ ખૂણે સરળતાથી હાઈ-સ્પીડ ઈન્ટરનેટ ઉપલબ્ધ થઈ શકે છે, કારણ કે આ ટેકનોલોજીમાં કોઈ કેબલ દ્વારા નહીં, પણ ડાયરેક્ટ સેટેલાઈટના માધ્યમથી ઈન્ટરનેટ સેવા આપણા સુધી પહોંચે છે. હવે આ પ્રોજેક્ટને ભારતમાં વિકસાવવાની મંજૂરી સરકારે આપી દીધી છે, તેથી આ નવી ટેકનોલોજી દ્વારા ભારતના છેવાડાના વિસ્તારોમાં પણ હાઈ-સ્પીડ ઈન્ટરનેટ મળી રહેશે. ભારતના ઘણા ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં બ્રોડબેન્ડ અથવા મોબાઈલ ઈન્ટરનેટ એક્સેસ હજુ પણ મર્યાદિત છે. સ્ટારલિંક આ વિસ્તારોમાં પણ ઝડપી ઈન્ટરનેટ પ્રદાન કરવાનો દાવો કરે છે. કંપનીનું ધ્યાન ખાસ કરીને ગ્રામીણ અને ઈન્ટરનેટથી વંચિત વિસ્તારો પર રહેશે, જ્યાં પરંપરાગત ઈન્ટરનેટ પ્રદાન કરવું મુશ્કેલ છે. આ માટે ભારત સરકારે સ્ટારલિંકને ભારતમાં ઈન્ટરનેટ સેવાઓ શરૂ કરવા માટે લાઈસન્સ આપ્યું છે, જેથી તે હવે દેશમાં સેટેલાઈટ ઈન્ટરનેટ સેવાઓ શરૂ કરી શકે છે. આ લાઈસન્સ ભારતના ટેલિકોમ્યુનિકેશન મંત્રાલય દ્વારા જારી કરવામાં આવ્યું છે. સ્ટારલિંક આ મંજૂરી મેળવનારી ભારતની ત્રીજી કંપની બની છે; અગાઉ રિલાયન્સ જિયો અને યુટેલસેટના વનવેબને આ લાઈસન્સ મળ્યું છે. સ્ટારલિંક એ અમેરિકન અબજોપતિ અને સ્પેસએક્સના માલિક એલોન મસ્કની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા છે.

## બિહારમાં કાયદો-વ્યવસ્થા કથળતા ક્રાઈમ કેપિટલ બન્યુંઃ રાહુલ ગાંધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ બિહારમાં નીતિશ કુમારના નેતૃત્વ ધરાવતી એનડીએની સરકાર પર કાયદો અને વ્યવસ્થાના મુદ્દે પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી છે અને બિહાર દેશનું ક્રાઈમ કેપિટલ બની ગયું છે. નાલંદાના રાજગિર ખાતે સંવિધાન સુરક્ષા સંમેલનને સંબોધતા લોકસભામાં વિપક્ષના નેતાએ ટ્રમ્પ દ્વારા ભારત-પાક. ઘર્ષણને અટકાવવા સિઝફાયર કરાવ્યું હોવાના દાવા સામે પીએમ નરેન્દ્ર મોદીના મૌનની ટીકા પણ કરી હતી. કોંગ્રેસ પ્રમુખે વધુમાં ઉમેર્યું કે, બિહાર એક સમયે શાંતિ અને ન્યાયની ભૂમિ ગણાતી હતી પરંતુ હવે તે ગુનાનું પાટનગર બની ગયું છે. દેશમાં યોગ્ય રીતે જાતિ આધારે વસ્તી ગણતરી હાથ ધરાવાના મામલે રાહુલે શંકા વ્યક્ત કરી હતી.

### અમેરિકન કોર્ટનો ટ્રમ્પને મોટો ઝટકો

# હાર્વર્ડ યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓ આવી શકશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।



અમેરિકાની કોર્ટે રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ઝટકો આપી હાર્વર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરનારા વિદેશી વિદ્યાર્થીઓને મોટી રાહત આપી છે. અમેરિકન સરકારે યુનિવર્સિટીમાં વિદેશી વિદ્યાર્થીઓને ભણાવવા પર મનાઈ ફરમાવી હતી, ત્યારે ટ્રમ્પ સરકારના આ નિર્ણય પર કોર્ટે અસ્થાયી રોક લગાવી દીધી છે. અમેરિકાની કોર્ટે હાર્વર્ડ યુનિવર્સિટીની તરફેણમાં નિર્ણય સંભળાવતા ત્યાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ખુશ થઈ ગયા છે.

સરકારના આદેશ બાદ હાર્વર્ડમાં વિદેશી વિદ્યાર્થીઓના એડમિશન પર પ્રતિબંધ લગાવાયો હતો, જેને લઈને હાર્વર્ડે વિરોધ નોંધાવી કોર્ટમાં અરજી દાખલ કરી હતી. હવે આ મામલે કોર્ટે હાર્વર્ડની તરફેણમાં નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે હાર્વર્ડની ફરિયાદની તરફેણમાં ચુકાદો આપ્યો છે. અરજીમાં દલીલ કરાઈ હતી કે, રાષ્ટ્રપ્રમુખના પગલાંએ અગાઉના મનાઈ હુકમનું ઉલ્લંઘન કર્યું છે અને યોગ્ય પ્રક્રિયાને નજર અંદાજ કરી છે. છેલ્લા કેટલાક મહિનાઓથી હાર્વર્ડ અને ટ્રમ્પ સરકાર વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. હાર્વર્ડનું ભંડોળ પણ બંધ કરી દેવાયું છે, જેના કારણે વિદ્યાર્થીઓને દેશ છોડવો પડ્યો છે. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં ઘણા વિદ્યાર્થીઓના વિઝા પણ રદ કરાયા છે. વર્તમાન પરિસ્થિતિના કારણે વિદ્યાર્થીઓ અહીં પ્રવેશ લેવામાં મુશ્કેલી અનુભવી રહ્યા છે. યુએસ ડિસ્ટ્રીક્ટ જજ એલિસન બરોજે હાર્વર્ડને બે પાનાનો કામચલાઉ પ્રતિબંધ હુકમ આપ્યો છે. હુકમમાં લખાયું છે કે, જ્યાં સુધી કેસ પેન્ડિંગ છે, ત્યાં સુધી રાષ્ટ્રપ્રમુખના આદેશને અટકાવવાનો આદેશ અપાયો છે.

### હવે સરકારી ભરતી કરવાની પણ શરૂઆત કરી

# ઓલિમ્પિક ૨૦૩૬ ના આયોજનમાં ગુજરાત સરકારે વધુ એક પગલું ભર્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગુજરાતના અમદાવાદમાં ૨૦૩૬ ઓલિમ્પિક ગેમ્સની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. આ માટે હવે સરકારી ભરતી કરવાની પણ શરૂઆત કરી છે. સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા ૧૬૩ નવી ભરતી કરવાની છે. આ ભરતી કઈ કઈ હશે તે જોઈ લો.

ગુજરાતમાં ઓલિમ્પિક સહિત આંતરરાષ્ટ્રીય રમતો માટેની તૈયારી ચાલી રહી છે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતમાં આ માટે વધુ ૧૬૩ જગ્યાઓ ઉભી કરાઈ છે. વર્ગ-૧ થી વર્ગ-૩ ની જગ્યાઓમાં ભરતી માટે મંજૂરી અપાઈ છે. રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગે આ ભરતી માટે મંજૂરી આપી છે.

વર્ષ ૨૦૩૬ માં ગુજરાતમાં ઓલિમ્પિક રમતો માટે રાજ્ય સરકાર પૂરજોશથી તૈયારી કરી રહ્યું છે. વિવિધ રમતો સાથે જોડાયેલા કોચને વહીવટી કાર્યમાં જોડવા બાબતે તાજેતરમાં વિવાદ થયો હતો. નવી જગ્યાઓમાં નાયબ નિયામકથી લઈ જુનિયર કારકુનની વિવિધ કેડરમાં ભરતીને મંજૂરી આપવામાં આવી છે. ઓલિમ્પિક ગુજરાતમાં રમાનારું છે એ લગભગ ફાઈનલ છે. ત્યારે આ માટે ગુજરાતના પ્રતિનિધિ મંડળને લંડન મોકલવામાં આવ્યું હતું. જે માટે રાજ્યના રમતગમત મંત્રી હર્ષ સંઘવી, શહેરી વિકાસ વિભાગના અગ્ર સચિવ અશ્વિનીકુમાર, એમ થૈનારસન અને બંછાનીથી પાની લંડનની મુલાકાતે જઈ આવ્યા. તેઓએ કોમનવેલ્થ ટીમની મુલાકાત લીધી હતી.

### પતિએ કંપારી છૂટી જાય તેવું પગલું ભર્યું

# સુરતમાં પતિ-પત્નીના ઝઘડામાં ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

## જમવાની બાબતમાં પત્ની સાથે ઝઘડો થયો હતો જે બાદ આવેશમાં આવીને પતિ વિજયભાઈએ અંતિમ પગલું ભર્યું હતું

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતઃ શહેરમાં પતિ-પત્નીના ઝઘડામાં ત્રણ સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી છે. પતિ-પત્ની વચ્ચે થયેલા સામાન્ય ઝઘડામાં પિતએ અંતિમ પગલું ઉઠાવતા આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી છે. જમવા જેવી સામાન્ય બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થયો હતો. શહેરના વેસુ વિસ્તારમાં રહેતા પતિ-પત્ની વચ્ચે જમવા જેવી સામાન્ય બાબતે તકરાર થઈ હતી. જમવાનું નહીં આપવા બાબતે ઝઘડો થયો હતો. જે બાદ ૨૫ વર્ષીય યુવકે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ૨૫ વર્ષીય વિજયભાઈ લક્ષ્મણભાઈએ પત્ની સાથે ઝઘડો થતાં મોતને વ્હાલું કર્યું છે.નોકરી પરથી આવ્યા બાદ જમવાની બાબતમાં પત્ની સાથે ઝઘડો થયો હતો. જે બાદ આવેશમાં આવીને પતિ વિજયભાઈએ અંતિમ પગલું ભર્યું હતું. જોકે, મૃતક ત્રણ સંતાનોનો પિતા હતો. યુવકના આપઘાતને પગલે ત્રણ સંતાનોએ પિતાના છત્રછાયા ગુમાવી છે.

### ૨૫૧ કિલો લાડુ અને ૧૦૮ કિલો સુખડીનો અન્નકૂટ

# ભીમ અગિયારસે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને અન્નકૂટ ધરાવાયો

। (એજન્સી) સાળંગપુર, તા.૭ ।

સુપ્રસિદ્ધયાત્રાધામસાળંગપુર ધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી તારીખઃ ૦૭-૦૬-૨૦૨૫ ને શનિવારના રોજ સાળંગપુરમાં દાદાને શણગાર ધરાવવામાં આવ્યો છે. આજે શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને વિશેષ વાઘા પહેરાવ્યા હતા. સવારે ૫ઃ૩૦ કલાકે મંગળા આરતી અને સવારે ૭ઃ૦૦ કલાકે પૂજારી સ્વામી દ્વારા શણગાર આરતી કરવામાં આવી હતી. શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજીને ૨૫૧ કિલો લાડુ અને ૧૦૮ કિલો સુખડીનો અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો. મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજારી સ્વામીએ જણાવ્યું કે, આજે ભીમ અગિયારસ નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને ૨૫૧ કિલો લાડુ અને ૧૦૮ કિલો સુખડીનો અન્નકૂટ ધરાવાયો છે. આ સાથે આજે સાળંગપુર હનુમાનજી મંદિરે ભક્તોનું ઘોડાપૂર છે તમામ ઉતારા અને પાર્કિંગ ફુલ જોવા મળ્યું હતું. તેમજ હજારો ભક્તોએ પ્રત્યક્ષ દિવ્ય દર્શનનો તેમજ મહાપ્રસાદનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. મંદિર પરિસરમાં આવેલ યજ્ઞશાળામાં મારુતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે ભીમ અગિયારસ નિમિત્તે શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીને ૨૫૧ કિલો લાડુ અને ૧૦૮ કિલો સુખડીનો અન્નકૂટ ધરાવાયો છે.

## દ્વારકામાં ગોમતી નદીમાં નહાવા પર પ્રતિબંધ મુકાયો

। (એજન્સી) દેવભૂમિ દ્વારકા, તા.૭ ।

દેવભૂમિ દ્વારકાની ગોમતી નદીમાં અવાર-નવાર યાત્રિકો ડૂબતા હોવાની ઘટના બનતી હોય છે. ત્યારે ગઈકાલે ગુરુવારે જામનગરના સાત યાત્રીઓ ગોમતી નદીમાં ડૂબ્યા હતા. આ ઘટનામાં એક યુવતીનું મોત નીપજ્યું હતું. ગોમતી નદીમાં અવાર-નવાર ડૂબવાની ઘટના સામે આવે છે, ત્યારે લોકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા નદીમાં લોકોને નહાવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જિલ્લા કલેકટરના ફરમાન બાદ ગોમતી ઘાટ પર ચસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. દ્વારકાની ગોમતી નદીમાં અવાર-નવાર યાત્રિકો ડૂબતા હોવાની ઘટના બનતી હોય છે. ત્યારે ગઈકાલે ગુરુવારે (૫ જૂન) જામનગરના સાત યાત્રીઓ ડૂબી જતાં દોડધામ મચી જવા પામી હતી. સાત યાત્રીઓમાં ચાર યુવક અને ત્રણ યુવતીઓ હતા. યાત્રીઓને ડૂબવાની ઘટનાને લઈને સ્થાનિક લોકો અને ફાયરની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. આ ઘટનામાં એક યુવતીનું મોત નીપજ્યું હતું, મૃતક યુવતીની ઓળખ ભાગ્યેશ્વરી તરીકે થઈ હતી. જ્યારે ૬ યાત્રાળુઓને બચાવી લેવામાં આવ્યા હતા. સમગ્ર ઘટનામાં બે મહિલાઓની હાલત ગંભીર હોવાથી વધુ સારવાર અર્થે જામનગર ખસેડવામાં આવી હતા. નોંધનીય છે કે, છેલ્લા એક મહિનામાં ડૂબવાની ત્રણ ઘટના બની છે.

## ૮ હજાર રૂપિયાની નકલી ચલણી નોટ સાથે યુવકની કરાઇ ધરપકડ

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતના અમરોલી વિસ્તારમાં એક યુવકની ધરપકડ કરવામાં આવી છે. આ યુવક નકલી નોટ સાથે ઝડપાયો છે. અમરોલી પોલીસે યુવકની ધરપકડ કરીને આગામી તપાસ હાથ ધરી છે. અમરોલી પોલીસે નકલી ચલણી નોટ વટાવવા ગયેલા એક યુવકને ઝડપી પાડ્યો હતો. પોલીસે ૮ હજાર રૂપિયાની નકલી ચલણી નોટ જપ્ત કરી છે. ૧૦૦ રૂપિયાના દરની ૨૨, અને ૨૦૦ રૂપિયાના દરની ૨૯ નોટો જપ્ત કરવામાં આવી છે.સુરતના અમરોલી વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે એક યુવકની ધરપકડ કરી હતી. સુધીત પોદાર નામનો યુવક નકલી ચલણી નોટો સાથે ઝડપાયો હતો. સુધીત પોદાર, છાપરા ભાઠાના પિયુષ ટેલિકોમ સંસ્થામાં નોટ વટાવા ગયો હતો. તે દરમિયાના પોલીસે વોચ ગોઠવી યુવકને રંગે હાથ ઝડપી પાડ્યો હતો. આરોપી કોની પાસેથી નકલી નોટ લાવ્યો હતો અને કોને કોને આવી નકલી નોટ આપી છે તે બાબતે તપાસ શરૂ કરવામાં આવી છે. પોલીસે આરોપી પાસેથી એક મોબાઈલ પણ જપ્ત કર્યો હતો. સુરતમાં વધી રહેલા ગુનાઓના પ્રમાણને ડામવા માટે પ્રયત્ન હાથ ધરાયા છે.

# અમદાવાદ GPO ખાતે રેશન કાર્ડ ધારકો માટે આજે વિશેષ e-KYC કેમ્પનું આયોજન

। અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ શહેરના તમામ રેશન કાર્ડ ધારકોના લાભાર્થે, અમદાવાદ જનરલ પોસ્ટ ઓફિસ (GPO), મિરઝાપુર ખાતે એક દિવસીય વિશેષ રેશન કાર્ડ e-KYC કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ જાહેર જનતાની સુવિધા માટે ખાસ આજે રવિવાર, તારીખ ૮ જૂન, ૨૦૨૫ ના રોજ યોજાશે.

સરકારશ્રીના નિયમો મુજબ, જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ મળતા અનાજ અને અન્ય લાભોને નિરંતર ચાલુ રાખવા માટે તમામ લાભાર્થીઓએ તેમના રેશન કાર્ડનું e-KYC (ઈલેક્ટ્રોનિક નો યોર કસ્ટમર) કરાવવું ફરજિયાત છે. જે નાગરિકો આ પ્રક્રિયા પૂર્ણ કરવામાંથી બાકી છે, તેમના માટે આ કેમ્પ એક સુવર્ણ તક છે. આ કેમ્પ સવારે ૦૮:૦૦ વાગ્યાથી રાત્રે ૦૮:૦૦ વાગ્યા સુધી ચાલશે, જેથી નાગરિકો પોતાની અનુકૂળતાએ તેનો લાભ લઈ શકે. e-KYC ની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે, લાભાર્થીઓએ કેટલાક જરૂરી દસ્તાવેજો સાથે લાવવાના રહેશે. આ દસ્તાવેજોમાં તેમનું રેશન કાર્ડ, આધાર કાર્ડ, અને આધાર કાર્ડ સાથે લિંક થયેલો મોબાઈલ નંબર શામેલ છે. OTP મેળવવા માટે આધાર લિંક મોબાઈલ નંબર અનિવાર્ય હોવાથી, તે સાથે લાવવો ખાસ જરૂરી છે. આ દસ્તાવેજો વિના e-KYC ની પ્રક્રિયા શક્ય બનશે નહીં, આથી સૌને તે સાથે રાખવા ભારપૂર્વક જણાવવામાં આવે છે.

રવિવારની રજાના દિવસે આયોજિત આ કેમ્પનો લાભ લેવા માટે અમદાવાદ જનરલ પોસ્ટ ઓફિસ દ્વારા તમામ બાકી રહેલા રેશન કાર્ડ ધારકોને અપીલ કરવામાં આવે છે. સૌ કોઈ આ તકનો લાભ લઈ પોતાનું e-KYC અવશ્ય પૂર્ણ કરાવે, જેથી ભવિષ્યમાં તેમના મળવાપાત્ર લાભોમાં કોઈ અડચણ ન આવે.

# સુરતના માંગરોળની કંપનીમાં ટાંકી સાફ કરતી વખતે ગેસ ગળતર થતાં બે કામદારોના મોત

। (એજન્સી) સુરત, તા.૭ ।

ગુજરાતમાં ગેસ ગળતરની ઘટના સામે આવતી હોય છે, ત્યારે સુરતના માંગરોળના નાના બોરસરામાં ગેસ ગળતરના કારણે બે મજૂરોના મોત નીપજ્યા હોવાનું સામે આવ્યું છે. ટાંકી સાફ કરવા ઉતર્યા હતા, ત્યારે ગેસ ગળતરની દુર્ઘટના સર્જાઈ હતી. સમગ્ર મામલે કોસંબા પોલીસ ઘટનાસ્થળે પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે જણાવ્યું હતું કે, અંકલેશ્વરની હોસ્પિટલમાંથી અમને બે કામદારોના મોત નીપજ્યા હોવાની જાણ થઈ હતી. જેમાં યુપી અને બિહારના બે કામદારુનું જેરી દવાની અસરથી મોત થયું હોવાનું સામે આવ્યું હતું. જેને લઈને બે મંગલમુર્તિ બાયોટેક કંપનીની સ્થળ તપાસ માટે આવ્યા છીએ. સુરતના માંગરોળના નાના બોરસરા પાસે આવેલી મંગલમૂર્તિ કેમિકલ કંપનીમાં રિએક્ટરના મેન્ટેનન્સ દરમિયાન ટાંકી સાફ કરવાની કામગીરી વખતે ગેસ ગળતરની ઘટના બની હતી. જેમાં રાજન શર્મા અને રાજન સિંગ નામના બે કામદારોને ઝેરી ગેસની અસર થતાં તાત્કાલિક અંકલેશ્વરની જયાબહેન મોદી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં વધુ સારવાર મળે તે પહેલા જ બંને શ્રમિકોના મોત નીપજ્યા હતા. બંને મૃતક કામદારો છેલ્લા ૨ વર્ષથી કંપનીમાં કામ કરતાં હોવાનું સામે આવ્યું છે. ગેસ ગળતરની ઘટનાને લઈને કોસંબા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં બાળ મજૂરીનો મામલો ગરમાયો ।

# પ.બંગાળ પોલીસ તપાસ માટે રાજકોટ પહોંચી

## રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પશ્ચિમ બંગાળના ૧૯ જેટલા બાળમજૂરોને મુક્ત કરાવવામાં આવ્યા હતા

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

રાજકોટમાં ૧૯ જેટલા પશ્ચિમ બંગાળના બાળકોને ગોંધી રાખી તેમની પાસે બાળ મજૂરી કરાવવા મામલે ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કર્યા બાદ પશ્ચિમ બંગાળ એક્શનમાં આવી ગઈ છે. પશ્ચિમ બંગાળ પોલીસે આ મામલે તપાસ માટે રાજકોટમાં પહોંચી છે. તૃણમુલ કોંગ્રેસના ટ્વીટ બાદ ગણતરીના કલાકોમાં રાજકોટ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા પશ્ચિમ બંગાળના ૧૯ જેટલા બાળમજૂરોને મુક્ત કરાવવામાં આવ્યા હતા. રાજકોટ શહેર પોલીસની તપાસમાં મૌલા છેલ્લા ચાર પાંચ વર્ષથી બાળમજૂરી કરાવતો હોવાનું ખુલ્યું છે. ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને લખ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ડબલ એન્જિનવાળા રાજ્ય ગુજરાતમાં માત્ર બાળમજૂરી ચાલતી નથી, પરંતુ તેની સાથે અમાનવીય વર્તન પણ કરવામાં આવે છે.

કાલનાના ગણેશ દુર્લભ નામના એક બાળકને ગુજરાતની એક જ્વેલરી ફેક્ટરીમાં કામ કરવા મજબૂર કરવામાં આવ્યો હતો, જ્યાં તેની સાથે નિર્દયતાથી મારપીટ કરવામાં આવી, જેથી તેને ગંભીર ઈજાઓ અને ઘેરો આઘાત લાગ્યો છે. ભાજપ બંગાળ પ્રત્યેના તિરસ્કારના લીધે આપણા લોકો સાથે ખુલ્લેઆમ ધૃણાસ્પદ કૃત્યો કરે છે. મળતી માહિતી મુજબ, રાજકોટ શહેર પોલીસને બાતમી મળી હતી કે, શહેરના બેડીચોક નજીક ગોપાલ રેસિડેન્સીની શેરી નંબર ૧ના એક મકાનમાંથી ૧૯ બાળમજૂરોને મુક્ત કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ગુરુવારે (૫ જૂન) રાત્રે કાર્યવાહી હાથ ધરી તમામ બાળકોને મુક્ત કરાવી તેમને મેડિકલ ચેકઅપ માટે મોકલવામાં આવ્યા છે. જેમાં તપાસ કરવામાં આવશે કે, બાળકો સાથે કોઈ બળજબરી કે શારીરિક હિંસા કરવામાં આવી છે કે કેમ? પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, બાળકોને ઈમિટેશનના કામ માટે રાખવામાં આવ્યા હતા.

પ્રાથમિક તપાસમાં જાણ થઈ છે કે, આ તમામ બાળકો મૂળ પશ્ચિમ બંગાળના રહેવાસી છે અને ઈમિટેશનનું કામ કરાવવા માટે અહીં લાવવામાં આવ્યા હતા. કોન્ટ્રાક્ટર બાળકોને અલગ-અલગ સમયે છેલ્લાં ૨ વર્ષથી રાજકોટ ગોંધી રાખ્યા હતા, તે આ તમામ બાળકો પાસે બાળમજૂરી કરાવતો હતો. જે ઘરમાંથી બાળકો મળી આવ્યા તેના માલિકનું નામ બાબુભાઈ બાળા હોવાનું સામે આવ્યું છે. જોકે, આ મામલે મકાન માલિકે ભાડા કરાર કર્યો છે કે નહીં તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી છે. જો ભાડાકરાર કરવામાં નહીં આવ્યો હોય તો જાહેરનામાના ભંગનો પણ ગુનો દાખલ કરવામાં આવશે.

# નવસારીના બેરોજગાર ૨૧ વર્ષના યુવકે ડ્રીમ ગર્લ બની કાંડ કર્યા

। (એજન્સી) નવસારી, તા.૭ ।

નવસારીમાં ડ્રીમ ગર્લ બનીને એક યુવાને સોશ્યલ મીડિયાના માધ્યમથી યુવાનોને છેતરીને રૂપિયા પડાવનાર યુવાનને નવસારી સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડ્યો છે. નવસારીના ચીખલી તાલુકાના આલીપોર ગામનો ૨૧ વર્ષીય વિનય નાયકા બેરોજગાર હતો. પરંતુ પોતાની કડકી દૂર કરવા માટે વિનય ડ્રીમ ગર્લ બની ગયો હતો. વિનયે સોશ્યલ મીડિયામાં પ્રિન્સુ નામથી યુવતીનું ફેક એકાઉન્ટ બનાવી, ચીખલી વિસ્તારના જ યુવાનોને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી હતી. બાદમાં જે યુવાન એનો ફ્રેન્ડ બન્યો, એની સાથે પ્રથમ ચેટ અને બાદમાં મોબાઈલ ફોન ઉપર યુવતીના અવાજમાં તેની સાથે પ્રેમભરી વાતો શરૂ કરી હતી. આજ રીતે વિનયે ચીખલીના થાલા ગામના રોનક હળપતિને પોતાની જાળમાં ફસાવ્યો હતો. વિનય યુવતીના અવાજમાં રોનક સાથે દોસ્તી કરી, તેને પ્રેમભરી વાતો કરતો હતો. પ્રિન્સુ ઉર્ફે વિનયની પ્રેમજાળમાં ફસાયેલા રોનકે તેને ડ્રેસ તેમજ તેની બીમારીના ઉપચાર માટે ટૂકડે ટુકડે ૧૨ હજાર રૂપિયા મોકલાવ્યા હતા. દરમિયાન રોનકે તેના મિત્રને પ્રિન્સુ તેની ગર્લફ્રેન્ડ હોવાનું જણાવતા, મિત્રએ તેની ગર્લફ્રેન્ડ પણ પ્રિન્સુ હોવાનું અને તેણે પણ રૂપિયા કઢાવ્યા હોવાનું કહેતા બંને મૂંઝાયા હતા. બંનેએ સોશ્યલ મીડિયા થકી મિત્રતા કેળવી હોવાનું સામે આવતા પ્રિન્સુનું એકાઉન્ટ પણ એક જ જણાયું હતું. જેથી કોઈ તેમની સાથે છેતરપિંડી આચરીને રૂપિયા પડાવી રહ્યો હોવાનું જાણતા, રોનક હળપતિને નવસારી સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. આ દરમિયાન સાયબર ક્રાઈમ પોલીસે ટેકનિકલ સર્વેલન્સની મદદથી પ્રિન્સુના સોશ્યલ મીડિયા એકાઉન્ટને તપાસતા એને આલીપોરનો વિનય નાયકા ઉપયોગ કરતો હતો. જેથી પોલીસે વિનયને અટકમાં લઈ કડકાઈથી પૂછપરછ કરતા વિનય ભાંગી પડ્યો હતો અને પોતે જ પ્રિન્સુના ફેક એકાઉન્ટથી યુવાનો સાથે મિત્રતા કેળવી, તેમની સાથે યુવતીના અવાજમાં પ્રેમભરી વાતો કરીને રૂપિયા મેળવતો હોવાની કબૂલાત કરી હતી. જેથી પોલીસે વિનય નાયકાની ધરપકડ કરી આગળની તપાસ આરંભી છે.

# મેટ્રો ટ્રેનના કેબલની ચોરી કરતી આંતરરાજ્ય ગેંગ અંતે ઝડપાઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

ભારતના મેટ્રો સ્ટેશનના કેબલ ચોરી કરતી આંતરરાજ્ય ગેંગનો પર્દાફાશ થયો છે. ગાંધીનગર પોલીસે ખેકડા ગેંગના ચાર શખ્સોને પહેલીવાર મુદ્દામાલ સાથે પકડી લીધા છે. આ સાથે જ કુલ ૩૫ ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા હાથ લાગી છે. કુલ ૧૦૦ જેટલા ગુનાઓમાં સંડોવાયેલી આ ગેંગના હજુ પણ નવા ગુનાઓનો પર્દાફાશ થઈ શકે છે. આ ગુનેગારોની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી સાંભળીને પોલીસ પણ ચોંકી ઉઠી હતી. ગાંધીનગર તેમજ અમદાવાદ શહેરના મેટ્રો લાઈનની કેબલ ચોરી ઉપરાંત મહારાષ્ટ્ર, દિલ્હી, પુણે જેવા મેટ્રો સ્ટેશનના કેબલ ચોરી કરતી ગેંગને ગાંધીનગર પોલીસે પકડી લીધી છે. આ ગુનેગારોની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી અંગે ગાંધીનગરના પોલીસ અધિક્ષક રવિ તેજા વાસમશેટ્ટીએ જણાવ્યું કે મેટ્રો ટ્રેન ટ્રેક પરથી વાયરની ચોરી કરતી ગેંગના ૧૦૦થી વધુ ગુના છે. જેમાં ગુજરાતમાં કોબા, વેજલપુર અને શાહપુરમાં કુલ ત્રણ ગુના દાખલ થયેલા છે. આ ગેંગના પકડાયેલા ચાર આરોપીઓ પાસેથી કુલ મળી ૩૫ ગુનાની વિગત પોલીસ પાસે મળી છે. કલોલમાંથી ચાર આરોપીઓને ૧૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. આગામી તપાસમાં હજુ બીજા અન્ય ગુનાઓ ડિટેક્ટ થશે. ચોરી કરવાની આ ગુનેગારોની મોડસ ઓપરેન્ડી એવી છે કે જે શહેરોમાં મેટ્રો સ્ટેશન છે ત્યાં આ ગેંગ બેથી ત્રણ મહિના પહેલા પહોંચી જતી હતી. ગુનેગારોની આ ટોળકીમાં કુલ ૧૩ સભ્યો રહેતા હતા. મેટ્રોના કેબલની ચોરી કરતા પહેલા આ ગેંગના સભ્યો મેટ્રોમાં બેસી રેકી કરતા. કેબલ ચોરી કરવા જતા સમયે ચારથી પાંચ લોકો મેટ્રોના ટ્રેક પર જતા. જ્યારે સાતથી આઠ લોકો ચોરી કરાયેલા કેબલને સમેટવા માટે નીચે રહેતા હતા. જ્યારે એક ઈસમ કારમાં સવાર રહેતો હતો. પકડાયેલા ચાર આરોપીઓમાં મુસરફ મુલેજાટ, રાશિદ ધોબી, રાશીદ અન્સારી, ઈર્શાદ મલિક છે. જ્યારે હજુ શહેઝાદ મલિક, આમિર મલિક, આરીફ મલિક, ઈકબાલ મલિક, ઈમરાન મલિક, આરીફ રફીક, સોનુ કસાર, અર્શદ મલિક, બિલાલ કુરેશી, રાજા કુરેશી, માસુમ મલિક હજુ પોલીસ પકડથી દૂર છે.

